અક્ષરના દીવા

આચાર્ય વિજયરાજરત્નસૂરિ

સાહિત્યયાત્રાનો સત્કાર

આત્મીય પૂ. આચાર્યભગવંતશ્રી સપરિવાર!
વંદના... શાતામાં હશો...

પૂ.આ. હંસકીર્તિસૂરિ મ. ઉપર મોકલેલ બંને ગ્રંથો ઉપર ઉપરથી જોયા. પરિણતિસૌંદર્યનો લેખ વાંચ્યો. નવોદિત સાહિત્યકાર મુનિશ્રી અક્ષયરત્નવિજયજીની કલમ ઘણી સુંદર છે.

તમોએ વિદ્વાન – તપસ્વી શિષ્યોને તૈયાર કરવાનો જે પરિશ્રમ ઉઠાવ્યો હતો તે લેખે લાગ્યો છે. આવા ઉત્તમ ગ્રંથો જૈન સંઘને વધુ ને વધુ આ મહાત્મા દ્વારા મળતા રહે એ જ શુભેચ્છા.

- પૂ. મુનિરાજ શ્રી હંસબોધિવિજયજી મ.સા.

श्रीलोढण–नागेश्वर–जीरावलापार्श्वनाथजिनेन्द्रेभ्यो नम:
श्री धर्मसूरिं प्रवरं नमामि * सूर्योदयं सूरिवरं नमामि

અક્ષરના દીવા

* લેખક *

પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક દર્ભાવતીતીર્થોદ્ધારક
પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર
સિદ્ધહસ્તસાહિત્યસર્જક તેજસ્વીવક્તા શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ
શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મહારાજ

* પ્રકાશક *

શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ. દર્ભાવતી – ડભોઈતીર્થ

ધર્મકૃપા પ્રકાશન * પુસ્તક ક્રમાંક-૧૭૭

✻ પ્રકાશક - પ્રાપ્તિસ્થાન ✻

શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ

શ્રી પરિમલભાઈ સી. શાહ

બી/૩, આદિનાથ ડુપ્લેક્ષ નં. ૧,
ત્રિલોકકુંજ સોસાયટી સામે,
જૈન મંદિર પાસે, માંજલપુર,
વડોદરા – ૩૯૦ ૦૧૧.
મો.: ૯૪૨૮૩ ૩૨૭૧૯

✻ પ્રકાશનતિથિ તથા સ્થળ ✻

વીર સં. ૨૫૪૮ ✻ વિ.સં. ૨૦૭૮. વૈશાખ વદિ–૬,
તા. ૨૧–૫–૨૦૨૨, શનિવાર. ૫૯ સંયમીઓના
૫૦૦ આયંબિલ તપમહોત્સવ અંતર્ગત ૨૮૦૦
તપસ્વીઓનો બહુમાનદિન.
'ધર્મ–સૂર્યોદય તપનગર', બોરીવલી–મુંબઈ.

✻ પ્રથમાવૃત્તિ પ્રત ✻

૧૫૦૦

મૂલ્ય : ₹ ૧૩૦/–

✻ મુદ્રક ✻

જયંત પ્રિન્ટરી એલ.એલ.પી.

૩૫૨/૫૪, ગીરગામ રોડ,
મુરલીધર મંદિર કંપાઉન્ડ,
ઠાકુરદ્વાર પોસ્ટ ઓફિસની બાજુમાં,
ઠાકુરદ્વાર, મુંબઈ–૪૦૦ ૦૦૨.
ફોન : ૪૩૪૬ ૭૧૭૧

દર્ભાવતીતીર્થાધિપતિ પ્રાચીન અને પ્રભાવશાલી અર્ધપદ્માસનસ્થ

શ્રી લોઢણપાર્શ્વનાથ ભગવાન

અંજનસમા વર્ણે રસ્યા પદ્માસનાર્ધે રાજતા, જે સપ્તફણથી શોભતા ને સપ્તભય ઓગાળતા;
દર્ભાવતીમંડન બની ભક્તોતણી ભીડ ભાંજતા, તે પાર્શ્વપ્રભુ લોઢણતણા પદકમલમાં પ્રેમે નમું...

ધર્મધામતીર્થાધિનાયક ચૌદ ફુટ ઉત્તુંગ નીલવર્ણા

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાન

ધર્મ–સૂર્યોદયધામતીર્થમંડન ચૌદ ફુટ ઉત્તુંગ પીતવર્ણા

શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાન

જૈનશાસનના મહાન જ્યોતિર્ધર પૂજ્યપાદ યુગદિવાકર આચાર્ય ભગવંત

શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ

જેની વચનલબ્ધિ થકી જિનમંદિરો શતશઃ થયા, અદ્‌ભુત શાસનકાર્ય જેના પુણ્ય ઉપદેશે થયા;
બની સંઘમાં સૂરજ સમા જે 'યુગદિવાકર' પદ વર્યા, તે ધર્મસૂરીશ્વરચરણમાં ભાવથી કરું વંદના...

વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થ પૂજ્યપાદ દર્ભાવતીતીર્થોદ્ધારક આચાર્ય ભગવંત

શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ

શ્રી ધર્મસૂરીશ્વરતણી ધર્મધ્વજા લહેરાવતા, શાસનતણાં બહુ કાર્યથી જિનધર્મજય ફેલાવતા;
બહુ શિષ્યકેરી સંપદાથી જેહ નિત્ય વિરાજતા, તે સૂરિસૂર્યોદયચરણમાં ભાવથી કરું વંદના.

હાર્દિક અનુમોદન

પૂજ્યપાદ શાસનપ્રભાવક ગુરુદેવ

આ.ભ. શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી

મ.સા.ના શિષ્યરત્ન

પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી

આગમરત્નવિજયજી ગણિવરની

પ્રેરણાથી

શ્રી દેવચંદનગર શ્વે.મૂ. જૈન સંઘ

મલાડ – પૂર્વ તરફથી

આ પ્રકાશનમાં ઉદાર લાભ લેવાયો છે.

પુણ્યવાન દાતાનું હાર્દિક અનુમોદન

- પ્રકાશક

परमोपास्य श्री लोढण-नागेश्वर-जीरावलापार्श्वनाथेभ्यो नम:

श्री धर्मसूरिं प्रवरं नमामि * सूर्योदयं सूरिवरं नमामि

તારી જ્યોતિને મેં જોઈ જ્યારે જ્યારે...

લેખકીય નિવેદન

આસન્નોપકારી ચરમતીર્થપતિ પરમાત્મા શ્રી મહાવીરદેવની સ્તુતિ કરતાં, શ્રી સુયગડાંગ આગમસૂત્રટીકામાં એક સ્થળે ત્રણ મજાના શબ્દો પ્રસ્તુત કરાયા છે : **દેહજ્યોતિ, જ્ઞાનજ્યોતિ અને શબ્દજ્યોતિ.** પ્રભુનો નિર્વિકાર અને ઉપશમભાવમંડિત દેહ જ્યોતિરૂપ બને, ત્રણ લોકના સર્વ ભાવોને પ્રકાશિત કરતું પ્રભુનું કેવલજ્ઞાન પણ જ્યોતિરૂપ બને; પરંતુ પ્રભુનાં મુખેથી વહેતા શબ્દો ય જ્યોતિરૂપ બને એ જાણીએ ત્યારે અંતર એ શબ્દો પર અહોભાવથી ઓળઘોળ થઇ જાય. સામર્થ્ય છે એ પાવન શબ્દોનું કે જે જ્યોતિ બનીને અનેક આરાધકોનાં જીવનને અજવાળેઃ જાણે કે એ હોય છે **'અક્ષરના દીવા.'**

જેમ એ બોલાતાં ઉપદેશવચનો જ્યોતિરૂપ છે, તેમ આગમોમાં-ઉત્તરવર્તી ગ્રન્થોમાં લખાયેલાં ઉપદેશવચનો ય જ્યોતિરૂપ છે અને એથી એક ડગલું આગળ આગમોમાં-ગ્રન્થોમાં પ્રભુ મહાવીરદેવનાં પવિત્ર-પ્રેરક જીવનને આલેખતા શબ્દો પણ જ્યોતિરૂપ છે. કેમ કે એ બન્ને જ્યોતિ બનીને અગણિત આરાધકોનાં જીવનને અજવાળે છે. શ્રી ભગવતીસૂત્ર વગેરે આગમોમાં પ્રભુનાં ઉપદેશવચનોરૂપ જ્યોતિ ઝળહળે છે, તો 'કલ્પસૂત્ર' જેવા આગમોમાં પ્રભુનો જીવનાલેખ કરતાં વચનોરૂપ જ્યોતિ ઝળહળે છે. પ્રસ્તુત પુસ્તકમાં છે 'કલ્પસૂત્ર'ની શબ્દજ્યોતિનો ઝળહળાટ.

છેલ્લા ત્રીશ ત્રીશ વર્ષથી એ અખંડ ઉપક્રમ જળવાયો છે કે 'કલ્પસૂત્ર'ની એ શબ્દજ્યોતિના સથવારે પ્રતિવર્ષ નવી નવી પર્યુષણા

લેખમાળા લખવી. ગુજરાતના વિખ્યાત અખબાર **'ગુજરાત સમાચાર'**માં સળંગ ત્રીશ વર્ષોથી પ્રકાશિત થતી એ અવનવી પર્યુષણા લેખમાળાઓ પૈકી અંતિમ ત્રણ વર્ષોની લેખમાળાનો સંચય એટલે પ્રસ્તુત પુસ્તક. આમાં પ્રભુએ સાધનાકાળના પ્રારંભે સ્વીકારેલ પાંચ અભિગ્રહ આધારિત પ્રસ્તુતિ છે, પ્રભુના ઉપસર્ગો પ્રત્યેના વિરલ અભિગમઆધારિત પ્રસ્તુતિ છે, તો પ્રભુ માટે યોજાતાં 'ભગવાન' શબ્દનાં કલ્પસૂત્રટીકામાં કરાયેલ વિવિધ અર્થઘટનઆધારિત મસ્ત પ્રસ્તુતિ પણ છે. જૈન-જૈનેતર વ્યાપક વર્ગને નજર સમક્ષ રાખીને આલેખાતી એ પર્યુષણા લેખમાળાઓને જેવો વ્યાપક આવકાર મળ્યો હતો એવો જ વ્યાપક આવકાર આ પુસ્તકને મળશે એવી શ્રદ્ધા છે.

આ પુસ્તક અને અમારી સંપૂર્ણ સાહિત્યયાત્રા જેમની પરમકૃપાનું પરિણામ છે તે શ્રદ્ધેય ગુરુભગવંતો પૂજયપાદ યુગદિવાકર **આ.ભ.શ્રીવિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.** તથા પૂજયપાદ પરમશાસનપ્રભાવક **આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**ના ચરણોમાં કોટિશઃ વંદન સાથે પ્રભુની શબ્દજયોતિના સંદર્ભમાં ટાંકીશું પેલા પ્રસિદ્ધ ભક્તિગીતની પંક્તિ કેઃ-

તારી જ્યોતિને મેં જોઇ જ્યારે જ્યારે...
મારે કોઠે કોઠે પ્રગટ્યા દીવા ત્યારે...

વિ.સં. ૨૦૭૮. વૈશાખ વદિ-૬. તા. ૨૧-૫-૨૦૨૨ શનિવાર
બોરીવલી-મુંબઇ } – **વિજય રાજરત્નસૂરિ**

परमोपास्य श्री लोढण–नागेश्वर–जीरावलापार्श्वनाथेभ्यो नम:

श्री धर्मसूरिं प्रवरं नमामि ❋ सूर्योदयं सूरिवरं नमामि

પ્રકાશકીય પ્રકાશ

યુગદિવાકર સમુદાયના ૫૯-૫૯ તપસ્વીરત્નોના ૫૦૦ આયંબિલની મહાન આરાધનાની પૂર્ણાહુતિના વિરાટ ઐતિહાસિક તપમહોત્સવ પ્રસંગે અમારી સંસ્થાના **૧૭૭**મા પુસ્તકરૂપે પ્રસ્તુત **'અક્ષરના દીવા'** પુસ્તકનું પ્રકાશન કરતાં અમે પરમ ગૌરવ સાથે ધન્યતા અનુભવીએ છીએ.

જૈન શાસનના મહાન જ્યોતિર્ધર પૂજ્યપાદ યુગદિવાકર **આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.**ના 'ધર્મ'સામ્રાજ્યના યશસ્વી સંવાહક અને અમારી સંસ્થાના પ્રેરક-પ્રણેતા પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક **આ.ભ. શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**ના પટ્ટાલંકાર પૂજ્યપાદ પરમ ગુરુકૃપાનિધાન **આ.ભ. શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.**ની પુણ્યપ્રભાવવંતી નિશ્રામાં વિ.સં. ૨૦૭૮ના આ વર્ષના શેષકાળના પ્રારંભથી જ એકથી એક ચડિયાતા યશસ્વી શાસનપ્રભાવક ધર્મકાર્યોની દેદીપ્યમાન પરંપરા સર્જાઇ.

તેમાં (૧) કાંદિવલી-પૂર્વના શ્રી શાંતિનાથ ઝાલાવાડ જૈન સંઘમાં ભવ્ય શિખરબદ્ધ વિશાલ શત્રુંજય આદિનાથ જિનાલયનો શાનદાર અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ (૨) એ જ પ્રસંગે ચાર ચાર મુમુક્ષુઓનો ભવ્ય દીક્ષા મહોત્સવ (૩) કાંદિવલી-પશ્ચિમના શ્રી વર્ધમાનભક્તિ ઈરાની વાડી જૈન સંઘમાં રમણીય શિખરબદ્ધ શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયનો ઐતિહાસિક અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ (૪) શ્રી ધર્મધામ-નાગેશ્વરપાર્શ્વતીર્થે ૩૦૪ આરાધકોના યાદગાર ઉપધાન તપ (૫) સફાલા જૈન સંઘના શિખરબદ્ધ ભવ્ય વાસુપૂજ્યજિનાલયનો અદ્ભુત અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ (૬) દહિંસર-શાંતિનાથ જૈન સંઘમાં યશસ્વી અંજનશલાકા-પ્રતિષ્ઠા-વડીદીક્ષામહોત્સવ અને (૭) મલાડ-ભાદરણનગર જૈન સંઘમાં જબરજસ્ત ઉલ્લાસમય પ્રતિષ્ઠામહોત્સવ પૂજ્યશ્રી આદિની પુણ્યનિશ્રામાં ઉજવાયો.

આ જ સમયખંડ દરમ્યાન (૮) કાંદિવલી (પ.)માં સંભવનાથજિનાલયમાં પ્રતિષ્ઠામહોત્સવ અને (૯) કાંદિવલી (પૂર્વ)માં આદિનાથ ગૃહજિનાલયની પ્રતિષ્ઠા (૧૦) ગ્રીનવુડમાં શિખરબદ્ધ જિનાલયશિલાન્યાસનાં કાર્યો થયાં. આમાંના મહદંશ મહોત્સવોમાં ૮૦-૮૦ સંયમીભગવંતોની ઉપસ્થિતિ હતી. આ સર્વ મહાન ધર્મપ્રસંગોનો વિશેષ ઉલ્લેખ તે સમયે પ્રકાશિત પુસ્તકોના 'પ્રકાશકીય પ્રકાશ'માં થયો હોવાથી અહીં તે પછીનાં ધર્મપ્રસંગોનો ઉલ્લેખ કરીશું.

મલાડના પ્રતિષ્ઠામહોત્સવ બાદ પૂજ્યશ્રી સપરિવાર કાંદિવલીમાં મુનિસુવ્રત જિનાલય સંઘ તથા શંખેશ્વર જિનાલય સંઘ, મલાડમાં જિતેન્દ્રરોડ સંઘ તથા દેવચંદનગર સંઘ, ગોરેગામમાં જવાહરનગર સંઘ, અંધેરીમાં નાગરદાસરોડ સંઘ, ઘાટકોપરમાં નવરોજી લેન-૬૦ ફુટ રોડ તથા સાંઘાણી એસ્ટેટ સંઘ, ચેમ્બુર-સાયન-માટુંગા-ગોવાલીયાટેંક સંઘ, વાલકેશ્વરમાં બાબુ અમીચંદ આદીશ્વરજિનાલય-પ્લેઝન્ટ પેલેસ તથા સુપાર્શ્વનાથ સંઘ, મરીનડ્રાઇવ-ચોપાટી-ભાયખલા-અવિઘ્નટાવર-શાંતાક્રુઝ સંઘ, અંધેરીમાં જે.બી.નગર સંઘ તથા વીરા દેસાઇ સંઘ, પાર્લા-વેસ્ટ સંઘ તથા જુહુસ્કીમ સંઘઃ આવા આવા ત્રીશથી વધુ જૈન સંઘોમાં ક્રમશઃ પધારતા પ્રાયઃ દરેક સ્થાનોમાં પૂજ્યશ્રીનાં ભવ્ય સામૈયાં-હૃદયસ્પર્શી પ્રવચનો અને સંઘનવકારશીનાં આયોજનો થયાં. આ વિહારયાત્રા દરમ્યાન સાંઘાણી એસ્ટેટ જૈન સંઘના ઉપાશ્રયમાં **તે સંઘના પરમોપકારી પૂજ્યપાદ ગુરુદેવ વ્યા.સા.ન્યા. તીર્થ આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**ની પ્રતિકૃતિની કાયમી સ્થાપના થઇ, તો અંધેરી-જે.બી. નગરમાં શ્રી મુનિસુવ્રત સ્વામી ગૃહજિનાલયની પ્રતિષ્ઠા થઇ.

ત્યાંથી પૂજ્યશ્રી પાર્લા-પૂર્વના શ્રી ચિંતામણિપાર્શ્વનાથસંઘમાં શાશ્વતી ઓળીની આરાધનાર્થે પધારતાં પ્રવેશદિને પૂજ્યશ્રીનું ભવ્ય સામૈયું-મુમુક્ષુની દીક્ષાપત્રિકાઆલેખન-સાધર્મિકવાત્સલ્યાદિ યોજાયા. આ સંઘમાં બે વર્ષ પૂર્વે થયેલ પૂજ્યશ્રીનાં ચાતુર્માસમાં ૧૫૪ સામૂહિક માસક્ષમણો અને સમગ્ર મુંબઇમાં સર્વપ્રથમ બની રહેલ 'record break' ઉપાશ્રયઉછામણીનાં ઐતિહાસિક ધર્મકાર્યો થયા હોવાથી સંઘનો ભાવોલ્લાસ વિશિષ્ટ હતો. નિત્ય બે વાર પ્રવચનો, વિશાલ સંખ્યામાં સામૂહિક ઓળીઓ, ચૈત્ર શુદિ તેરશના પ્રભુમહાવીરદેવના જન્મકલ્યાણક ઉજવણીરૂપે ભવ્ય રથયાત્રા તથા શાનદાર સ્ટેજઉજવણી સહિત કલ્યાણક કાર્યક્રમ, તે દરમ્યાન જ પૂજ્યશ્રી આદિ ૫૯ સંયમીઓના ૫૦૦ આયંબિલસમાપનના વિરાટ ઐતિહાસિક તપમહોત્સવનો રંગારંગ પત્રિકાલેખન સમારોહ, સામૂહિક પારણાં વગેરે પ્રસંગો આ શાશ્વતી ઓળી દરમ્યાન થયા. આ રીતે (૧) **પૂજ્યશ્રી, પૂ.આ.ભ. શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.** તથા **પૂ.પં. શ્રી હિતરત્નવિજયજીગણિવર**ની નિશ્રામાં પાર્લામાં ભવ્યાતિભવ્ય ઓળીઆરાધના થઇ, તો (૨) **પૂ.પં. શ્રી આગમરત્નવિજયજીગણિવર**ની નિશ્રામાં ગોરેગામ - જવાહરનગરસંઘમાં (૩) **પૂ.પં. શ્રી ધર્મરત્નવિજયજી ગણિવર** તથા **પૂ.પં. શ્રી અક્ષયરત્નવિજયજીગણિવર**ની નિશ્રામાં શ્રી ધર્મધામ-નાગેશ્વર પાર્શ્વતીર્થમાં (૪) **પૂ. મુનિરાજ શ્રી પ્રશમરત્નવિજયજી મ.**ની નિશ્રામાં શ્રી અવિઘ્નટાવરસંઘમાં અને (૫) **પૂ. મુનિરાજ શ્રી અર્હંરત્નવિજયજી મ.**ની નિશ્રામાં ગોરેગામ-શ્રીનગર સંઘમાં શાશ્વતી ઓળીની ભવ્ય આરાધનાઓ થઇ.

શાશ્વતી ઓળી પછીના વીશ દિવસો દરમ્યાન પૂજ્યશ્રીની નિશ્રામાં (૧) મીરારોડમાં સુવિધિનાથ જિનાલય પ્રતિષ્ઠા (૨) બોરીવલીમાં ગૃહજિનાલયપ્રતિષ્ઠા (૩) બોરીવલીના નવ સંઘોમાં પૂજ્યશ્રીનાં ભવ્ય સામૈયાં-પ્રવચનો-સંઘનવકારશીઓ (૪) શ્રી સુમેરનગર સંઘમાં **પૂ.સા. શ્રી અપૂર્વકલાશ્રીજી મ.** પ્રેરિત અંજનશલાકામહોત્સવ અને (૫) શ્રી આંબાવાડી સંઘમાં પૂજ્યશ્રીની નિશ્રામાં થનાર જિનાલયની પ્રતિષ્ઠાનો તથા ધર્મધામતીર્થના પરોણાગત નૂતન પ્રભુજીઓના અંજનનો ઉછામણીસમારોહ યોજાયો. હવે ઉપસ્થિત થયો તપક્ષેત્રે યુગદિવાકરસમુદાયને સમગ્ર પ્રભુશાસનમાં ગૌરવ બક્ષે તેવા મહાન આયંબિલતપનો મુંબઇભરમાં અનોખી ભાત ઉપસાવતો વિરાટ ઐતિહાસિક તપમહોત્સવ.

બે વર્ષ પૂર્વે વિ.સં. ૨૦૭૬માં સમગ્ર વિશ્વ કોરોનાના વિકરાલ પંજામાં સપડાયું હતું અને સર્વત્ર "Immunity" પર ભાર અપાતો હતો તેવા વિરલ સંયોગોમાં પૂજ્યશ્રીએ ૫૦૦ આયંબિલનો પ્રારંભ કર્યો. આશ્ચર્ય એ હતું કે પ્રબળ અંતરાયવશ પૂજ્યશ્રીએ ૪૪ વર્ષના સંયમપર્યાયમાં આયંબિલ અત્યંત જૂજ ક્વચિત જ કર્યા હતા અને તેમાં ય છેલ્લા ૩૬ વર્ષમાં એક પણ આયંબિલ કર્યું ન હતું. આમ છતાં દેવ-ગુરુ પરની પરમ શ્રદ્ધાથી તેઓશ્રીએ આ ૫૦૦ આયંબિલયજ્ઞનો પ્રારંભ કરતા તેઓશ્રીની સાથે એક-બે નહિ **૧૭ શ્રમણ ભગવંતો અને ૪૧ શ્રમણી ભગવંતો સહિત કુલ ૫૮ સંયમીઓ ૫૦૦ આયંબિલમાં સામેલ થયા!** આ તપસ્વી ભગવંતોની વંદનીય વિશેષતાઓ નિહાળીએ તો **(૧) એક પૂ. સાધ્વીજી દ્વારા ગિરનારતીર્થના ૩૫૦ યાત્રાઓ સાથે અખંડ ૧૦૦૮ આયંબિલ (૨) અન્ય એક પૂ. સાધ્વીજી દ્વારા ૧૦૦૮ આયંબિલ (૩) નવ સંયમીઓ દ્વારા અખંડ ૭૫૦–૬૫૦–૫૦૦ આયંબિલ (૪) કેટલા ય સંયમી ભગવંતો દ્વારા પૂજ્યશ્રીને સાથ આપવા માટે બીજી વાર–ત્રીજી વાર ૫૦૦ આયંબિલ (૫) ૭૨ વર્ષના સંયમીથી લઇ નાના–નાના બાલમુનિઓ દ્વારા ૫૦૦ આયંબિલ અને (૬) એક મુનિભગવંત દ્વારા અખંડ ૭૫૦ આયંબિલ માત્ર ચાર દ્રવ્યોથી અને તે પણ એક જ પાત્રમાં એકત્ર કરી ઉપર એક પાત્રી ઠંડું પાણી ભેળવીને કરાયા છે!** ગુરુભગવંતોની આ મહાન તપસ્યાની અનુમોદનાર્થે ગત વર્ષે મુંબઇના શ્રાવક-શ્રાવિકાઓ માટે ૧૧ માસમાં ૧૦૮ આયંબિલનું આયોજન રજૂ થતાં તેમાં ૨૮૦૦ આરાધકો સામેલ થયા. આ રીતે સંયમીઓના અને ગૃહસ્થોના મળી **કુલ આયંબિલ થયા સાડા ત્રણ લાખથી અધિક!**

જેવી વિરાટ સંખ્યામાં આ આયંબિલ થયા તેવો જ વિરાટ ઐતિહાસિક તપમહોત્સવ યોજવાનો નિર્ણય ગુરુભક્તોએ કર્યો. આ માટે શ્રી ગીતાંજલિસંઘ અને તપમહોત્સવસમિતિના ઉપક્રમે એકેકથી ચડિયાતા અનોખાં-અદ્ભુત આયોજનો થયાં. તેની મુખ્ય મુખ્ય ઝલક વિચારીએ તો (૧) ૧૦૮ આયંબિલ કરનાર ૨૮૦૦

આરાધકોનું પ્રત્યેકને રૂ. ૩૦૦૦થી બહુમાન (૨) સમસ્ત મુંબઈના ૭૦૦ થી વધુ શિક્ષક-શિક્ષિકાનું રૂ. ૧૦૦૦થી બહુમાન (૩) એક સાથે ૨૧-૨૧ સંગીતકારોની સંગીતસૂરાવલિઓ વચ્ચે અષ્ટોત્તરી મહાભિષેક (૪) એક જ સરખાં પૂજાવસ્ત્રોમાં સજ્જ ૧૦૦૦થી વધુ ભાવિકો દ્વારા ૧૦૦૦ સિદ્ધચક્ર યન્ત્રોનું મહાપૂજન (૫) રાષ્ટ્રવ્યાપી ખ્યાતિને વરેલ કલાકારો દ્વારા પારિવારિક ભાવના દૃઢ કરતું નાટક તેમજ ડાયરો (૬) જૈન જગતની વિશિષ્ટતાઓ દર્શાવતું વિશાલ જૈન Museum (૭) ત્રણે ય પૂ. ગુરુદેવોનાં જીવનને તાદશ કરતી Documentary film (૮) 'ધર્મકૃપા ટ્રસ્ટ'ના ઉપક્રમે એક સાથે **૧૫** નવાં પુસ્તકોનાં પ્રકાશનો (૯) વિવિધ સંઘોના આયંબિલખાતામાં કાયમી માતબર દાન તેમજ સાધર્મિક ભક્તિ-જીવદયાના અનેકવિધ સત્કાર્યો આ મહોત્સવમાં ગૂંથી લેવાયા હતા.

વૈશાખ શુદિ-૭, તા. ૮-૫-૨૨ ને રવિવારે આ વિરાટ તપમહોત્સવ નિમિત્તે પૂજ્યશ્રી આદિનો ગીતાંજલિ સંઘમાં બાદશાહી નગરપ્રવેશ થયો ત્યારે એક સાથે ૨૦૦થી વધુ મંગલ કુંભધારી બહેનો - ૧૦૮ શુકનધારી બહેનો - ૧૦૮થી વધુ ગહુંલીઓ - ૧૭૫ શાસનધ્વજ - ૫૪ ઘોડેસવારો - ઠેર ઠેર રંગોળીરચનાઓ - વેશભૂષાસજ્જ બાળકો - શેરડીના સાંઠાથી સજ્જ વિશાલ મહિલાવૃંદ - સાફાસજ્જ મહાજનો - વિખ્યાત પુણેરી બેન્ડની સૂરાવલિ અને અન્ય વિવિધ મંડળીઓથી સમગ્ર સામૈયાનો માહોલ દેદીપ્યમાન બની ગયો. તે જ દિવસે સંઘના શિખરબદ્ધ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથજિનાલયની સાલગિરિ પૂજ્યશ્રીની નિશ્રામાં ચિક્કાર મેદની વચ્ચે ઉજવાઇ, તો ૫૯ અપંગ વ્યક્તિઓને Wheelchair અર્પણ કરાઈ. છ દિવસ પૂજ્યશ્રીનાં પ્રવચનો બાદ વૈશાખ શુદિ-૧૪, તા. ૧૫-૫-૨૦૨૨ થી એંશીથી અધિક સંયમીભગવંતોની નિશ્રામાં તપમહોત્સવ આરંભાયો. પ્રારંભિક ત્રણ દિવસના કાર્યક્રમોમાં દિવસે અને રાત્રે ગીતાંજલિસંઘના ભાવિકો વિશાલ સંખ્યામાં ઊમટ્યા હતા. વૈશાખ વદિ-ત્રીજથી અંતિમ પાંચ દિવસોના કાર્યક્રમો કોરાકેન્દ્રના ૨ અને ૩ નંબરના વિરાટ મેદાનમાં યોજાતા પ્રતિદિન હજારો ભાવિકો તેનો લાભ લેતા હતા.

કુલ એક લાખ Square feet ના વિરાટ કલાત્મક 'ધર્મ-સૂર્યોદય' તપનગરમાં ઉજવણીના અને સાધર્મિક ભક્તિના બે મંડપો અલગ અલગ છતાં નિકટ હતા. મુખ્ય વિરાટ પ્રવેશદ્વાર પાસે કરાયેલ વિરાટકાય રથરચના પ્રભુના 'ધર્મસારથિ' વિશેષણને ઉજાગર કરતી હતી, તો વૃંદાવનશૈલીનું ત્રણ હજાર Square feetનું વિરાટ સ્ટેજ તપનગરનું મુખ્ય કેન્દ્રબિંદુ બની ગયું હતું. રાંકાવત Decoratorsની ઈન્દ્રલોકને શરમાવે તેવી અદ્ભુત રચના હજારો ભાવિકોને અભિભૂત કરતી હતી, તો Museum ઉપરાંત Game zone બાળકોને આકર્ષતો હતો. પ્રતિદિન નવા નવા બેન્ડો અને ચતુર્વિધ સંઘ સાથે તપસ્વી મહાત્માઓની તપનગરમાં પધરામણી, નિત્ય નવા નવા

પ્રવક્તાઓ-સંગીતકારો દ્વારા હૈયું જકડી રાખે તેવી પ્રસ્તુતિ મહોત્સવને ચાર ચાંદ લગાવી રહી છે, તો આવતીકાલ વૈશાખ વદિ-૭ તા. ૨૨-૫-૨૦૨૨ના દિને દશ હજારથી અધિક માનવમહેરામણની ઉપસ્થિતિ વચ્ચે વિખ્યાત પ્રવક્તા શ્રી સંજયભાઇ વખારિયા અંતિમ તપસમાપનસમારોહનું ભાવવિભોર સંચાલન કરી તપમહોત્સવને Everestની ઊંચાઇએ લઈ જશે.

આ વિરાટ તપમહોત્સવ બાદ પણ પૂજ્યશ્રીની પ્રભાવક નિશ્રામાં (૧) મુમુક્ષુ ચિ. આયુષીબેન મહેતાનો ભવ્ય દીક્ષામહોત્સવ (૨) ભાયંદરમાં શિખરબદ્ધ શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ (૩) શ્રી શંખેશ્વર શણગાર જૈન સંઘના રથાકાર જિનાલયનો ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠારજતમહોત્સવ (૪) સૌભાગ્યવર્ધક આંબાવાડી સંઘ-બોરીવલીમાં આદિનાથ જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ (૫) બોરીવલી ક્રિસ્ટલહાઈટ્સમાં શ્રી શાંતિનાથ જિનાલય પ્રતિષ્ઠા (૬) બોરીવલી-ગીતાંજલિસંઘ સહિત કુલ ચાર સંઘોમાં પૂજ્યશ્રી તથા તેમના શિષ્યવૃંદના ચાતુર્માસોમાં સામૂહિક માસક્ષમણ મહાતપઆરાધના (૭) ચાતુર્માસ બાદ તુર્ત કાંદિવલી-મહાવીરનગરસંઘમાં ભવ્યાતિભવ્ય અંજનશલાકા - પ્રતિષ્ઠા મહોત્સવ (૮) તે પછી ૮૦૦ કિ.મી.ની વિહારયાત્રા બાદ અયોધ્યાપુરમ્‌થી શત્રુંજયમહાતીર્થ પદયાત્રાસંઘ (૯) **શ્રી શત્રુંજયમહાતીર્થથી શ્રી ગિરનારજી મહાતીર્થનો પદયાત્રા સંઘ** (૧૦) હિંમતનગરમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી નિર્મિત ત્રિશિખરીય ભવ્ય જિનાલયમાં ૫૦૦ વર્ષ પ્રાચીન મૂલનાયક પ્રભુ આદિનો પ્રતિષ્ઠામહોત્સવ તથા ત્રિમજલી આરાધના ભવન ઉદ્‌ઘાટન (૧૧) **પૂ.આ.ભ.શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.સા.**ની દીક્ષાભૂમિ લીંચનગરે તેઓશ્રીના ગુરુમંદિરની પ્રતિષ્ઠા તથા ઉપાશ્રય-ધર્મશાળા ઉદ્‌ઘાટન (૧૨) **પૂ.આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.**ની દીક્ષાભૂમિ સાંગણપુરમાં તેઓશ્રીના ગુરુમંદિરની પ્રતિષ્ઠા અને (૧૩) આગામી વર્ષના ચાતુર્માસ બાદ કરજણ-પાલેજ વચ્ચે National highway touch નિર્મિત ભવ્ય શ્રી શત્રુંજયયુગાદિદેવ દિવ્ય-વસંતધામતીર્થનો યાદગાર અંજનશલાકાપ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે.

આટલી સતત શાસનપ્રભાવનાઓ અને તપસાધના વચ્ચે ય પૂજ્યશ્રીની સાહિત્યયાત્રા નિરંતર જારી છે. એનાં કારણે અમે આ પુસ્તકનું પ્રકાશન કરવા તત્પર થઇ શક્યા છીએ. એનાં વાચન-મનનથી સહુ વાચકો શુભ તરફ અગ્રેસર થાય એ જ મંગલ મનઃકામના.

વિ.સં. ૨૦૭૮. વૈશાખ વદિ-૬, તા. ૨૧-૫-૨૦૨૨. શનિવાર
દર્ભાવતીતીર્થ
- ધર્મકૃપા ટ્રસ્ટ

વિ..ષ..ય..દ..ર્શ..ન

ક્રમાંક	વિષય	પૃષ્ઠાંક
૧.	મુખપૃષ્ઠ	1
૨.	પ્રકાશક - પ્રાપ્તિસ્થાન	2
૩.	હાર્દિક અનુમોદન	3
૪.	લેખકીય નિવેદન	4-5
૫.	પ્રકાશકીય પ્રકાશ	6-10
૬.	વિષય દર્શન	11-12

✤ ✤ ✤ ✤

૧.	પર્યુષણાનો પ્રથમ સંદેશ : ક્લેશ થાય તેવું બોલવું નહિ	૧
૨.	કર્મો બાંધવાનાં જન્મો અનેક છે	૫
૩.	પ્રભુ મહાવીરની વિવેકદષ્ટિનો પાવન સંદેશ	૯
૪.	ત્રણ વર્ષે બોલતાં શીખી જતાં માનવીને	૧૩
૫.	બોજ જો અલ્પ હોય તો પ્રવાસ સરસ બને	૧૭
૬.	બલવાન સામે ભયથી ચૂપ રહેવું એ ક્ષમા નથી	૨૧
૭.	ક્રોધ કરવામાં સાચી બહાદુરી નથી	૨૫
૮.	મહેંકી રહો ક્ષમા... સહુના જીવનબાગમાં	૨૯
૯.	જો પ્રકાશ વિના રાત્રિ પ્રવાસ શક્ય નથી	૩૩

ક્રમાંક	વિષય	પૃષ્ઠાંક
૧૦.	ઐશ્વર્યથી સર્જાતો મહિમા અસ્થાયી છે	૩૭
૧૧.	ચિરંજીવ યશ પ્રાપ્ત કરવાની ગુરુચાવી	૪૧
૧૨.	જો ત્યાગ વિનાના જીવનનું કોઈ મૂલ્ય નથી તો	૪૫
૧૩.	કેન્સરની ગાંઠ એક જન્મ બરબાદ કરે	૪૯
૧૪.	આત્મકલ્યાણનાં ક્ષેત્રે પ્રગતિ માટેનું સૂત્ર	૫૩
૧૫.	માત્ર પ્રવૃત્તિનો ધર્મ સદ્ગતિ આપી શકે	૫૭
૧૬.	સજા શત્રુનાં શરીર પર અસર કરે	૬૧
૧૭.	સંકલેશગ્રસ્ત મન પીડાનું કારણ બને	૬૫
૧૮.	છીપમાં મળતું વર્ષાબુંદ મોતી બને	૬૯
૧૯.	વાસનાનાં વિષ સાધનાને ખતમ કરે	૭૩
૨૦.	શમભાવમાં સ્થિર રાખતું મજાનું સૂત્ર	૭૭
૨૧.	ક્રોડો રૂપિયાનું દાન કરનાર પણ પાંચ રૂપિયાનું	૮૧
૨૨.	અગ્નિમાં તપવાથી સુવર્ણ મલમુક્ત બને છે	૮૫
૨૩.	જગતમાં આક્રમણની બોલબાલા છે	૮૯
૨૪.	ક્ષમાપના છે સંવત્સરીનો સાર	૯૩

૧

પર્યુષણાનો પ્રથમ સંદેશ : કલેશ થાય તેવું બોલવું નહિ ને ઝઘડો થાય તેવું વર્તવું નહિ...

અંતરનાં આકાશે અધ્યાત્મનાં અજવાળાં પ્રસરાવતા પવિત્ર પર્વાધિરાજ પર્યુષણામહાપર્વનો આજથી પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે, એની ચિંતનયાત્રામાં આપણે એક રમૂજી છતાં પ્રેરક દૃષ્ટાંત દ્વારા પ્રવેશ કરીએ :

દારુ બૂરું વ્યસન છે અને એ છોડવા જેવું છે એવો સંદેશ વિદ્યાર્થીઓને જડબેસલાખ આપવા માટે શિક્ષકે એક નુસખો કર્યો. સ્કૂલના પ્રાંગણમાં વિદ્યાર્થીઓ સમક્ષ એક ગધેડો ખડો કરી શિક્ષકે એની સામે બે પાત્ર ધર્યા : એક દારુનું અને બીજું શીતલ જલનું. ગધેડો દારુનું પાત્ર સૂંઘતાવેંત એનાથી દૂર થઈ ગયો અને પાણીનું પાત્ર એણે મજેથી ખાલી કરી નાખ્યું. ખુશખુશાલ શિક્ષકે વિદ્યાર્થીઓ સામે જોઈને કહ્યું : ‘‘શું સાર તારવ્યો તમે આમાંથી? ‘‘એ કે જે ગધેડા હોય એ જ દારુ ન પીએ !’’ એક મશ્કરા વિદ્યાર્થીએ ઉત્તર આપ્યો. શિક્ષક સ્તબ્ધ થઈ ગયા એ ટીખળી વિદ્યાર્થીએ તારવેલ વિચિત્ર સારથી...

આ વિ-લક્ષણ દૃષ્ટાંત આપણને એ સમજાવી જાય છે કે વ્યક્તિની વિચારધારા જો ગલત - વિપરીત હોય તો એની સમક્ષ પ્રસ્તુત કરાયેલ સારા આલંબનનું ય ગલત અર્થઘટન એ કરી બેસે. એટલે જ ઉત્તમ સંતો અને ઉત્તમ ગ્રન્થો સર્વપ્રથમ કાર્ય વ્યક્તિની વિચારધારાને સમ્યગ્ બનાવવાનું કરે અને પછી એ તેઓને આરાધનામાં - અનુષ્ઠાનોમાં જોડે. આવા ગ્રન્થો પૈકીનો એક ઉત્તમ ગ્રન્થ છે પર્યુષણાનો મુખ્ય પ્રવચનગ્રન્થ **કલ્પસૂત્રઆગમગ્રન્થ.** આ કલ્પસૂત્રની સંસ્કૃત ટીકામાં શ્રમણ ભગવાન મહાવીરદેવે સાધનાજીવનના પ્રારંભે સ્વીકારેલ પાંચ અભિગ્રહોનો ઉલ્લેખ મળે છે, તો પ્રભુએ સાધનાજીવનમાં સહન કરેલ ઉપસર્ગોસંબંધી મૂલ સાધનાસૂત્રમાં પ્રભુનો ઉપસર્ગો પ્રત્યે અભિગમ કેવો હતો એના ત્રણ ઉલ્લેખો મળે છે. આવો, આ આઠ વિચારબિંદુઓ પર આજથી અષ્ટદિવસીય ચિંતનયાત્રા કરીએ.

કલ્પસૂત્રના પાંચમા પ્રવચનમાં ટીકાકાર ભગવંતે પ્રભુમહાવીરદેવના દીક્ષાજીવનના પ્રથમ ચાતુર્માસનો એક પ્રસંગ પ્રસ્તુત કર્યો છે. દુઈજ્જંત નામે તાપસની વિનંતિથી એમના આશ્રમમાં ચાતુર્માસ રહેલ પ્રભુ મહાવીરદેવ સાધનામાં એવા ઓતપ્રોત હતા કે તેઓ દેહની પણ દરકાર કરતા ન હતા. આશ્રમવાસી તાપસોની ભાવના એ હતી કે પ્રભુએ કમ સે કમ પોતાની કુટિરની સુરક્ષા તો કરવી જ જોઈએ. આટલા નાના શા નિમિત્તથી ભગવાને વિચાર કર્યો કે મારાં નિમિત્તે કોઈને આછું પણ દુઃખ થાય તો મારે અહીં ન રહેવાય. પ્રભુએ ત્યાંથી વિહાર કર્યો અને સાથે પાંચ અભિગ્રહોનો સ્વીકાર કર્યો.

અભિગ્રહનો અર્થ છે ચોક્કસ પ્રકારનો નિયમ. જે વ્યક્તિ સાધનામાં રુચિ ધરાવતી હોય એણે વ્રતોને - ત્યાગવૃત્તિને દેદીપ્યમાન બનાવે તેવા વિવિધ અભિગ્રહો - નિયમો સ્વીકારવા જોઈએ. જૈન પરંપરામાં તમામ પ્રકારના અભિગ્રહોને ચાર માપદંડથી વિભક્ત કરાયા છે : દ્રવ્ય - ક્ષેત્ર - કાળ અને ભાવ. ઉદાહરણરૂપે, 'અમુક દ્રવ્યનો ત્યાગ કરીશ અથવા અમુક દ્રવ્ય જ વાપરીશ' આવો સંકલ્પ - નિયમ હોય તેને કહેવાય દ્રવ્યથી અભિગ્રહ. 'અમુક ક્ષેત્રમાં - સ્થાનમાં જે વસ્તુ હોય તે જ ઉપયોગમાં લઈશ' આવો નિયમ હોય તેને કહેવાય ક્ષેત્રથી અભિગ્રહ. 'અમુક સમયે મળશે તે જ ચીજ ઉપયોગમાં લઈશ' આવો નિયમ હોય તેને કહેવાય કાળથી અભિગ્રહ. અને 'અમુક પ્રકારનું

ભાવગત સ્વરૂપ ધરાવતી વ્યક્તિ પાસેથી જ વસ્તુ ગ્રહણ કરીશ' આવો નિયમ હોય તે છે ભાવથી અભિગ્રહ.

આપણે આ ચારે ય પ્રકારના અભિગ્રહને પ્રભુ મહાવીરદેવે કરેલ પાંચ માસ પચીસ દિવસના સળંગ ઉપવાસના તપમાં નિહાળીએ : પ્રભુએ એ તપમાં દ્રવ્યાદિ ચારે ય અભિગ્રહ આવા કર્યા હતા કે (૧) દ્રવ્યથી અડદના બાકુળા મળે તો જ સ્વીકારવા. (૨) ક્ષેત્રથી એ સૂપડાનાં ખૂણે જોઈએ. (૩) કાળથી ગોચરીનો - ભિક્ષાચર્યાનો સમય વીત્યા બાદ મળવા જોઈએ અને (૪) ભાવથી જે વ્યક્તિ રાજકુમારી હોવા છતાં વર્તમાનમાં દાસીરૂપે હોય એ દાન આપતી હોય. ચંદનબાળાનાં દાન સમયે આ ચારે ય અભિગ્રહ પરિપૂર્ણ થતાં પ્રભુએ એનો સ્વીકાર કર્યો છે. આવા અભિગ્રહો તો સાધકના જીવનની આંતર સમૃદ્ધિના દ્યોતક છે. માટે એ અલગ અલગરૂપે સાધકનાં જીવનમાં હોવા જોઈએ. સાધકના માટે એક મજાની ત્રિપદી આ છે કે **''લેવા જેવો અભિગ્રહ... મેળવવા જેવો અનુગ્રહ... અને છોડવા જેવો પૂર્વગ્રહ.''**

દીક્ષાજીવનના પ્રથમ ચાતુર્માસમાં પ્રભુએ સ્વીકારેલ પાંચ અભિગ્રહોમાં પ્રથમ અભિગ્રહ એ હતો કે ''नाऽप्रीतिमद्गृहे वासः.'' ભાવાર્થ કે મારાં કારણે જ્યાં અપ્રીતિ થાય ત્યાં મારે રહેવું નહિ. હૈયું છલોછલ કોમળતા ધરાવતું હોય ત્યાં આવો અભિગ્રહ - નિયમ લેવાનું સત્ત્વ પ્રગટી શકે. સાધુજીવન સ્વીકારનાર શ્રમણ - શ્રમણી ભગવંતો માટે પણ પ્રભુએ આ ઉપદેશ આપ્યો છે કે ''संकिलेसकरं ठाणं, दूरओ परिवज्जए'' મતલબ કે જ્યાં સંક્લેશ થાય એવું સ્થાન દૂરથી જ ત્યજી દેવું. આવું વલણ સાધક માટે ખૂબ મહત્ત્વનું છે. કારણ કે એનાં સાધના જીવનનું મુખ્ય લક્ષ્ય હોય છે રાગ - દ્વેષના સંકલેશોથી મુક્તિ. જ્યાં આવા સંક્લેશો વારંવાર સર્જાય ત્યાં રહેવાથી તો એ લક્ષ્યથી દૂર થઈ જવાય. માટે સાધકે સંક્લેશ થાય એવાં સ્થાન ત્યજવા જોઈએ. 'સાધુ તો ચલતા ભલા' આ ઉક્તિ પણ આખર તો રાગ - દ્વેષના સંકલેશોથી મલિન ન બની જવાય એ માટે જ મુખ્યત્વે છે.

જેઓ સંસારી છે - ગૃહસ્થ છે એમણે પ્રભુના આ અભિગ્રહમાંથી બે સાર તારવવા જેવા છે : (૧) પુણ્ય નબળું હોવાનાં કારણે સમાજમાં - સંસ્થામાં યા

પરિવારમાં પોતાની વાત જલ્દીથી સ્વીકાર્ય ન બનતી હોય ત્યારે કલેશ - કંકાસ - ઝઘડા કરવાના બદલે અવસરે **'side line'** થઈ જવું. યાદ રહે કે કલેશ - કંકાસ સરવાળે વ્યક્તિને અપ્રિય બનાવી દે છે અને સ્વ-પરને દુઃખી કરી દે છે. માટે સંસ્થા યા પરિવાર ભલે ન છોડીએ, પણ તંત - જીદ જરૂર છોડી દઈએ. (૨) જ્યાં રહીએ ત્યાં વચન - વર્તન એવાં રાખવા કે આપસમાં અપ્રીતિ નહિ, આત્મીયતા સર્જાય. ખબર છે પેલા ઘોડાગાડીવાળાની વાત?

ઘોડાગાડી ચલાવવી હોય ત્યારે એ ઘોડાને કહે : ''માલિક, ચાલો હવે.'' ઊભી રાખવી હોય ત્યારે ય એ ઘોડાને 'માલિક' કહે. એક પ્રવાસીએ એને કહ્યું : ''અરે ! માલિક તો તું છે. તો પછી આવું સંબોધન કેમ કરે છે?'' ઘોડાગાડીવાળાએ મસ્ત ઉત્તર આપ્યો : ''મારે તો પ્રવાસી અને ઘોડો, બન્ને આજીવિકાનાં સાધન છે. એટલે બે ય ને હું માન આપું છું. આજે ઘોડાને તુચ્છકારીશ, તો કાલે પ્રવાસીને ય તુચ્છકારી બેસીશ.'' પ્રવાસી ખુશ થઈ ગયો ગાડીવાળાના આત્મીય વલણથી. પર્યુષણાની આજની ચિંતનયાત્રાનો આ પ્રથમ સંદેશ છે કે **કલેશ થાય તેવું બોલવું નહિ ને ઝઘડો થાય તેવું વર્તવું નહિ...**

◆ ◆ ◆

૨

કર્મો બાંધવાનાં જન્મ અનેક છે ...
કર્મો બાળવાનો જન્મ આ એક છે ...

સાધનપરસ્ત જીવનશૈલીને સાધનાપરસ્ત જીવનશૈલીમાં પરિવર્તિત કરવાની પાવન પ્રેરણા આપતા પર્વાધિરાજ પર્યુષણામહાપર્વનો આજે દ્વિતીય દિવસ છે. આજે આપણે પર્યુષણાની ચિંતનયાત્રાનું બીજું કદમ ભરીશું.

પર્યુષણાના મુખ્ય પ્રવચનગ્રન્થ 'કલ્પસૂત્ર'ની ટીકામાં, દીક્ષાના પ્રથમ ચાતુર્માસમાં શ્રમણ ભગવાન મહાવીરદેવે જે પાંચ અભિગ્રહો સ્વીકાર્યાનો ઉલ્લેખ છે તેમાંનો બીજો અભિગ્રહ એ હતો કે ''स्थेयं प्रतिमया सह.'' ભાવાર્થ કે જ્યાં સ્થિરતા કરવાની હોય ત્યાં પ્રતિમાપૂર્વક જ રહેવું. પ્રતિમા શબ્દનો અર્થ આપણે ભલે 'મંદિરમાં પ્રતિષ્ઠિત મૂર્તિ' સમજતા હોઈએ. પરંતુ જૈન શાસ્ત્રીય પરિભાષામાં પ્રતિમા શબ્દનો એક અર્થ એવો પણ છે કે 'ચોક્કસ સાધનાપૂર્વકની તપશ્ચર્યા એનું નામ પ્રતિમા.' જૈન ગૃહસ્થ આરાધક માટે આવી અગિયાર પ્રતિમા દર્શાવાઈ છે, તો સંસારત્યાગી જૈન શ્રમણ માટે આવી બાર પ્રતિમા દર્શાવાઈ છે. આ રીતની પ્રતિમાનો સંક્ષિપ્ત અર્થ છે ધ્યાન-સાધનાપૂર્વકનો તપ. પ્રભુ મહાવીરદેવે આ અર્થસંદર્ભની પ્રતિમાપૂર્વક રહેવાનો

અભિગ્રહ કર્યો હતો. આથી જ પ્રભુના વંદનીય જીવનચરિત્રમાં એ નિહાળવા મળે છે કે સાધનાકાળમાં તેઓ વનખંડ - શૂન્યાગાર વગેરે જે જે એકાંત સ્થળોમાં સ્થિરતા કરતા હતા ત્યાં ત્યાં તેઓ સંપૂર્ણ સમય એટલે કે રાત - દિવસ ધ્યાનસાધનાની અવસ્થામાં રહી તપ કરતા હતા. વિહાર - ભિક્ષાચર્યાને બાદ કરતાં બાકીનો સર્વસમય ધ્યાનસાધના !

કબૂલ છે કે પરમાત્માનું શરીરસંહનન ઉત્કૃષ્ટ હતું અને સત્ત્વશીલતા પરાકાષ્ઠાની હતી. એથી એમના માટે આ કમાલ સાધના શક્ય હતી. આપણી પાસે આ બેમાંથી એકે ય એ સ્તરના નથી. એથી આપણા માટે તેવી સાધના શક્ય નથી. પરંતુ પ્રભુના આ અભિગ્રહમાંથી આપણે ઝીલી શકીએ એ સ્તરનો એક સંદેશ તો અવશ્ય મળે છે કે **'ધર્મારાધનાનાં ક્ષેત્રે સમયનો વધુ ને વધુ સદુપયોગ કરો.'** કારણ કે કર્મો બાંધવાના જન્મો અનેક છે, જ્યારે કર્મો બાળવાનો જન્મ આ એક જ છે.

સમયનાં અનુસંધાનમાં જીવોના ચાર પ્રકાર આપણે આ રીતે વિચારી શકીએ.

(૧) સમયનો દુરુપયોગ કરનાર :-

આ સૌથી ખતરનાક - સૌથી અધમ કક્ષા છે. આ કક્ષાની વ્યક્તિઓ સમય પસાર કરવા એવી એવી બાબતોમાં ઊંડી ખૂંપતી જાય કે એનાથી એનાં જીવનમાં કુસંસ્કારોની જડ ઊંડી ને ઊંડી ઊતરતી જાય. એનું મનોજગત કુવિચારોથી ખદબદતું રહે, તો એનું આચારજગત તક મળતાં જ દુરાચારોમાં આળોટવા માંડે. ઉદાહરણરૂપે છે પોર્નોગ્રાફી - અશ્લીલ ફિલ્મો - અશ્લીલ સાહિત્યમાં સમય બરબાદ કરનારા જીવો. તેઓ એ બધા દ્વારા મનોજગતને - આચારજગતને કલંકિત કરે છે અને એના અંજામરૂપે દુર્ગતિની સફર નિશ્ચિત કરે છે. એમને ત્યારે એમ લાગતું હોય છે કે અમે સમય પસાર કરીએ છીએ. પણ વસ્તુતઃ તેઓ સમયનો દુરુપયોગ કરે છે. એના દ્વારા તેઓ જાણે કે સ્વયંની હારાકીરી - આત્મહત્યા કરી રહ્યા છે.

અમને યાદ આવે છે પાંચ વર્ષ પૂર્વનો મુંબઈ - ઘાટકોપરનો એક પ્રસંગ. અમે ત્યાંના ચાતુર્માસમાં માસક્ષમણ કરનાર તપસ્વીઓના ઘરે પગલાં કરતા હતા. એમાં અચાનક એક બહેને વિનંતિ કરી કે ''મહારાજજી ! મારા પતિ બીમાર

છે, ખંડ બહાર નીકળવાની એમને મનાઈ છે. એમને માંગલિક સંભળાવવા મારા ઘરે પગલાં કરો.'' એમનું કારણ સ્વીકારી અમે એમનાં ઘરે પગલાં કર્યાં. પરંતુ એમના પતિના ખંડમાં જતાં જ આઘાત અનુભવ્યો. એ કોઈ ધર્મારાધનામાં કે નવકારજાપમાં જોડાયા ન હતા. એ તો હાથમાં 'remote' રાખી પથારીમાં રહ્યા રહ્યા T.V.જોતા હતા. અમારા માંગલિક અને હિતશિક્ષા સમયે પણ એમનાં મુખ પર કોઈ ઉલ્લાસ ન લાગ્યો. અમે બહાર આવ્યા ત્યાં બહેને ગળગળા સાદે કહ્યું : ''એમને આરાધના માટે ઘણું સમજાવીએ છીએ. પણ એમને એમાં રસ જ નથી. એ સમગ્ર સમય મન ફાવે તેવી અશ્લીલ સીડીઓ જોયા કરે છે. અમે અટકાવીએ તો તીવ્ર સંક્લેશ - ઝઘડા કરે છે.'' આવી વ્યક્તિઓને આપણે કહીશું સમયનો દુરુપયોગ કરનાર... સમયના અને સ્વયંના હત્યારા !

(૨) સમયનો નિરુપયોગ કરનાર :-

આ સ્તરના વ્યક્તિઓ કુસંસ્કારોની જડ ઊંડી ઊતરે એવી પ્રવૃત્તિઓમાં ભલે નથી રાચતી. પરંતુ સમયનો એ કોઈ લાભ પણ નથી લઈ શકતી. એમની પાસે સમય બચે તો એ નિદ્રામાં - આળસમાં - ફઝુલ વાતોમાં સમય ગુમાવે. આ જીવોને આપણે પૂર્વોક્ત સૌથી અધમ કક્ષા કરતાં થોડા ઉપરના અર્થાત્ અધમ સ્તરના કહીશું. કારણ કે એ પણ મૂલ્યવાન સમયને અલગ રીતે વેડફે છે. સંસ્કૃત સુભાષિતકારો 'निद्रया कलहेन वा' પંક્તિ દ્વારા આવી વ્યક્તિઓને 'મૂર્ખ' વિશેષણથી નવાજે છે.

(૩) સમયનો ઉપયોગ કરનાર :-

વ્યક્તિ સંસારી હોય તો એને પારિવારિક - સામાજિક આદિ જવાબદારીઓ અદા કરવી જ રહે. આવી વ્યાવહારિક સ્તરની જવાબદારી અદા કરવામાં તેઓ જે સમય ફાળવે એને આપણે કહીશું સમયનો ઉપયોગ. જેઓ આ રીતે સમયનો ઉપયોગ કર્યા કરે એની કક્ષા મધ્યમ છે. કારણ કે દુર્લભ માનવજન્મ માત્ર વ્યાવહારિક જવાબદારી કરવા પૂરતો જ સીમિત નથી રાખવાનો. એનાથી પણ કાંઈક વિશેષ કરવા માટેનો આ જન્મ છે કે જે સદ્ગતિનું - પરમગતિનું પાથેય બને. વ્યાવહારિક સ્તરની જવાબદારી અદા કરનાર સરેરાશ સ્તરનો બહુ મોટો વર્ગ છે.

(૪) સમયનો સદુપયોગ કરનાર :-

જેઓ સમયનો શક્ય તેટલો વધુ બચાવ કરીને એનો ધર્મારાધનામાં - આત્મકલ્યાણમાં સદુપયોગ કરે છે તેઓ આ સહુથી શ્રેષ્ઠ કક્ષામાં સ્થાન પામે. પ્રભુ મહાવીરદેવનું એક ટંકશાળી ઉપદેશવચન છે કે **'खणं जाणाहि पंडिए.'** મતલબ કે ખરો પંડિત - વિદ્વાન એ છે કે જે ક્ષણનું મૂલ્ય સમજે. આ અર્થમાં વિદ્વાન - વિચક્ષણ વ્યક્તિ સમયનો ધર્મસાધના માટે કેવો સદુપયોગ કરે એ નિહાળવું છે? તો વાંચો મન્ત્રીશ્વર પેથડશાહની આ સત્ય ઘટના :

જૈન ઈતિહાસમાં સુકૃતસાગરરૂપે પંકાયેલ પેથડશાહે સદ્‌ગુરુના મુખેથી 'ઉપદેશમાલા' ગ્રન્થનો મહિમા સાંભળીને એ ગ્રન્થ આત્મજાગૃતિ માટે કંઠસ્થ કરવાનો નિર્ણય કર્યો. માંડવગઢના રાજ્યની જવાબદારીઓ વચ્ચે પાંચસો ચુમ્માલીશ ગાથા કંઠસ્થ કરવાનો સમય કાઢવો મુશ્કેલ હતો. પરંતુ પેથડશાહે એનો ઉપાય એ કર્યો કે પોતાના મહાલયથી રાજ્યસભામાં શિબિકામાં બેસી જવા - આવવાના સમયખંડમાં આ ગ્રન્થ કંઠસ્થ કરવો. ગમનાગમનના સમયખંડનો આ રીતે શ્રેષ્ઠ સદુપયોગ કરી એમણે જોતજોતામાં સમગ્ર ગ્રન્થ કંઠસ્થ કરી દીધો ! આ હતો સમયનો ધર્મક્ષેત્રે સદુપયોગ કરવાનો આદર્શ અભિગમ.

છેલ્લે સમયના આ રીતના સદુપયોગના સંદર્ભમાં મજાનું સુવાક્યઃ **જે સમયને સાચવે છે, સમય એને સાચવે છે.**

◆ ◆ ◆

3

પ્રભુ મહાવીરની વિવેકદષ્ટિનો પાવન સંદેશ : ભોગમાર્ગ કરતાં ત્યાગમાર્ગ નિઃશંક મહાન છે.

સાધના દ્વારા જીવનશુદ્ધિ અને જીવનસિદ્ધિ પ્રાપ્ત કરવાનો સંદેશ આપતા પર્વાધિરાજ પર્યુષણાનો આજે તૃતીય દિવસ છે. આજે આપણે વિચારવિહાર કરીશું પ્રભુમહાવીરદેવે સાધનાકાળના પ્રારંભે સ્વીકારેલ અભિગ્રહો પૈકી ત્રીજા અભિગ્રહની આસપાસ.

પર્યુષણાના પ્રવચનગ્રન્થ 'કલ્પસૂત્ર'ની ટીકા કહે છે કે પ્રભુનો ત્રીજો અભિગ્રહ હતો ''न गेहिविनय:कार्य:.'' ભાવાર્થ કે ગૃહસ્થ-સંસારી વ્યક્તિનો આદર-સત્કાર યા આળ-પંપાળ ન કરવી. પ્રભુના આ નિયમનો રહસ્યાર્થ ખૂબ ગંભીરપણે સમજવા જેવો છે. અહીં ગૃહસ્થના અનાદર અર્થાત્ તિરસ્કારનો કોઇ અભિગમ નથી. પરંતુ સાધનાને અને ત્યાગમાર્ગના મહિમાને સુરક્ષા બક્ષવાનો અભિગમ છે. જરા સમજીએ આ બન્ને અભિગમ. પ્રભુ રાજ્ય-સમૃદ્ધિ અને સ્વજનો સુદ્ધાં છોડીને દીક્ષિત એટલા માટે થયા હતા કે એમને ઉચ્ચતમ સાધના દ્વારા આત્મશુદ્ધિ-આત્મસિદ્ધિ વરવી હતી. હવે જો તેઓ ગૃહસ્થસંપર્કમાં રહે

ને એમની આળપંપાળ કરે તો સાધના વિક્ષિપ્ત થઇ જાય-ખોરવાઇ જાય. માટે પ્રભુનો આ અભિગમ યથાર્થ હતો. હવે સમજીએ બીજો અભિગમ. ભોગ કરતાં ત્યાગ નિઃશંક આદરણીય-મહાન હોવાથી ભોગીએ ત્યાગીનો વિનય-આદર કરવો જોઇએ, ત્યાગીએ ભોગીનો નહિ. ત્યાગમાર્ગના મહિમાનો આદર્શ પ્રસ્થાપિત થાય એ હતો પ્રભુના અભિગ્રહનો બીજો અભિગમ.

પ્રભુના આ અભિગ્રહમાંથી સંસારત્યાગીવર્ગ અને સંસારીવર્ગ, બન્નેને ખૂબ મહત્ત્વનો બોધ મળે તેમ છે. પહેલા વિચારીએ સંસારત્યાગીવર્ગ માટેનો બોધ. સંસારત્યાગીવર્ગે એ લક્ષ્ય ખાસ રાખવું જોઇએ કે જાણતા યા અજાણતા એની નાની-મોટી કોઇ પણ પ્રવૃત્તિ દ્વારા ત્યાગી પર ભોગીવર્ગનું વર્ચસ્વ ન સર્જાય. કેટલીક વાર ક્યાંક ક્યાંક આવી પ્રવૃત્તિ ખુદ ત્યાગીવર્ગ દ્વારા થતી નિહાળાય છે. કેટલાક આવાં ઉદાહરણો નિહાળીએ.

(૧) પ્રવચનસભામાં ગુરુભગવંતનું પ્રવચન થતું હોય અને કોઇ શ્રીમંત ગૃહસ્થ મોડા મોડા સભામાં આવે. આ સમયે ક્યાંક ગુરુભગવંત એને જાહેરમાં આગળ આવવા ઇશારો કરે કે બોલાવે. આ દૃશ્યથી જનસામાન્યનાં મનમાં 'શ્રીમંતોની શ્રીમંતાઇની જ આ બોલબાલા છે' એવી ગલત અસર સર્જાય. વસ્તુતઃ શિસ્ત એ છે કે જે મોડા આવે એ પાછળ બેસે. એમાં ગુરુભગવંતે એને આગળ બોલાવવાના ન હોય. (૨) ક્યારેક ત્યાગી વર્ગ દ્વારા શ્રીમંતની ખુશામત જેવી હદની પ્રશંસા કરાતી હોય છે. શ્રીમંતના દાનગુણની યથોચિત ઉપબૃંહણા-અનુમોદના અલગ બાબત છે અને ખુશામત અલગ બાબત છે. આવી ભેદરેખાનો ખ્યાલ ત્યાગીવર્ગે રાખવો જ જોઇએ.

(૩) ક્યારેક મન્ત્રી-મુખ્યમન્ત્રી-પ્રધાનમન્ત્રી વગેરેને મળવા સંતો એમને ત્યાં જતા હોય છે. એકંદર આ ઉચિત-સ્વસ્થ પ્રણાલિકા નથી. ભારતવ્યાપી અહિંસાપ્રવર્તન જેવા મહાન હેતુ સિદ્ધ કરનાર જગદ્ગુરુ શ્રીમાન હીરસૂરીશ્વરજી મહારાજ સમ્રાટ અકબરના સમયમાં દીલ્હી પધાર્યા એ એમના મહાન હેતુના સંદર્ભમાં ઉચિત ગણાય. પરંતુ આવી કોઇ હેતુસિદ્ધિ વિના માત્ર દેખાવ-impression ખાતર સામે પગલે રાજનેતાઓની મુલાકાત ઉચિત ન ગણાય. અરે! ઘણી વાર તો આવી મુલાકાતનો હેતુ ફક્ત **'photo session'** પૂરતો

જ હોય છે. વસ્તુતઃ ત્યાગની મહત્તા સ્થપાય તેવો સ્વસ્થ અભિગમ એ છે કે રાજનેતાને જરૂર હોય તો એ સંતની પાસે આવે, સંતે એની પાસે જવાની જરૂર ન હોય. ખબર છે વિશ્વવિજેતા સમ્રાટ સિકંદરની આ ઘટના?

સિકંદર જ્યારે ભારતનો પ્રદેશ જીતવા નીકળ્યો ત્યારે એના ગુરુએ એને કહ્યું હતું કે શક્ય હોય તો ભારતના કોઇ તત્ત્વજ્ઞાની સાચા સંતને ગ્રીસમાં લેતો આવજે.'' રાજા પૌરવ સાથેનું યુદ્ધ જીતી લીધા પછી વિદાય થતાં પૂર્વે એણે એવા સંતની શોધ ચલાવી. નજીકનાં વનમાં આવા કોઈ સંત વસતા હોવાની માહિતી મળતાં સિકંદરે એમને તેડાવવા પોતાના અધિકારીઓને પાઠવ્યા. સંતે સિકંદર પાસે આવવાનો ધરાર ઇન્કાર કરીને ત્યાગની મહત્તા પ્રસ્થાપિત કરે તેવો ખુમારીભર્યો ઉત્તર આપ્યો : ''મારે સિકંદરની કોઇ જરૂર નથી, સિકંદરને જરૂર હોય તો એ મને મળવા આવે.'' અધિકારીઓએ એ સમજાવવાની કોશિશ કરી કે 'સિકંદર જગતનો સર્વોચ્ચ સત્તાધીશ છે. એને મળવાથી તમારી વાહવાહી થઇ જશે, પ્રસિદ્ધિ મળશે.' પરંતુ સંતે એમાં કોઇ રસ ન દર્શાવ્યો.

અંતે સિકંદર સામે પગલે સંત પાસે આવ્યો. સંતે કોઈ શેહશરમ રાખ્યા વિના એની સામે વૈચારિક દર્પણ ધરી દીધું કે ''તું ભલે દુન્યવી દૃષ્ટિથી સૌથી મોટો સમ્રાટ હો, પરંતુ ભીતરથી તું સત્તા-સંપત્તિભૂખ્યો મોટો દરિદ્ર છે. માટે જ તને અન્યોની સમૃદ્ધિ-સત્તા હડપ કરી લેવાનું સૂઝે છે.'' સંતની નિઃસ્પૃહતાથી પ્રભાવિત સિકંદરે એમને પોતાની સાથે આવવાનું આમન્ત્રણ આપ્યું, તો સંતે ઇન્કાર કરીને કહી દીધું કે ''મારે કોઇ પ્રસિદ્ધિની ઝંખના નથી. તો પછી અહીંની સાધના છોડી તારી સાથે આવવાની મારે શી જરૂર?'' યાદ આવે અહીં પેલી ખુમારીછલકતી પંક્તિ કેઃ-

चाह गइ चिंता मटी, मनवा बेपरवाह।
जिसको कुछ न चाहिए, वो शाहोंका शाह।।

હવે વિચારીએ પ્રભુના અભિગ્રહમાંથી સંસારીવર્ગ માટે ઉપલબ્ધ થતો બોધ. સંસારી વ્યક્તિરૂપે તમે શ્રીમંત હો યા સત્તાધીશ, ત્યાગીવર્ગનાં ધર્મકાર્યોમાં તમે સહાયક બન્યા હો કે મૂલાધાર બન્યા હોઃ પરંતુ તમારામાં એટલી વિવેકદષ્ટિ હોવી જ જોઇએ કે ત્યાગીવર્ગ પાસેથી માન-પાનની અપેક્ષા ન હોય. તમે

પ્રવચનમાં વિલંબથી આવ્યા હો તો સભાની શિસ્ત જાળવી જ્યાં જગ્યા હોય ત્યાં બેસી જવાનું હોય, ગુરુભગવંત આગળ બોલાવે તેવી અપેક્ષા રાખવાની ન હોય. તમે ચાહે તેવું મોટું ધર્મકાર્ય કર્યું હોય, ગુરુભગવંતો એની પ્રશંસા કરે જ એવી અપેક્ષા ન રખાય. અરે! ત્યાગીવર્ગ પાસેથી આવી આવી અપેક્ષાની ક્યાં વાત? તમારી વિવેકદૃષ્ટિ તો એવી ખીલવી જોઈએ કે તમારાથી ન્યૂન શક્તિયુક્ત વ્યક્તિ પણ જો ધર્મારાધનામાં જોડાયેલ હોય તો તે સમયે એ તમને આગળ બેસવાનું માન-પાન આપે એટલી ય અપેક્ષા ન રાખવી. આ સંદર્ભમાં આપણે અહીં ટાંકીશું ગત લેખમાં જેમને યાદ કર્યા હતા એ મન્ત્રીશ્વર પેથડશાહનો અન્ય એક જીવનપ્રસંગ :

મન્ત્રીશ્વર પેથડશાહને નિયમ હતો કે પ્રભુભક્તિ સમયે તમામ કાર્યો જતાં કરી તલ્લીનભાવે ભક્તિ કરવી. એક વાર પ્રભુભક્તિ સમયે જ રાજા તરફથી તુર્ત મળવાનો સંદેશ આવ્યો. નિયમ મુજબ પરિવારજનોએ ગૃહમંદિરમાં રહેલ પેથડશાહને એ સંદેશ જ ન પહોંચાડ્યો. બીજી-ત્રીજી વારના સંદેશા પછી ય મન્ત્રીશ્વર ન આવતા રાજા સ્વયં મન્ત્રીશ્વરના મહેલ પર આવ્યા. ત્યાં ગૃહજિનાલયમાં તલ્લીનતાથી ભક્તિ કરતાં મન્ત્રીશ્વરને નિહાળી રાજા એટલા પ્રસન્ન થઈ ગયા કે મન્ત્રીશ્વરને આંગી માટે પુષ્પો આપતાં કર્મચારીનાં સ્થાને રાજા બેસી ગયા અને મન્ત્રીશ્વરને પુષ્પો આપવાનું કાર્ય સ્વયં રાજા કરવા માંડ્યા. ધર્મમાં રાજા-પ્રજાનો ભેદ એમણે ન રાખ્યો.

છેલ્લે આજની ચિંતનયાત્રાના સારરૂપે એક વાતઃ **ધર્મક્ષેત્રીય તમામ બાબતોને લોકમાં દેદીપ્યમાન બનાવતું તત્ત્વ એક છે અને એનું નામ છે વિવેકદૃષ્ટિ.**

◆ ◆ ◆

૪

ત્રણ વર્ષે બોલવાનું શીખી જતાં માનવીને એ પછી મૌન રહેવાનું શીખતા આખી જિંદગી ઓછી પડે છે!

સાધનાની સૂરીલી સરગમ બજાવતા પવિત્ર પર્વાધિરાજ પર્યુષણાનો આજે ચતુર્થ દિવસ છે. આજે આપણે પ્રભુમહાવીરદેવે સાધનાપ્રારંભે સ્વીકારેલ પાંચ અભિગ્રહો પૈકી ચોથા અભિગ્રહને કેન્દ્રમાં રાખી ચિંતનયાત્રા કરીશું.

પર્યુષણાના મુખ્ય પ્રવચનગ્રન્થ 'કલ્પસૂત્ર' ની ટીકામાં, પ્રભુના સાધનાકાળના પ્રથમ ચાતુર્માસનો ઉલ્લેખ છે. તેમાં જે પાંચ અભિગ્રહો પ્રભુએ સ્વીકાર્યાનું જણાવ્યું છે એમાંનો ચોથો અભિગ્રહ હતો ''મૌનમ્.'' અર્થાત્ જ્યાં સુધી સાધના સિદ્ધિમાં ન પરિણમે અને કેવલજ્ઞાનપ્રાપ્તિનું લક્ષ્ય સિદ્ધ ન થાય ત્યાં સુધીના સમગ્ર સાધનાકાળમાં મૌનપૂર્વક જ રહેવું. પ્રભુ મહાવીરદેવનો મૌનમય આ સાધનાકાળ સાડા બાર વર્ષનો સુદીર્ઘ હતો.

તીર્થંકર ભગવંતો માટે એક નિયમ એ છે કે તેઓ સ્વયંબુદ્ધ હોવાથી અન્યોના બોધના આધારે કદી ઉપદેશ ન આપે, સ્વયં કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ જ ઉપદેશ આપે. આથી સાધનાકાળમાં એમને ઉપદેશ આપવાનો ન

હતો, તો વચનનો વ્યાવહારિક-ઔપચારિક બાબતોમાં ઉપયોગ થાય અને આત્મસાધનામાં વિક્ષેપ થાય એ એમને સ્વીકાર્ય ન હતું. આથી સાધનાકાળના પોતાનાં એકમાત્ર લક્ષ્ય આત્મકલ્યાણને બરકરાર રાખવા પ્રભુમહાવીરદેવે આ સુદીર્ઘકાલીન મૌનનો કઠિન અભિગ્રહ સ્વીકાર્યો હતો.

આપણે વકતૃત્વકળા શીખવાની વાતો ઘણી સાંભળી છે અને વક્તૃત્વકળાના લાભો પણ ઘણા સાંભળ્યા છે. આજે પ્રભુ મહાવીરદેવના આ અભિગ્રહનાં આલંબને મૌનની મહત્તાને સમજીએ, મૌનના મહાન લાભો સમજીએ. જેઓ ખરેખર સાધનામાર્ગના-આરાધનામાર્ગના આશિક છે તેઓ માટે તો મૌન ચોક્કસ જ ઉત્તમ બાબત છે. કિંતુ જેઓ હજુ એ સ્તર સર નથી કરી શક્યા તેઓને પણ મૌનના કેટલાક લાભો અવશ્ય ઉપયોગી છે. આપણે અહીં મૌનના અનેક પૈકી ચાર લાભો પર વિચારણા કરીએઃ

(૧) અંતર્મુખતા વધે ઃ-

એક વાત ખબર છે? જે સરોવરમાં પથ્થર ન ફેંકાયો હોય એ સરોવરનાં જળમાં કોઈ વમળ ન હોય-એ શાંત હોય. પરંતુ જ્યાં એ સરોવરમાં પથ્થર ફેંકાય ત્યાં તુર્ત એમાં વમળો-વર્તુળો રચાવા માંડે. એકથી બીજું મોટું, બીજાથી ત્રીજું મોટુંઃ એમ વર્તુળોની પરંપરા સર્જાઈ જાય. બસ, સાધનાજગતની સ્થિતિ પણ આ સરોવર જેવી છે. જ્યાં સુધી અન્યોના સંપર્ક ન હોય ત્યાં સુધી ચિત્તવૃત્તિનાં જળમાં સંકલ્પ-વિકલ્પનાં વમળો ન સર્જાય. એ લગભગ શાંત-સ્થિર હોય. પરંતુ જ્યાં અન્યોના સંપર્ક વધે ત્યાં સંકલ્પ-વિકલ્પનાં વમળો રચાવા માંડે. એકમાંથી બીજા, બીજામાંથી ત્રીજાઃ એમ સંકલ્પ-વિકલ્પોની પરંપરા સર્જાતી રહે. મૌન એ સંપર્કો ન સર્જાવા દેવાનું અક્સીર આલંબન બની શકે છે. એથી જ એવું નિહાળવા મળે છે કે જે મર્મી સાધકો છે તેઓ વધુમાં વધુ મૌન અને લોકસંપર્કથી દૂર રહેતા હોય છે.

આપણે આ સમજતા નથી. એથી સંપર્કનાં જાળાં ગૂંથવામાં રાચતા રહીએ છીએ અને એ માટે વાણીનો મહત્તમ ઉપયોગ કરીએ છીએ. પછી એવી આદત બની જાય છે કે બોલ્યા વિના ચાલે નહિ, થોડી વારનું મૌન પણ પરવડે નહિ. યાદ રહે કે આવશ્યક્તા વિનાનું વધુ પડતું બોલવું એ બહિર્મુખ

જીવનશૈલીનું દ્યોતક છે. અરે! ઘણી વાર તો એવું ય બને છે કે આપણી આ વધુ પડતું બોલવાની વૃત્તિ સામી વ્યક્તિને અરુચિકર બનતી હોય તો ય **'आदतसे मजबूर'** આપણે એ છોડી શકતા ન હોઈએ. ખબર છે પેલી રમૂજકથા?

લગ્નની પચીશમી તિથિએ હર્ષઘેલી થઇ ગયેલ પત્નીએ સવાર-સવારમાં પતિને પૂછ્યું કે ''આજે આપણી પચીશમી લગ્નતિથિ છે. એ નિમિત્તે તમે મને શું **gift** આપશો?'' પત્નીની સતત બોલ-બોલ કરવાથી ત્રાસેલ પતિએ દાઢમાં કહ્યુંઃ ''તું જો સળંગ પચીશ મિનિટ સંપૂર્ણ મૌન રહે તો હું તને પચીશ હજાર રૂ.ની એક વીંટી ભેટ આપું.'' ઘેલી પત્નીએ આ પ્રસ્તાવ સ્વીકારી લીધો. એણે પ્રસ્તાવ જીતવા મૌન શરૂ કર્યું. પણ બરાબર સોળમી મિનિટે, મૌનથી આકુળ-વ્યાકુળ થઇ ગયેલી પત્ની બોલી ઊઠી : ''હજુ કેટલી મિનિટ બાકી છે?'' અને...શરત મુજબ પત્ની વીંટીની **gift** હારી ગઇ.

(૨) વચનનો દુરુપયોગ અટકે :-

વાણી માટે એક સરસ કાવ્યપંક્તિ રચાયેલી છે કેઃ-

વચન રતન મુખકોટડી, બંધ કરી દીજે તાળ;
ગ્રાહક હોય તો ખોલીએ, દીજે વચન રસાળ.

એ કહે છે કે વચન મૂલ્યવાન રત્ન છે અને મુખ એની તિજોરી છે. રત્નને જેમ તાળામાં બંધ રાખવામાં આવે છે તેમ વાણીને ય મૌનનાં તાળામાં બંધ રાખવી જોઈએ. ગ્રાહક આવે ત્યારે જેમ એ તિજોરી ખોલીને જરૂર મુજબના રત્નો બતાવાય છે એમ યોગ્ય વ્યક્તિ આવે ત્યારે જ યોગ્ય રસાળ વચનોની લહાણી એને કરવી જોઈએ. વ્યક્તિ જો સમજદાર બનીને આ અભિગમ આત્મસાત્ કરે તો એ વાણીના વ્યર્થ ઉપયોગથી અને દુરુપયોગથી જરૂર બચી જાય.

વાણીના ઘણા ઘણા દુરુપયોગ પૈકી પહેલો દુરુપયોગ છે નિંદા. જેને બોલ બોલ કરવાની આદત છે એ એટલી સહેલાઈથી નિંદામાં જોતરાઈ જાય કે ઘણી વાર તો સ્વયં એને ય ખબર ન હોય કે હું આ નિંદા કરી રહ્યો છું. આવાઓ માટે પેલો કટાક્ષ લાગુ થઈ જાય કે 'નિંદક એવો ધોબી છે કે જે વિના વેતને ગામ આખાનાં મેલાં વસ્ત્રો ધોવાનું કામ કરે છે.' જેમને ગામગપાટાની આદત

છે-બોલ્યા વિના રહેવાતું નથી તેઓ બહુ ઝડપથી આ સ્તરે પહોંચી જતા હોય છે... વાણીનો બીજો દુરુપયોગ છે મર્મવચન. બોલ બોલ કરવાની આદત ધરાવનારા ઘણી વાર વગર વિચાર્યે બોલવાથી સામી વ્યક્તિના મર્મ પર એવો પ્રહાર કરી બેસે કે એનાથી વૈરની-અનર્થોની પરંપરા સર્જાય. આનું સૌથી શ્રેષ્ઠ ઉદાહરણ છે દ્રૌપદી. મહેલમાં જલનો ભ્રમ કરી બેસનાર દુર્યોધનને એણે કહ્યું હતું કે ''આંધળાના દીકરા તો આંધળા જ હોય ને?'' આ મર્મવચન હતું અને એ વચને 'મહાભારત' નું ભીષણ યુદ્ધ સર્જી દીધું.

(૩) કલહ અટકે :-

સંસ્કૃતમાં મસ્ત ઉક્તિ છે કે ''मौनिन: कलहो नास्ति.'' જે મૌન રહે એને ઝઘડા ન થાય. પૂર્વોક્ત ઉદાહરણ જ યાદ કરીએ તો, દ્રૌપદી જો મૌન રહી હોત તો મહાભારત સર્જાત નહિ. યાદ રહે કે દંપતી વચ્ચે જેટલા પણ લગ્નવિચ્છેદ થયા છે કે મિત્રો વચ્ચે જેટલા પણ સંબંધવિચ્છેદ થયા છે એ યોગ્ય વાત નહિ બોલવાનાં કારણે નહિ, કિંતુ અયોગ્ય વાત બોલી નાખવાનાં કારણે થયા છે.

(૪) વાણી ઓજસ્વી બને :-

વાણી માટે એક નિયમ છે કે એ જો ખપપૂરતી જ અને વિવેકમંડિત બોલાય તો એ ખૂબ ઓજસ્વી-અત્યંત અસરકારક પુરવાર થાય. કેટલી ય વાર એવું જોવાય છે કે મહાન સંતપુરુષોનાં એકમાત્ર વાક્યથી સામી વ્યક્તિનાં જીવનનો આમૂલચૂલ ઉદ્ધાર થઈ જાય અને એ જાણે વાલીયામાંથી વાલ્મિકી બની જાય. ખપપૂરતી જ બોલાતી વાણીનાં આ ઓજ છે-તેજ છે.

છેલ્લે એક માર્મિક વાતઃ **ત્રણ વર્ષની વયે બોલવાનું શીખી જતાં માનવીને પછી મૌન રહેવાનું શીખતા પૂરી જિંદગી ઓછી પડતી હોય છે.**

◆ ◆ ◆

૫

બોજ જો અલ્પ હોય તો પ્રવાસ સરસ બને...
પરિગ્રહ જો અલ્પ હોય તો સાધના સરસ બને...

અંતરનાં આકાશે અપરિગ્રહનાં અજવાળાં પ્રસરાવતા પવિત્ર પર્વાધિરાજ પર્યુષણાનો આજે પાંચમો દિવસ છે. આજે આપણે વિચારવિહાર કરીશું પ્રભુ મહાવીરદેવે સ્વીકારેલ પાંચમા અભિગ્રહની આસપાસ.

પર્યુષણાના મુખ્ય પ્રવચનગ્રન્થ 'કલ્પસૂત્ર'ની ટીકા કહે છે કે સાધનાકાળના પ્રારંભે પ્રભુએ જે પાંચ કઠિન અભિગ્રહો - નિયમો અપનાવ્યા હતા તેમાંનો પાંચમો - અંતિમ નિયમ આ હતો કે ''पाणौ च भोजनम्.'' ત્યાગની પરાકાષ્ઠાના આ નિયમનો અર્થ એ હતો કે દીર્ઘ ઉપવાસોની અતિ કઠોર સાધનાના અંતે જ્યારે પ્રભુ પારણું કરે ત્યારે તેઓ હાથમાં જ ભોજન સ્વીકારે. ન એ કોઈ પાત્ર રાખે, ન એ કોઈ પ્યાલો સુદ્ધા રાખે. પૂર્વાવસ્થાની દોમ દોમ રાજ્યસમૃદ્ધિ દરમ્યાન સુવર્ણનાં અને રજતનાં ભાજનોમાં ભોજન કરનાર પરમાત્મા મહાવીરદેવ પાત્ર - પ્યાલા જેવી જીવનાવશ્યક સામાન્ય ચીજનો ય પરિગ્રહ - સંગ્રહ ન કરે એ વાત જાણીએ ત્યારે પ્રભુની અપ્રતિમ અપરિગ્રહવૃત્તિને અવશ્ય મન - મસ્તક

ઝૂકી જાય. અલબત્ત, પ્રભુ પાસે એવો અતિશય હોય છે કે એમને ભોજનરૂપે પ્રવાહી દ્રવ્ય મળે તો ય એનું એક બુંદ પણ નીચે ન પડે, બલ્કે આશ્ચર્યજનક રીતે એની ધાર ઊંચે ચડતી જાય. આ વિશેષતા હોવાનાં કારણે પ્રભુ કરપાત્રી બને એ ઉચિત છે. જ્યાં આ વિશેષતા નથી એ વર્તમાનકાલીન સ્થવિરકલ્પી મુનિવરોએ કરપાત્રી બનવાનો આચાર નથી. પરંતુ પ્રભુના આ અભિગ્રહમાંથી આત્મકલ્યાણાર્થી શ્રમણોએ અને ગૃહસ્થોએ એક ઉત્તમ આદર્શ સ્વીકારવાનો છે. એ છે અપરિગ્રહ.

જૈન શાસને વિશ્વને ભેટ આપેલ બે અમૂલ્ય સિદ્ધાંતો છે અનેકાંત અને અપરિગ્રહ. વિચારનાં ક્ષેત્રે અનેકાંત અદ્ભુત છે, તો આચારનાં ક્ષેત્રે અપરિગ્રહ અદ્ભુત છે. અનેકાંત એટલે 'મારો અભિપ્રાય જ સાચો' આવું દુરાગ્રહી વલણ નહિ, બલ્કે અન્ય દૃષ્ટિબિંદુથી 'બીજાઓનો અભિપ્રાય પણ સાચો' આવું અનાગ્રહી વલણ. ઉદાહરણ રૂપે એક સ્ત્રીને કોઈ વ્યક્તિ આગ્રહપૂર્વક એમ કહે કે 'આ મા જ છે' તો એ ઐકાંતિક - દુરાગ્રહી વલણ છે. કિંતુ જ્યારે એ એમ કહે કે 'આ સ્ત્રી મારી દૃષ્ટિએ મા છે અને અન્યોની અપેક્ષાએ પુત્રી - બહેન - પત્ની પણ છે' તો એ અનેકાંતભર્યું સત્ય વલણ છે. અનેકાંતનું આ તત્ત્વજ્ઞાન જીવનમાં મતાગ્રહના કોઈ સંક્લેશ સર્જાવા ન દે. એ જ રીતે આચારક્ષેત્રની અદ્ભુત બાબત છે અપરિગ્રહ. ધન - સંપત્તિ - પદાર્થોનો સંગ્રહ ન કરવો, બલ્કે જરૂરિયાતો સીમિત કરતા જઈને સંપત્તિનો - પદાર્થોનો સ્વેચ્છાએ ત્યાગ કરવો એ છે બાહ્ય અપરિગ્રહ અને એના પરની આસક્તિનો - મૂર્છાનો ત્યાગ કરવો એ છે અભ્યંતર અપરિગ્રહ. આ અપરિગ્રહનો આદર્શ યથાર્થ આત્મસાત્ થઈ જાય તો વિશ્વમાંથી શોષણવૃત્તિ ગરીબ - શ્રીમંતના ભેદ વગેરે દૂર થઈ જાય.

પ્રભુએ ઉપદેશ દ્વારા અને આચરણ દ્વારા પ્રબોધેલ આ અપરિગ્રહના આદર્શને આપણે સંક્ષેપમાં સંસારત્યાગીજનોના સંદર્ભમાં અને સંસારીજનોના સંદર્ભમાં પણ વિચારીએ : જે સંસારત્યાગી શ્રમણો છે એના જિનકલ્પી અને સ્થવિરકલ્પી, એમ બે પ્રકાર છે. જેઓ જિનકલ્પી છે તેઓ તથાવિધ સામર્થ્યનાં કારણે જિનેશ્વર ભગવંત જેવા આચારોનું પાલન કરે. જેમ કે તેઓ જિનેશ્વરપ્રભુની જેમ કરપાત્રી રહે અને પાત્ર જેવી સામાન્ય ચીજનો ય પરિગ્રહ -

સંગ્રહ ન રાખે. વર્તમાનમાં આ જિનકલ્પનો વિચ્છેદ છે, માટે આવા શ્રમણો નથી હોતા. વર્તમાનમાં માત્ર સ્થવિરકલ્પી શ્રમણો જ હોય છે. આ સ્થવિરકલ્પી સંસારત્યાગી વર્ગને ખપપૂરતી - જરૂરપૂરતી વસ્ત્ર - પાત્રાદિ ઉપધિના સંગ્રહની અનુજ્ઞા છે. અપરિગ્રહનો આદર્શ આત્મસાત્ થાય તે માટે સાચા શ્રમણો માત્ર આવશ્યક ઉપધિ જ રાખે અને એ પણ મૂલ્યવાન ન હોય - સાદી હોય એની કાળજી રાખે. સાધુ માટે એક અર્થપૂર્ણ ઉક્તિ પ્રચલિત છે કે ''જેનું જીવન સાદુ એનું નામ સાધુ.' આ ઉક્તિ આવા સાચા શ્રમણોને એકદમ શોભી ઊઠે. આ ઉપરાંત એ શ્રમણો જ્યારે જ્યારે કોઈ પદાર્થ - વસ્તુ યા વ્યક્તિ આસક્તિનું - મૂર્છાનું નિમિત્ત બની રહ્યાનું લાગે ત્યારે ત્યારે વસ્તુતત્ત્વનું યથાર્થ ચિંતન કરી એની આસક્તિ એકદમ જ ખંખેરી નાંખે. ખબર છે પેલું પ્રેરક દષ્ટાંત?

સંસારત્યાગની પૂર્વભૂમિકારૂપે સમજપૂર્વક વાનપ્રસ્થાશ્રમ સ્વીકારનાર એક દંપતી. ગામથી થોડે દૂર એકેક અલાયદી કુટિરમાં બન્ને રહે. જરૂરિયાત એમણે એકદમ સીમિત કરી દીધી હતી, તો પરસ્પરની વાતચીત પણ એમણે સીમિત કરી દીધી હતી. એક વહેલી પ્રભાતે સ્નાન કરી પરત આવતાં પતિએ માર્ગમાં સોનાનો ચમકતો હાર નિહાળ્યો. અપરિગ્રહનો આદર્શ સ્વીકાર્યો હોવાથી એણે એ લેવાનો વિચાર ન કર્યો. પરંતુ પાછળ જ થોડે દૂર રહેલ પત્ની આ સુવર્ણહાર પર આકર્ષિત ન થઈ જાય તે માટે એણે હાર પર ધૂળ ઢાંકવા માંડી. વિચક્ષણ પત્ની 'કાંઈક બની રહ્યું છે' જાણી તુર્ત નજીક આવી ગઈ. પતિએ સ્પષ્ટતા કરી કે ''તને આ સુવર્ણહાર પર આસક્તિ ન થઈ જાય માટે હું એને ધૂળથી ઢાંકી રહ્યો છું.'' વળતી જ ક્ષણે પત્નીએ જે જવાબ આપ્યો એ લા-જવાબ હતો. એણે પતિને કહ્યું : ''તમે એમ માનો છો કે હું સુવર્ણહાર પર ધૂળ નાંખું છું. પણ હું તો એમ માનું છું કે તમે ધૂળ પર ધૂળ નાંખી રહ્યા છો. સુવર્ણ પૃથ્વીકાયનું જ એક સ્વરૂપ છે. માટે મારે મન એ ધૂળથી જરા ય વિશેષ નથી!''

પત્નીનો આ ઉત્તર આસક્તિ તોડવા માટે થયેલ વસ્તુતત્ત્વનાં યથાર્થ ચિંતનનો દ્યોતક છે. જાગૃત શ્રમણ આ અભિગમ ધરાવે અને એના માટે સતત પેલા શાસ્ત્રવચનનો સહારો લે કે **'मुच्छा परिग्गहो वुत्तो.'** મતલબ કે મૂર્ચ્છા - આસક્તિ જ ખરો પરિગ્રહ છે. માટે એનાથી મુક્ત રહેવું...

હવે વિચારીએ સંસારી જનોના સંદર્ભમાં આ અપરિગ્રહનો આદર્શ. સ્વાભાવિક જ છે કે એ સંસારમાં રહેવાથી - પરિવારજનોસહિત હોવાથી સંપૂર્ણ અપરિગ્રહી ન બની શકે. પરંતુ અપરિગ્રહનો આદર્શ આત્મસાત્ કરવા એ પણ બે અભિગમ દાખવે. પહેલો એ કે દરેક વસ્તુ મૂલ્યવાન જ જોઈએ યા ચોક્કસ પસંદગીની જ જોઈએ એવી માનસિકતા એ ન રાખે. Car latest modelની મોંઘી જ જોઈએ કે furniture એકદમ rich જ જોઈએ આવું આગ્રહી વલણ ન રાખે. આ વલણ આસક્તિનું - મૂર્છાનું પ્રબળ કારણ બને. બીજો અભિગમ એ કે તે જરૂરિયાત વધુ ને વધુ સીમિત કરે. જેની જરૂરિયાત અલ્પ, એને સંપત્તિનો પરિગ્રહ પણ અલ્પ. આવી વ્યક્તિને પુણ્યોદયથી સંપત્તિ વધુ પણ મળી હોય તો ય એ એનો મહત્તમ ઉપયોગ ધર્મમાં - પરોપકારમાં કરશે. પેલી ઉક્તિ પણ આ જ સમજાવે છે ને કે 'જે જાત માટે સાંકડો એ પરોપકાર માટે પહોળો ને જે જાત માટે પહોળો એ પરોપકાર માટે સાંકડો.' જરૂરિયાત સીમિત હોય એનું વલણ પરિગ્રહ અંગે કેવું હોય એ જાણવું છે? તો વાંચો સૉક્રેટીસની આ જીવનઘટના :

ચાહકના આગ્રહથી એની નવી દુકાનનું ઉદ્ઘાટન કરવા ગયેલ સૉક્રેટીસને એમાંની કોઈ મૂલ્યવાન ચીજ લેવા ચાહક દુકાનદારે ખૂબ આગ્રહ કર્યો. સૉક્રેટીસે શાંતિથી માર્મિક વાત કહી કે ''દવાની દુકાનનું હું ઉદ્ઘાટન કરું તો એમાંની એકે ય મૂલ્યવાન દવા હું ન લઉં. કેમ કે મને દવાની જરૂર જ નથી. બસ, આ જ વાત અત્યારે પણ લાગુ પડે છે.'' ચાહક દુકાનદાર મુગ્ધ થઈ ગયો સૉક્રેટીસના આ અભિગમ પર.

છેલ્લે એક વાતઃ **બોજ જો અલ્પ હોય તો પ્રવાસ સરસ બને અને પરિગ્રહ જો અલ્પ હોય તો સાધના સરસ બને...**

◆ ◆ ◆

૬

બલવાન સામે ભયથી ચૂપ રહેવું એ ક્ષમા નથી... નિર્બલ સામે ય સમતાથી મૌન રહેવું એ ક્ષમા છે...

મનના મંદિરમાં સહિષ્ણુતાની સૂરીલી સરગમ બજાવવાની મંગલ પ્રેરણા કરતા પાવન પર્વાધિરાજ પર્યુષણાનો આજે છટ્ઠો દિવસ છે. પ્રથમ લેખમાં જણાવ્યા મુજબ, આજથી ત્રણ દિવસ 'કલ્પસૂત્ર'ના એ ત્રણ વિચારબિંદુઓ પર ચિંતનયાત્રા કરીશું કે જેમાં ઉપસર્ગો પ્રત્યે પરમાત્મા મહાવીરદેવના ત્રણ અદ્‌ભુત અભિગમ વ્યક્ત થતા હોય.

પર્યુષણાના મુખ્ય પ્રવચનગ્રન્થ 'કલ્પસૂત્ર'ના છટ્ઠા પ્રવચનમાં ઉપસર્ગો અંગે પ્રભુનો અભિગમ દર્શાવતા મૂલ આગમપાઠની પંક્તિ આ છે કે ''सम्मं सहइ खमइ तितिक्खइ.'' આ પંક્તિના ત્રણે ય શબ્દો એક - બીજાના સમાનાર્થી જેવા લાગે. કેમ કે એનો જે અર્થ થાય છે તે સહિષ્ણુતા - ક્ષમા અને તિતિક્ષા પરસ્પરના પર્યાયરૂપે લગભગ પ્રયોજાય છે. પરંતુ ટીકાકાર ભગવંતે એ દરેક શબ્દોના બિલકુલ યથાર્થ અલગ અલગ અર્થઘટન કરીને, ઉપસર્ગો પ્રત્યેની પ્રભુની વિચારધારા કેવી બેમિસાલ હતી એ દર્શાવ્યું છે.

એમાંના પ્રથમ શબ્દ 'सहइ'નું અર્થઘટન ટીકાકાર ભગવંતે આમ કર્યું છે કે ''सम्यक् सहते भयाभावेन''। મતલબ કે પ્રભુ કાતિલમાં કાતિલ ઉપસર્ગોને એવી રીતે સહન કરતા હતા જેમાં ભયનો - ડરનો જરા ય અવકાશ ન હોય. જેનું વર્ણનમાત્ર પણ આપણા રૂવાડાં ખડા કરી દે એવા ઉપસર્ગોની વણઝાર સહન કરનાર પ્રભુના માત્ર ઝલકરૂપ ત્રણ ઉપસર્ગો એ યાદ કરીએ કે જેમાં પ્રભુની નિર્ભયતા પ્રથમ નજરે જ તરી આવે.

પહેલો ઉપસર્ગ વિચારીએ શૂલપાણિ યક્ષનો. યક્ષના ક્રોધનો ભોગ બનેલ અસ્થિકગ્રામના નગરજનોએ પ્રભુને શૂલપાણિ યક્ષના મંદિરમાં રાતવાસો કરવાની સ્પષ્ટ ના કહી હતી. છતાં નિર્ભયતાના અવતાર પ્રભુએ ત્યાં રાતવાસો કરી સામે પગલે યક્ષના ઉપસર્ગો સહન કર્યા... બીજો ઉપસર્ગ વિચારીએ ખતરનાક દૃષ્ટિવિષ સર્પ ચંડકૌશિકનો. એનો ઉપદ્રવ એવો કાતિલ હતો કે માનવ જ નહિ, પશુ - પંખીઓ પણ એના વિસ્તારમાં ફરકતા ન હતા. તો પણ અભયના અવતાર પ્રભુ એનો ઉપસર્ગ સહવા સામેથી એની સમક્ષ ઉપસ્થિત થયા. વિખ્યાત ગીતકાર સ્વ. શાંતિલાલ શાહે પ્રભુને ચંડકૌશિકના વિસ્તારમાં ન જવાનું સમજાવતા ગ્રામજનોનું સરસ શબ્દચિત્ર કથાગીતમાં આવું રમણીય દોર્યું છે કે :-

જાશો મા પ્રભુ પંથ વિકટ છે, ઝેરભર્યો એક નાગ નિકટ છે;
હાથ જોડીને વિનવે વીરને, લોક બધા ભય પામી...
મહાભયંકર એ મારગમાં, વિચરે મહાવીરસ્વામી.

ત્રીજો ઉપસર્ગ યાદ કરીશું અધમ દેવ સંગમનો. સંપૂર્ણ રાત્રિના ધ્યાનનો સંકલ્પ કરનાર પ્રભુને ચલિત કરવા એ દેવે વીશ વીશ ઘોર ઉપસર્ગો કર્યા. છતા ભયશૂન્ય પ્રભુ મેરુ શા દૃઢ બની પોતાના સંકલ્પમાં સ્થિર રહ્યા. પ્રભુના સાધનાકાળના આવા તો કૈંક પ્રસંગો છે કે જેમાં પ્રભુએ ભયરહિતપણે પારાવાર પીડાઓ સમ્યક્ સહન કરી હોય. પ્રભુની ક્ષમાશીલતાનું આ છે પ્રથમ ઉજ્જવલ પાસું.

આની સામે સરખાવીએ આપણી મનોદશાને. આપણે ત્યારે જ સહન કરીએ છીએ કે જ્યારે સામી વ્યક્તિ તરફથી આપણે ભય - ડર અનુભવતા

હોઈએ. અત્યારની શૈલીમાં કહીએ તો 'मजबूरी का नाम महात्मा गांधी' આ આપણી મનોદશા છે. શેઠ અત્યંત તોછડા શબ્દોથી તતડાવે તો પણ આપણે એ ચૂપચાપ સહન કરી લઈશું. કારણ કે નહિ તો નોકરીમાંથી રૂખસદ મળી જવાનો ભય છે. અધિકારી યા મન્ત્રી નાની વાતમાં અપમાનિત કરી દે તો ય આપણે મન મારીને એ સહન કરી લઈશું. કારણ કે નહિ તો આપણાં જરૂરી કાર્યોની ફાઈલો અટકી જવાનો ભય છે, કોઈ બાહુબલી પહેલવાન કારણ વિનાની પરેશાની કરશે તો ય આપણે સામનાનું નહિ, શાંતિનું વલણ અખત્યાર કરીશું. કેમ કે નહિ તો હાડકાં ખોખરા થઈ જવાનો ભય છે. શાસ્ત્રો આ ભયપ્રેરિત ક્ષમાને 'અપરાધ ક્ષમા' ગણાવી એને સૌથી નિમ્ન - નીચલી કક્ષાનું સ્થાન આપે છે. વસ્તુતઃ એ ક્ષમાનો દેખાવમાત્ર છે, સાચી ક્ષમા નથી. આવી આભાસી ક્ષમાનું તાદૃશ દૃષ્ટાંત જાણવું છે? તો વાંચો આ રમૂજકથા :

વહેલી પ્રભાતે આછાં આછાં અંધારાંમાં વ્યાયામ માટે ગામબહાર જઈ રહેલ કસાયેલ યુવાનના ખભા પર એક Balconyમાંથી ઈંટ પડી. ઈંટના બે ટુકડા થવા સાથે યુવાનને ય દર્દ થયું. આવી બેદરકારીથી Balconyની પાળ પર ઈંટ મૂકનાર મકાનમાલિકને ફટકારવા ગુસ્સાથી ધમધમતો યુવાન પહેલા મજલે ગયો અને જોરશોરથી એના ઘરનો દરવાજો યુવાને ખટખટાવ્યો. એનો નિશ્ચય પાકો હતો કે દરવાજો ખૂલતાંવેંત મકાનમાલિકનાં કપાળ પર ઈંટના બન્ને ટુકડા ફટકારવા. પણ... આ શું? દરવાજો ખૂલતાં જ યુવાન ડરી ગયો. સામે નાના શા ડુંગર જેવો એવો કદાવર પહેલવાન ઊભો હતો કે જે યુવાન જેવા ચારને ચપટીમાં ચોળી નાંખે. ભયગ્રસ્ત યુવાને તુર્ત પલટી મારતા કહ્યું કે ''આ તમારી ઈંટ પડી ગઈ હતી ને. એ હું તમને આપવા આવ્યો છું!'' ભયપ્રેરિત આભાસી ક્ષમા આવી વ્યર્થ રહે છે.

વસ્તુતઃ અ-ભયદશાની ક્ષમા સાચી ક્ષમા છે. આ અ-ભયદશાની ક્ષમા સામી વ્યક્તિના બલાબલને લક્ષ્યમાં લેનારી ન હોય, બલ્કે ક્ષણે ક્ષણ પોતાના ઉપશમભાવને લક્ષ્યમાં લેનારી હોય. 'ઉપદેશમાલા' નામે પ્રાચીન ગ્રન્થમાં પ્રભુ મહાવીરદેવની ઉપસર્ગસહિષ્ણુતા વર્ણવતા આ પંક્તિ લખાઈ છે કે ''विसहइ बहुयाइं असरिसजनस्स इय जीयंतकराइ.'' ભાવાર્થ કે પ્રભુએ પોતાનાથી સાવ તુચ્છ - સામાન્ય શક્તિ ધરાવતા જનોએ પણ કરેલ અનેક પ્રાણાંત જેવા

ઘોર ઉપસર્ગો ખૂબ ખૂબ સહન કર્યા છે. આમાં જે સાવ સામાન્ય જનોની વાત છે એ બહુ મહત્ત્વની છે. ગોવાળ - લુહાર વગેરે સામાન્ય જનોના ઉપસર્ગોને ય જરા પણ પ્રતીકાર વિના પ્રભુએ એવા સહજ સહન કર્યા છે કે જેવા સંગમાદિ દેવોના ઉપસર્ગો સહન કર્યા હતા. પ્રભુના આ અને પૂર્વોક્ત અભિગમમાંથી આપણને બે સરસ આદર્શો પ્રાપ્ત થાય છે : (૧) શક્તિશાલીઓ દ્વારા થતા ઉપસર્ગોને ભયથી નહિ, બલ્કે ઉપશમભાવથી - સમતાથી સહન કરો (૨) અશક્તો દ્વારા થતા ઉપસર્ગો સમયે પણ પ્રતીકારનો નહિ, પરંતુ સ્વીકારનો અભિગમ રાખો. જ્યાં સમ્યક્ સમજ આવી છે ત્યાં સામાન્ય વ્યક્તિના ઉપસર્ગો ય કેવા સહજ સ્વીકારી લેવાય એ જાણવું છે? તો વાંચો આ સત્ય ઘટના :

રામકૃષ્ણ પરમહંસ વિશે ઉચ્ચ બાબતો સાંભળીને અહોભાવભાવિત થયેલ એક ગ્રામ્યજન સર્વપ્રથમવાર દર્શન કરવા એમના આશ્રમમાં આવ્યો. ત્યાં પ્રાંગણમાં ઝાડુ કાઢતી વ્યક્તિને એણે પૂછ્યું : ''રામકૃષ્ણ ક્યાં મળશે? મારે એમને મળવું છે.'' પેલી વ્યક્તિએ કહ્યું : ''એમને જે કહેવું હોય એ મને કહી દો.'' ગ્રામ્યજન નારાજ થઈ ગયો. બે - ત્રણ વાર પૂછવા છતાં આ જ ઉત્તર મળતાં એણે ગુસ્સાથી પેલી વ્યક્તિને તમાચો મારી દેતા કહ્યું : ''તું ડહાપણ ન કર. મને ફક્ત રામકૃષ્ણ જ બતાવ.'' પેલી વ્યક્તિએ એને રામકૃષ્ણના ખંડમાં જવા કહ્યું. પણ આ શું? એ ત્યાં પહોંચ્યો ત્યારે બીજા દ્વારેથી ત્યાં એ જ વ્યક્તિ રામકૃષ્ણરૂપે હાજર હતી કે જે ઝાડુ કાઢતી હતી. વાસ્તવિકતા સમજાતાં જ શરમાઈ ગયેલ ગ્રામ્યજને રામકૃષ્ણની માફી માગી. એમણે ત્યારે હસીને એટલું જ કહ્યું કે ''બજારમાંથી માટલું પસંદ કરતા પહેલા એને ય જો ટકોરા મરાય છે, તો ગુરુ પસંદ કરતા પહેલા એકાદ તમાચો લાગી જાય એમાં કાંઈ અયોગ્ય નથી.'' આ છે સમ્યક્ સમજ.

છેલ્લે એક વાતઃ **બલવાન સામે ભયથી ચૂપ રહેવું એ ક્ષમા નથી. નિર્બલ સામે ય સમતાથી મૌન રહેવું એ સાચી ક્ષમા છે.**

◆ ◆ ◆

૭

ક્રોધ કરવામાં સાચી બહાદુરી નથી... ક્ષમા રાખવામાં જ સાચી બહાદુરી છે...

ક્રોધનાં કાજળકાળાં વાદળોને અંતરઆકાશેથી મિટાવી દેવા મહાવાયુની ગરજ સારતા મહાપર્વ પર્યુષણાનો આજે સાતમો દિવસ છે. પર્યુષણાના મુખ્ય પ્રવચનગ્રન્થ ‘કલ્પસૂત્ર’ આધારિત આપણી ચિંતનયાત્રામાં આજે આપણે સાતમું કદમ ભરીશું.

દેવ હોય, દાનવ હોય, માનવ હોય કે તિર્યંચ હોય : આ સહુના ઉપસર્ગો સામે પ્રભુ મહાવીરદેવની જે ઉત્તમ ક્ષમામય ચિત્તસ્થિતિ હતી એને ઉજાગર કરતાં ‘કલ્પસૂત્ર’માં મૂળ પાઠ અપાયો છે **‘खमइ.’** ગ્રન્થના સંસ્કૃત ટીકાકાર ભગવંતે એની વ્યાખ્યા કરી છે કે **‘‘क्षमते क्रोधाभावेन.’’** ભાવાર્થ કે ઉપરોક્ત સહુ તરફથી અપાતી પારાવાર પીડાઓને - ઉપસર્ગોને પ્રભુ સહન તો કરતા જ હતા. પરંતુ એમાં પીડા આપનાર વ્યક્તિ પ્રત્યે વ્યક્ત કે અવ્યક્ત નાનો શો ય ક્રોધ - ગુસ્સો - વૈર પ્રભુનાં અંતરમાં રહેતા નહિ. આનું સૌથી શ્રેષ્ઠ ઉદાહરણ નિહાળવા મળે છે સુરાધમ સંગમદેવના કિસ્સામાં.

પોતાની તમામ તાકાતનો ઉપયોગ કરી પ્રભુ પર સતત છ માસ ઉપસર્ગોની ઝંઝાઝડી વરસાવનાર આ સંગમદેવે માત્ર એક રાત્રિમાં કાળજું કંપાવી દે તેવા વીશ વીશ ઘોર ઉપસર્ગો ધ્યાનસ્થ પ્રભુ મહાવીરદેવને કર્યા હતા, તો સતત છ માસ પ્રભુને કલ્પ્ય આહાર ન મળવા દઈ પ્રભુને છ માસ ઉપવાસી રાખ્યા હતા. આવો હાડોહાડ દ્વેષી - વિરોધી સંગમદેવ અંતે હારીને જઈ રહ્યો હતો ત્યારે એની પીઠ તરફ દૃષ્ટિ કરતા પ્રભુની આંખમાંથી કરુણાનાં અશ્રુ ઝર્યા હતા કે 'મારાં નિમિત્તે ઘોર પાપો બાંધનાર આ બિચારા આત્માનું ભાવિ કેવું અંધકારમય બનશે.' આ ઘટનામાં પ્રભુની અપાર - અનુપમ ક્ષમા તો છલકાય જ છે. ઉપરાંત ઘોર અપરાધીનું નાનકડું ય અહિત ન ચિંતવવારૂપે, અવ્યક્ત પણ ક્રોધ - વૈરનો અભાવ સ્પષ્ટપણે પ્રતીત થાય છે. ગત લેખમાં નિહાળ્યા મુજબ પ્રભુની ક્ષમાની પ્રથમ વિશેષતા જો નિર્ભયતા છે, તો બીજી વિશેષતા આ અવ્યક્ત પણ ક્રોધનો અભાવ છે.

આપણી ક્ષમાની મોટી મર્યાદા - મોટી ખામી એ છે કે આપણે જાહેરમાં યા વ્યક્તપણે અપરાધી વ્યક્તિ પ્રત્યે ક્ષમા દાખવીએ ખરા. પરંતુ ખાનગીમાં યા અવ્યક્તપણે એ અપરાધી પ્રત્યે અરુચિ - નફરત યાવત્ દ્વેષ પણ ધરાવીએ. એથી એનું કાંઈ બગડે - એને નુકસાન થાય ત્યારે આપણી માનસિક પ્રતિક્રિયા એવી આવે કે 'એ જ લાગનો હતો... જેવું કર્યું એવું પામ્યો' ઈત્યાદિ. આ સ્તર બદલવા આપણે 'શત્રુને ય અંતઃકરણથી માફ કરો' નો આદર્શ અંતર સમક્ષ રાખીએ છીએ. પણ પ્રભુ તો એથી પણ ઉચ્ચ સ્તરની શ્રેષ્ઠ વિચારધારા ધરાવતા હતા કે 'શત્રુને શત્રુ જ ન માનો, બલ્કે કર્મક્ષયમાં સહાયક મિત્ર માનો.' માટે ત્યાં અવ્યક્ત ક્રોધનો ય - છૂપા દ્વેષનો ય કોઈ અંશ નથી. પ્રભુની આ આદર્શ વિચારધારાની નિકટ જવા આપણે અહીં કેટલીક વિચારણા કરીએ :

(૧) કોઈ પણ પીડામાં અન્યો ફક્ત નિમિત્તમાત્ર છે :-

શાસ્ત્ર આ સંદર્ભમાં બહુ સ્પષ્ટ માર્ગદર્શન આ ગાથારૂપે આપે છે કે :-

''सव्वो वि पुव्वकयाणं, कम्माणं पावए फलविवागं।
अवराहेसु गुणेसु य, निमित्तमित्तं परो होइ।।''

ભાવાર્થ આ શાસ્ત્રગાથાનો એ છે કે દરેક વ્યક્તિ પોતાનાં પૂર્વકૃત કર્મો મુજબ શુભ યા અશુભ ફળ પામે છે. માટે કોઈ તમને પરેશાન કરે યા પુરસ્કૃત

કરે : એને માત્ર નિમિત્તરૂપ જ માનજો, મુખ્ય જવાબદારરૂપે નહિ. એક સરલ ઉદાહરણ વિચારીએ કે કોઈ ખુંખાર ગુનેગારે બંદુકની ગોળીથી એક વ્યક્તિની હત્યા કરી. ગોળી બંદુકમાંથી છૂટી હોવાથી કોઈ વ્યક્તિ આ હત્યામાં બંદુકને જ મુખ્ય જવાબદાર માને તો એ શું બુદ્ધિગમ્ય ગણાય? નહિ જ. સાચી વાત એ છે કે બંદુક ફક્ત નિમિત્ત છે. મુખ્ય જવાબદાર તો બંદુક ચલાવનાર પેલો ખુંખાર ગુનેગાર છે. એથી **Court** એને જ જવાબદાર ગણી સજા ફટકારે છે. બસ, આ જ ન્યાય અહીં પણ લાગુ પડે છે કે કોઈ વ્યક્તિ આપણને પીડા આપે - આપણા પર ઉપસર્ગો કરે ત્યારે એ વ્યક્તિ તો બંદુકની જેમ ફક્ત નિમિત્તમાત્ર છે. ગુનેગારની જેમ સાચા જવાબદાર તો આપણાં સ્વયંનાં જ પૂર્વકૃત કર્મો છે. હકીકત જો આ જ છે તો આપણી સમ્યક્ સમજ - સાચું શાણપણ એ જ રહેવું જોઈએ કે સામી વ્યક્તિને જવાબદાર ગણી એના પર વ્યક્ત - અવ્યક્ત ક્રોધ ન રાખવો. બલ્કે પોતાનાં કર્મોને જવાબદાર ગણી એને મિટાવવા પુરુષાર્થ કરવો.

(૨) ક્રોધનાં નુકસાનો પારાવાર છે :-

એક ટૂંકું ને ટચ હૃદયસ્પર્શી શાસ્ત્રવચન છે કે 'कोहसमो वेरिओ नत्थि.' મતલબ કે ક્રોધ જેવો ભયંકર શત્રુ અન્ય કોઈ નથી. ક્રોધનાં કારણે પરિવારના પારસ્પરિક પ્રેમ પર પૂર્ણવિરામ મુકાઈ જાય છે, તો સામાજિક પ્રતિષ્ઠાને હાનિ પહોંચે છે; ક્રોધનાં કારણે ક્લિષ્ટ કર્મબંધ થાય છે, તો દુર્ગતિના દ્વાર ખૂલી જાય છે. ક્રોધનાં આવાં આવાં અગણિત નુકસાનો નિહાળીને વ્યક્તિએ દઢ માનસિકતા કેળવવી જોઈએ કે 'જે નાનો શો પણ ક્રોધ દાખવે છે એ વાસ્તવમાં પોતાનું જ બૂરું કરે છે. સામી વ્યક્તિ મારા પર ક્રોધ કરી પોતાનું અહિત કરે તો એની વાત એ જાણે. મારે એના પર ક્રોધ કરીને મારું અહિત હરગિજ નથી કરવું.'

(૩) ક્ષમા મારો સ્વભાવ છે :-

અગ્નિનો સ્વભાવ દાહકતા છે, તો જલનો સ્વભાવ શીતલતા છે; વૃક્ષનો સ્વભાવ છાયા છે, તો સૂર્યનો સ્વભાવ પ્રકાશ છે. કુદરતનાં આ તત્ત્વો પણ જો પોતાનો સ્વભાવ છોડતા નથી, તો વ્યક્તિએ એમ વિચારવું જોઈએ કે 'મારે

પણ આત્માના મૂલભૂત સ્વભાવરૂપ ક્ષમા શા માટે છોડવી જોઈએ?' ખબર છે પેલા સંતની વાત?

'જે શાંત હોય એ સંત' આ વ્યાખ્યા ચરિતાર્થ કરનાર એક સંત ખરા અર્થમાં બાહ્ય - અભ્યંતર દષ્ટિએ શાંત હતા. એક વાર કોઈ અસભ્ય દુર્જન વ્યક્તિ કોઈ ગેરસમજનાં કારણે એમની પાસે આવીને ગાળ - ગલોચની ભાષામાં ઘણું બધું બોલી ગઈ. સંત જરા પણ પ્રતીકાર કર્યા વિના શાંત રહ્યા. બેહદ બોલીને જ્યારે એ વ્યક્તિ ચાલી ગઈ ત્યારે, ત્યાં રહેલ એક વ્યક્તિએ સંતને કહ્યુંઃ ''આણે તો બોલવામાં હદ ઓળંગી નાંખી હતી. થોડીક તો કડકાઈ દર્શાવવી જોઈતી હતી તમારે.'' સંત મીઠું હસતા બોલ્યા : ''ધારો કે કોઈ વ્યક્તિ તમને એક પત્રનું કવર આપવા માંગતી હોય અને તમે એ ન લીધું. તો એ કવર કોની પાસે રહે?'' ''એ વ્યક્તિ પાસે જ રહે.'' ''બસ, તો એ જ રીતે એની ગાળ - ગલોચને મેં સ્વીકારી નથી. એથી એ એની પાસે જ રહે. આમાં મને નુકસાન ક્યાં થયું?'' સંતે કહ્યું અને પછી ઊમેર્યુંઃ ''એ એનો ઉગ્ર સ્વભાવ નથી ત્યજતો, એમ હું મારો શાંત સ્વભાવ નથી ત્યજતો.''

યાદ આવે અહીં અમારી યશસ્વી ગુરુપરંપરાના એક મહાપુરુષ આચાર્યપ્રવર શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ. એમના કાળમાં ચોથા આરાની વિભૂતિ જેવા ગણાતા એ પુણ્યપુરુષે એમની ડાયરીમાં આ શબ્દો લખ્યા છે કે ''મેં ક્યારે ય ક્રોધ કર્યો હોય એવું યાદ આવતું નથી!'' આ છે ઉદાત્ત - ઉત્તમ ક્ષમા.

છેલ્લે એક વાતઃ **ગુસ્સો કરવામાં સાચી બહાદુરી નથી... ક્ષમા રાખવામાં જ સાચી બહાદુરી છે...**

◆ ◆ ◆

૮

મહેંકી રહો ક્ષમા સહુના જીવનબાગમાં...
શાંતિના સૂરજ પ્રગટો અંતરનાં આકાશમાં...

ક્ષમાપનાના સૂર્યોદય દ્વારા જીવનાકાશને ઝળહળાવવાની પુનિત પ્રેરણા આપતા પર્વાધિરાજ પર્યુષણાનો આજે અંતિમ અને સર્વાધિક મહત્ત્વનો દિવસ છે સંવત્સરી મહાપર્વનો.**'મિચ્છા મિ દુક્કડં'**નો મહાનાદ ગજાવતા આ સંવત્સરી મહાપર્વદિને આપણે વિચારવિહાર કરીશું પરમાત્મા મહાવીરદેવની ક્ષમાની ત્રીજી વિશેષતાની આસપાસ.

પર્યુષણાના મુખ્ય પ્રવચનગ્રન્થ 'કલ્પસૂત્ર' આગમમાં ઉપસર્ગો પ્રત્યે પ્રભુનો ક્ષમામય અભિગમ દર્શાવતો ત્રીજો શબ્દપ્રયોગ થયો છે 'तितिक्खइ.'એ આગમના સંસ્કૃત ટીકાકાર ભગવંતે એનો અર્થ ખોલતા આ વ્યાખ્યા કરી છે કે ''तितिक्षते दैन्याभावेन.'' ભાવાર્થ કે પ્રભુ જે જે ભયાનક ઉપસર્ગોને પણ ક્ષમાભાવથી સહન કરે છે એમાં સર્વત્ર દીનતાનો - લાચારીનો બિલકુલ અભાવ છે : જાણે કે 'न दैन्यं न पलायनम्.' આ પ્રભુની ક્ષમાનો મૂઠીઊંચેરો મુદ્રાલેખ હતો.

પ્રભુની અપ્રતિમ અદીનતાની ઝલક આપણે એમણે સહન કરેલ બે ભયંકર ઉપસર્ગોનાં દર્પણમાં નિહાળીએ. જ્યારે દુષ્ટ દેવ સંગમે સળંગ એકસો પંચોતેર દિવસ ભિક્ષા અકલ્પ્ય બનાવી પ્રભુને અન્ન-જલથી સર્વથા વંચિત બનાવ્યા ત્યારે ઉપવાસી પ્રભુના અંતરના એક નાના શા ખૂણે પણ કોઈ દીનતા જાગી ન હતી. પ્રભુ લગભગ છ માસના એ ચોવિહાર ઉપવાસ પછી પણ આત્મસાધનામાં મસ્ત હતા. બીજો ભયાનક ઉપસર્ગ કર્યો અજ્ઞાન ગોવાળે પ્રભુના બે કાનમાં કાષ્ઠના ખીલા ઠોકવારૂપે. ત્યારે પણ પ્રભુ અદીનભાવમાં લીન હતા. એથી જ ન તો પ્રભુએ કોઈની પાસે એ ખીલા લાગ્યાની વેદના વ્યક્ત કરી, ન તો એ ખીલા કાઢી આપવા કોઈની પાસે આજીજી કરી. આ અદીનતા અર્થાત્ ખુદ્દારી અને ખમીરી પ્રભુની સહિષ્ણુતાને ચાર ચાંદ લગાવે તેવી શોભા બક્ષે છે.

પ્રભુની આ અદીનતાનો આદર્શ આપણને પણ આત્મસાત્ થાય તેવી વિચારણા અહીં આપણે કરીશું અને તેમાં સહિષ્ણુતાને કોઈનો ક્રોધ સહન કરવાના સંદર્ભમાં જ નહિ, બલ્કે તમામ પ્રકારની સહનશીલતાના વ્યાપક સંદર્ભમાં નિહાળીશું :

(૧) રોગો સહવામાં લાચારી નહિ :- વ્યક્તિ રાત-દિવસ સતત અનેક પ્રકારની **Activity** કરતી હોય અને એકાએક **Paralysis** ના ગંભીર આક્રમણથી એ સંપૂર્ણ પરાધીન થઈ પથારીવશ થઈ જાય. પહાડ જેવા પડકારો સામે ય બાથ ભીડવાનો લડાયક અભિગમ વ્યક્તિ ધરાવતી હોય અને સતત ઉપર ઉપરનો **Graph** સર કરતાં કેન્સરની કાતિલ પીડાથી એ કણસતી થઈ જાય. આ કે આવી આવી ખતરનાક રોગોની પરિસ્થિતિમાં વ્યક્તિની લાચારી દીનતાભર્યા શબ્દોમાં તરવરે, આંસુઓરૂપે ટપકે કે ચહેરા પર ગમગીનીરૂપે ઊભરે. આ અવસ્થામાં વ્યક્તિ જે સહન કરે છે એ ન છૂટકાની સહિષ્ણુતા છે. આવી લાચારીની - પરાણે પરાણે હાયવોયપૂર્વકની સહિષ્ણુતા વિપુલ કર્મનિર્જરા ન કરાવે. એ માટે તો જોઈએ અદીનતાપૂર્વકની - ખુમારીપૂર્વકની સહિષ્ણુતા. ખબર છે હજુ થોડાક દાયકાઓ પૂર્વે જ થઈ ગયેલ, શાસનસમ્રાટ સમુદાયના મૂર્ધન્ય વિદ્વાન આચાર્યપ્રવર ધર્મધુરંધરસૂરીશ્વરજી મ. નો હૃદયસ્પર્શી જીવનપ્રસંગ ?

આ આચાર્યશ્રીને જીવનયાત્રાના અંતિમ મુકામે ગળાનું કાતિલ કેન્સર થયું હતું. લગભગ સાડા ત્રણ વર્ષ સુધી એમણે કેન્સરનું એ ખોફનાક આક્રમણ

સમતાથી સહન કર્યું. કાયા તો એમની સુકાઈને કાંટો થઈ ગઈ હતી. મુખમાંથી એક અક્ષર બોલી ન શકાય અને પાટ પરથી ઊભા ન થઈ શકાય એવી સ્થિતિ અંતે સર્જાઈ હતી. જે દિવસે સાંજે તેઓ કાલધર્મ (અવસાન) પામ્યા એના સવા કલાક પૂર્વે આણંદજી કલ્યાણજી પેઢીના સૂત્રધાર અને ભારતભરના જૈન સંઘોના નેતા કસ્તૂરભાઈ લાલભાઈ શાતાપૃચ્છાર્થે એમની પાસે આવ્યા. કસ્તૂરભાઈએ પૂછ્યું : કેમ છે ? પ્રત્યુત્તરમાં આચાર્યશ્રીએ **Slate** માં પેનથી લખીને જણાવ્યું કે "શરીર સૂતું છે, મન બેઠું છે અને આત્મા જાગતો છે !" કસ્તૂરભાઈ તાજુબ થઈ ગયા એમના આ રમૂજી છતાં આત્મજાગૃતિભર્યા ઉત્તરથી. આને આપણે કહીશું રોગોની સામે અદીનતાપૂર્વકની સહિષ્ણુતા.

(૨) આફતો સહવામાં લાચારી નહિ :- કેટલીક વાર વ્યક્તિનાં જીવનમાં આપત્તિઓ જાણે આકાશમાંથી વરસી જતી હોય છે ને જાણે પાતાળમાંથી ફૂટી નીકળતી હોય છે. એકાએક આવી પડતી એ આફતો એવી કાતિલ હોય કે વ્યક્તિ એમાં નાસીપાસ થઈ જાય, દીન-લાચાર થઈ જાય. એકાએક અણધાર્યો આર્થિક ફટકો એવો પડે કે વ્યક્તિ **Half** જ નહિ, સાવ સાફ થઈ જાય. તો વિના કારણની સમસ્યાઓ એવી આવે કે જેને ઉકેલવામાં જિંદગીની મહિનાઓની જ નહિ, વર્ષોની મૂડી ખર્ચાઈ જાય. આવી આપત્તિઓ સામે ય જો માનસિક સ્વસ્થતાપૂર્વક ટકી રહેવું હોય અને આર્તધ્યાનથી-દુર્ધ્યાનથી બચવું હોય તો અદીનભાવ આત્મસાત્ કરવો રહે. ખબર છે પેલી ગદ્ય પ્રાર્થના ? એમાં અક્ષરે અક્ષરે અદીનભાવ મહેંકે છે. ભક્ત એમાં કહે છે કે : "પ્રભુ ! મારો બોજ હળવો નહિ થાય તો ચાલશે. ફક્ત તું મારી પીઠ મજબૂત બનાવી દેજે." પેલી કાવ્યપંક્તિ પણ આ જ લયની વાત કરે છે કે :-

સહવાની જો હોય આવડત, તો મુસીબતમાં ય રાહત છે;
દિલ જો માણી જાણે, તો દુઃખ પણ એક દોલત છે.

(૩) સ્વભાવ સહવામાં લાચારી નહિ :- વ્યક્તિએ વ્યક્તિએ સ્વભાવનું વૈવિધ્ય હોય છે. સંત તુલસીદાસે એટલે જ લખ્યું છે કે "तुलसी! इस संसार में, भात भात के लोग." એમાં કેટલીક વ્યક્તિઓ આપણને એવી પણ ભટકાઈ જતી હોય છે કે જેનો સ્વભાવ ખરેખર 'પિત્તળ' જેવો હોય. આવી વ્યક્તિ જીવનસાથી જેવા રૂપે ગોઠવાઈ ગઈ હોય તો એની સાથે પનારો પાડવામાં રોજિંદી સમસ્યાઓ આવે. વ્યક્તિ ત્યારે લાચાર થઈને અન્યો પાસે હૈયાવરાળ

ઠાલવે કે ''આની સાથે આખી જિંદગી પસાર શી રીતે કરવી? તોબા પોકારી ગયો છું એનાથી.'' વસ્તુતઃ આ અભિગમ દ્વેષ-કલેશ-કંકાસ વધારવાનું કારણ બને. ત્યાં આવો નહિ, સમ્યક્ સમજપૂર્વકનો અદીન-લાચારીવિહોણો-મસ્ત અભિગમ જોઈએ. ખબર છે સંત તુકારામની વાત?

એમની પત્ની અત્યંત કર્કશા હતી. એણે એક વાર તુકારામને શેરડીનાં સાંઠા ખરીદવા મોકલ્યા. સાંઠા ખરીદીને આવતાં તુકારામની આસપાસ નગરના બાળકો વીંટળાઈ ગયા અને શેરડી માંગવા માંડ્યા. પ્રેમાળ તુકારામે એમને થોડી થોડી શેરડી વહેંચી. દૂરથી આ દૃશ્ય નિહાળી પત્ની ક્રોધાવિષ્ટ થઈ ગઈ. આખર માત્ર એક સાંઠો આપવા આવેલ તુકારામને એણે એવા ગુસ્સાથી શેરડીનો સાંઠો ફટકાર્યો કે એના બે ટૂકડા થઈ ગયા. તુકારામે હસતાં હસતાં કહ્યું : ''તું તો મારી અર્ધાંગિની ખરી ને? એટલે આ સાંઠાના તેં બે ભાગ કર્યા : એક મારો અને એક તારો.'' પત્ની શરમિંદી બની ગઈ.

સર્વક્ષેત્રીય સહિષ્ણુતાને આપણે અદીનભાવે - ખુમારીથી આત્મસાત્ કરીએ એ આજના સંવત્સરી મહાપર્વનો શુભ સંદેશ છે. આપણે આ સ્વરૂપની ક્ષમાની પ્રાપ્તિની પ્રાર્થના કરતાં કહીએ પ્રભુને કેઃ-

મહેંકી રહો ક્ષમા, સહુના જીવનબાગમાં;
શાંતિના સૂરજ પ્રગટો, અંતરનાં આકાશમાં ...

◆ ◆ ◆

૯

જો પ્રકાશ વિના રાત્રિપ્રવાસ શક્ય નથી તો જ્ઞાન વિના અધ્યાત્મપ્રવાસ પણ શક્ય નથી

આત્માથી પરમાત્મા બનવાની ઊર્ધ્વયાત્રા કરાવતા પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વનો આજથી મંગલ પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે એની ચિંતનયાત્રામાં આપણે એક સત્ય ઘટના દ્વારા પ્રવેશ કરીએ :

ભારતના પૂર્વરાષ્ટ્રપતિ અને મહાન વિજ્ઞાની ડૉ. અબ્દુલ કલામે એક સંત સાથેની મુલાકાતમાં કહ્યું : **"I Want Peace."** મને એનો સંક્ષેપમાં સચોટ ઉપાય જણાવશો?'' સંતે ડૉ. કલામના જ શબ્દો પકડીને બહુ માર્મિક ઉત્તર આપ્યો કે ''જીવનમાંથી જ્યારે **I** અને **Want** નાબૂદ થઈ જશે ત્યારે **Peace** ચોક્કસ ત્યાં હાજર થઈ જશે !!'' વાત કેટલી માર્મિક છે કે જીવનમાંથી અહંકાર અને આસક્તિ દૂર થઈ જાય તો એના પરિણામરૂપે શાંતિનું સામ્રાજ્ય સ્થપાય જ.

પર્વાધિરાજ પર્યુષણામહાપર્વ આ અહં અને આસક્તિને ઓગાળવાની જાણે કે મજાની પ્રયોગશાળા છે. એક સરલ વિચારણા કરીએ તો ય સમજાશે

કે ક્ષમા-માફી માંગવાનું મુખ્ય પર્યુષણાકર્તવ્ય અહંનું આવરણ દૂર કર્યા વિના શક્ય નથી બનતું, તો પર્યુષણામાં થતાં લાખો-ક્રોડોનાં દાન તેટલે અંશે આસક્તિનું આવરણ દૂર કર્યા વિના શક્ય નથી બનતા. અને... માત્ર અહં-આસક્તિ જ શા માટે? પર્યુષણા તો તમામ દોષો - દૂષણોનાં નિવારણની પવિત્ર પ્રેરણા આપતું પરમોચ્ચ પર્વ છે. આ પ્રેરણાઓ મુખ્યત્વે જેમાંથી પ્રગટ થાય છે તે પર્યુષણાના મુખ્ય પ્રવચન ગ્રન્થ **'કલ્પસૂત્ર'** આગમગ્રન્થની માત્ર એક જ મસ્ત પંક્તિના એક જ શબ્દના સથવારે અષ્ટદિવસીય ચિંતનયાત્રા કરીએ.

'કલ્પસૂત્ર'ના છ પ્રવચનો સુધી મૂળ પાઠમાં એક પંક્તિ વારંવાર મળે છે કે ''समणे भयवं महावीरे.'' એનો અર્થ છે શ્રમણ ભગવાન મહાવીર. આમાં જે ભગવાન શબ્દ છે તેનો સંસ્કૃતભાષા મુજબનો શબ્દાર્થ છે ભગયુક્ત. **'કલ્પસૂત્ર'**ના ટીકાકાર ભગવંતે એ **'ભગ'** શબ્દના જુદા જુદા ચૌદ અર્થ કરી એમાંના બાર અર્થો પ્રભુ મહાવીરમાં સંગત કર્યા છે. આપણે એ બારમાંથી અહીં, પર્યુષણાની દિવસસંખ્યા મુજબ આઠ અર્થો પર વિચારવિહાર કરીશું:

ટીકાકાર ભગવંતે **'ભગ'** શબ્દનો એક અર્થ કર્યો છે જ્ઞાન. મતલબ કે ભગવાન એટલે જ્ઞાનવાન. શ્રમણ ભગવાન મહાવીરદેવનાં જ્ઞાન માટે જૈન દર્શન શબ્દ પ્રયોગ કરે છે **કેવલજ્ઞાન.** આ એવું સર્વોચ્ચ જ્ઞાન છે કે એનાથી ચડિયાતું કોઈ જ્ઞાન હોઈ શકતું નથી અને આ જ્ઞાનમાંથી જગતનો એક પણ પદાર્થ - એક પણ બાબત બાકાત રહી શકતી નથી. આ જ્ઞાનનું નાનકડું રમ્ય વર્ણન કરતાં 'અરિહંત વંદનાવલિ' માં આ સ્તુતિ લખાઈ છે કે :-

''જે પૂર્ણ કેવલજ્ઞાન લોકાલોકને અજવાળતું;
જેના મહાસામર્થ્ય કેરો પાર કો' નવ પામતું;
એ પ્રાપ્ત જેણે ચાર ઘાતીકર્મને છેદી કર્યું,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું...''

જે પ્રભુ મહાવીરદેવનું ભગ અર્થાત્ જ્ઞાન આવું શ્રેષ્ઠ-સર્વોત્તમ હતું એ પ્રભુ આપણને આદર્શ આપે છે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિનો. સંપૂર્ણ અને શાશ્વત સ્વરૂપ ધરાવતાં કેવલજ્ઞાનની પ્રાપ્તિની હેસિયત આ જન્મમાં આપણી નથી. એથી જ્ઞાનક્ષેત્રે આપણા માટે શ્રેષ્ઠ વિકલ્પ છે આ સમ્યગ્જ્ઞાનની વધુ ને વધુ

પ્રાપ્તિનો. સમ્યગ્જ્ઞાન એટલે સાચો- યથાર્થ બોધ. એનાથી ત્રણ મહત્ત્વના લાભ થાય છે :-

(૧) પ્રકાશ :-

રાત્રિ ભલે ભયાનક અંધકારઘેરી હોય, પરંતુ દીપકનો કે **Bulb**નો પ્રકાશ થતાંવેંત કઈ ચીજ ક્યાં છે તેનો યથાર્થ સત્ય બોધ થઈ શકે છે. બરાબર એ જ રીતે જીવનમાં ભલે અણસમજનો અંધકાર ભર્યો હોય, કિંતુ સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ થતાવેંત શું કરાય ને શું ન કરાય ? શું યોગ્ય ને શું અયોગ્ય ? શું ભક્ષ્ય ને શું અભક્ષ્ય ? શું વિચારાય ને શું ન વિચારાય ? વગેરેનો સ્પષ્ટ યથાર્થ બોધ થઈ શકે છે. પ્રકાશ વિના જો રાત્રિપ્રવાસ શક્ય નથી તો સમ્યગ્જ્ઞાન વિના અધ્યાત્મનો પ્રવાસ શક્ય નથી.

(૨) પાત્રતા :-

સમજણ જેમ જેમ યથાર્થ થતી જાય તેમ તેમ વ્યક્તિની પાત્રતા- યોગ્યતાનું સ્તર ઉચ્ચ થતું જાય. આંતરિક વિચારોથી લઈને અભિવ્યક્તિ અને આચરણનાં સ્તરે ત્યાં વધુ ને વધુ ઉત્તમતા મહેંકતી જાય. આપણે આ સંદર્ભમાં યાદ કરીએ જૈન પરંપરામાં પ્રસિદ્ધ ઉત્તમ વ્યક્તિત્વ ધરાવતી નવપદઆરાધક **રાજકુમારી મયણાસુંદરી**ને. એની માતાએ એનું ઘડતર સમ્યગ્જ્ઞાન દ્વારા કરાવ્યું હતું એનાં કારણે યોગ્યાયોગ્યતાની સમજનો પ્રકાશ અને ગુણાત્મક પાત્રતા એનામાં જબરજસ્ત વિકસી હતી. એથી જ ભરી રાજસભામાં પરીક્ષારૂપે એને જ્યારે કાવ્યાત્મક શૈલીથી પુછાયું કે ''पुण्णेहिं लब्भइ एह.'' મતલબ કે ‘‘પુણ્યથી શું શું મળે ?’’ ત્યારે એણે કાવ્યરૂપે પ્રત્યુત્તર આપ્યો હતો કે (૧) વિનય (૨) વિવેક (૩) પ્રસન્ન મન (૪) શીલમંડિત દેહ અને (૫) પરમપદ તરફ લઈ જતી સામગ્રીનું મિલન પુણ્યથી પ્રાપ્ત થાય છે.

આ જ પ્રશ્નનો ઉત્તર એની સમકક્ષ **રાજકુમારી સુરસુંદરી**એ આવો આપ્યો હતો કે (૧) ધન (૨) યૌવન (૩) સૌંદર્ય (૪) નિરોગી દેહ અને (૫) મનપસંદ પતિનો સંયોગ પુણ્યથી પ્રાપ્ત થાય છે. બન્ને ઉત્તરોની સરખામણી કરતાં પ્રતીતિ થશે કે સુરસુંદરીમાં બાહ્ય ભૌતિક સુખોના ધખારા ધ્વનિત થાય છે, જ્યારે મયણાસુંદરીમાં શ્રેષ્ઠ પાત્રતા ધ્વનિત થાય છે. જે માત્ર સમ્યગ્ બોધ દ્વારા ઉપલબ્ધ થઈ હતી.

(૩) પ્રસન્નતા :-

જીવનમાં ભલે આસમાની-સુલતાની જેવા વિઘ્નોનાં વાવાઝોડાં ફૂંકાય, ત્યારે પણ મનને નાસીપાસ ન થવા દેવાનું કાર્ય કરે છે સમ્યગ્ બોધ - સાચી સમજ. આ માટે ય પુનઃ એ જ મયણાસુંદરીને યાદ કરીએ. કર્મસિદ્ધાંતની ચર્ચામાં પરાભવથી ક્રોધાંધ બની ગયેલ પિતાએ જ્યારે એના લગ્ન દરિદ્ર કોઢિયા સાથે કરી દેવાનો નિર્ણય કર્યો ત્યારે મયણાસુંદરીએ એક સરખી પ્રસન્નતાથી એ કાતિલ દુઃખમય સ્થિતિ સ્વીકારી લઈ વિચાર્યું હતું કે **"જ્ઞાનીનું દીઠું હુવે, એહમાં શો સંતાપ ?"**

જે સમ્યગ્ બોધ પ્રકાશ - પાત્રતા - પ્રસન્નતાનું આવું મસ્ત દાન કરે છે એ અંગેના એક મજેદાર સુવાક્યથી આજનું ચિંતન સમાપ્ત કરીએ કે **"સદા ય અમર રહેવાના હો એ રીતે જ્ઞાન મેળવજો અને કાલે જ મૃત્યુ પામવાના હો એ રીતે જીવન જીવજો..."**

◆◆◆

૧૦

ઐશ્વર્યથી સર્જાતો મહિમા અસ્થાયી છે... ગુણવત્તાથી સર્જાતો મહિમા સ્થાયી છે...

જેના મહિમાની મહેંક આ સૃષ્ટિ પર સર્વત્ર પ્રસરેલી છે તે પવિત્ર પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વનો આજે દ્વિતીય દિવસ છે. પર્યુષણાના મુખ્ય પ્રવચન ગ્રન્થ **'કલ્પસૂત્ર'** આગમની એક મૂળ પંક્તિ ''समणे भयवं महावीरे'' ના भयवं અર્થાત્ 'ભગવાન' શબ્દના બીજા અર્થ પર આજે આપણે ચિંતનયાત્રા કરવાની છે. **'કલ્પસૂત્ર'** ની સુબોધિકા ટીકામાં 'ભગ' શબ્દનો અન્ય અર્થ કર્યો છે મહિમા. એટલે કે ભગવાન બરાબર મહિમાવાન.

આપણા ભાષાપ્રયોગોમાં **'મહિમા'** શબ્દનો ઉપયોગ વારંવાર થતો હોય છે. મહિમાનો અર્થ છે મોટાઈ. પુણ્યના ઉદયથી ઐશ્વર્ય આદિ એવાં મળે કે એનાં કારણે તે તે વ્યક્તિનો પ્રભાવ લોકસમૂહમાં વિશિષ્ટરૂપે ફેલાય. પરમાત્મા મહાવીરદેવ તે કાળે સર્વોત્કૃષ્ટ પુણ્યના ધારક હતા. તીર્થંકરત્વના કાળમાં એમનો પુણ્યપ્રભાવ એવો જબરજસ્ત ઝળહળતો હતો કે એમાંથી પ્રગટેલ ઐશ્વર્ય ભલભલાની દૃષ્ટિ ચકાચૌંધ કરી દે. માત્ર બે-ત્રણ ઝલક નિહાળીએ તો (૧) ઓછામાં ઓછા એક ક્રોડ દેવો કાયમ મહાવીરપ્રભુની સેવામાં ઉપસ્થિત

રહે. (૨) પ્રભુ જ્યારે વિહાર કરે ત્યારે દેવો નવ સુવર્ણકમલો રચે ને ભગવાન એના પર ચાલે. (૩) ભગવાન જ્યાં જ્યાં વિચરે ત્યાં સર્વ દિશામાં મળી કુલ પાંચસો માઈલ સુધી રોગ-મરકી-દુષ્કાળ વગેરે નષ્ટ થઈ જાય. આવાં ઐશ્વર્ય જ્યાં હોય ત્યાં પ્રભુનો મહિમા મજબૂતપણે સર્વત્ર ફેલાય જ ને? અરે ! આજે પણ આ ઐશ્વર્યને બિરદાવતી સ્તુતિપંક્તિ રચાય છે કે :- **''અરિહંત તુજ આર્હન્ત્યનું ઐશ્વર્ય સર્વોદય કરો.''**

બીજી રીતે વિચારીએ તો પ્રભુના મોક્ષગમન બાદ પણ એમનો મહિમા - પ્રભાવ અનુભવાય છે. કોઈ સાધકને એમનાં નામમન્ત્રના જપમાં શાતા અનુભવાય, તો કોઈ સાધકને મૂર્તિરૂપે રહેલ મહાવીરપ્રભુમાં સાધનાની આનંદાનુભૂતિ થાય; કોઈના તન-મનના તાપ શમે, તો કોઈની આધિ-વ્યાધિ-ઉપાધિ ટળે. એટલે જ પ્રભુની સ્તવનપંક્તિમાં લખાયું છે કે **''તું છે તારણહાર... તારા મહિમાનો નહિ પાર...''**

પણ... સબૂર ! એક વાત ખાસ ખ્યાલમાં રાખવા જેવી છે કે ઐશ્વર્યજન્ય મહિમા કરતાં પ્રવૃત્તિજન્ય મહિમા હંમેશાં શ્રેષ્ઠ હોય છે. સ્વયં પ્રભુ મહાવીર દેવની વાત વિચારીએ તો, એમના બાહ્ય ઐશ્વર્યથી અંજાઈ જનારા એમને સમર્પિત થઈ જ ગયા હોય એવું નથી. જ્યારે એમની પ્રવૃત્તિથી - એમાં મહેંકતી ગુણવત્તાથી પ્રભાવિત થઈ જનારા એમને સમર્પિત થયા વિના રહ્યાં નથી. ચંડકૌશિક સર્પનું જ ઉદાહરણ લઈએ. પ્રભુએ એના ઉદ્ધાર માટે સામે પગલે જઈને એના પર કરુણાની અજસ્ર ધારા વહાવી. પરિણામ એ આવ્યું કે એ ખતરનાક દૃષ્ટિવિષ સર્પ પ્રભુને અંતરથી સમર્પિત થઈ ગયો. એમની અહિંસામાં ઓતપ્રોત થઈ એણે શેષ પંદર દિવસનાં જીવનમાં એક પણ જીવની હિંસા ન કરી અને સતત પંદર દિવસ અનશન કરી સદ્ગતિ પ્રાપ્ત કરી. પ્રવૃત્તિજન્ય મહિમાનો આ ગજબનાક પ્રભાવ હતો.

મહિમાના સંદર્ભમાં પ્રભુ મહાવીરદેવનાં જીવનમાંથી લેવા જેવી પ્રેરણા આ છે કે માત્ર ઐશ્વર્યના આધારે નહિ, બલ્કે પ્રવૃત્તિના આધારે મહિમાનું નિર્માણ કરો. જ્યાં માત્ર ઐશ્વર્યના આધારે - દેખાવના સહારે જ મહિમા સર્જવાનો - પ્રભાવ પાથરવાનો પ્રયાસ થાય અને પ્રવૃત્તિમાં ગુણવત્તાનું નામનિશાન ન હોય ત્યાં સ્થાયી મહિમા સર્જાવાની કોઈ શક્યતા રહેતી નથી. અરે! આવી

સ્થિતિમાં તો મહિમા સર્જવાની - પ્રભાવ ખડો કરવાની વાત **'Boomarang'** બની જતી હોય છે ઘણી વાર. યાદ આવે છે અહીં પેલી ધારદાર કટાક્ષપંક્તિઓ કે :- **''મોટા થઈને દરિયા જેવા ખારા થવા કરતા, નાના રહીને ઝરણા જેવા મીઠાં બનવું સારું છે...''**

માત્ર ઐશ્વર્યના આધારે મહિમા દર્શાવવાની - મોટાઈ દેખાડવાની વૃત્તિના પ્રત્યાઘાતી પરિણામો આવા આવે છે. માટે એવો મહિમા કમાવવાની વૃત્તિથી દૂર જ રહેવું. એના બદલે પ્રવૃત્તિ જ એવી ગુણવત્તાભરી વિકસાવીએ કે જેનાથી મહિમા આપોઆપ ફેલાય. દીન-દુઃખીનાં આંસુ લૂંછવાની કરુણા હો કે જરૂરિયાતમંદોને ઉપયોગી થવાની સેવા હો, બાળકનાં જીવનમાં સંસ્કરણનો પ્રયાસ હો કે સાધકને સાધનામાર્ગનું દિશાદર્શન હોઃ આ બધી પ્રવૃત્તિ એવી સન્નિષ્ઠાથી થાય કે એનાથી આપોઆપ આપણાં વ્યક્તિત્વનો મહિમા પ્રસરતો જાય. આ મહિમા એવો હોય છે જે સામી વ્યક્તિ પર અમીટ અસર સર્જે. કરવી છે આની પ્રતીતિ ? તો વાંચો શેર-એ-પંજાબ ગણાયેલ મહારાજા રણજિતસિંહની આ જીવનઘટના :-

ગરીબ-અનાથ લોકોની સમસ્યાઓ પ્રત્યે સંવેદનશીલ રાજા રણજિતસિંહે રાજ્ય તરફથી એક દાનશાળા શરૂ કરી હતી. એમાં બિલકુલ આવક વિનાના અને સાવ સામાન્ય આવક ધરાવનારાને દશ કિલો અનાજ નિઃશુલ્ક મળતું હતું. દાનશાળામાં દાન લેવાનો સમય પણ નિશ્ચિત હતો. એક દિવસની વાત. દાનશાળાનો સમય પૂર્ણ થતાં એ બંધ થઈ રહી હતી. ત્યાં એક વૃદ્ધ અશક્ત માનવી અંદર દાખલ થયો. બધા જ અધિકારીઓ ચાલ્યા ગયા હતા. માત્ર એક અધિકારી જવાની તૈયારીમાં હોય એમ દેખાતું હતું.

પેલાં વૃદ્ધે એના પગમાં પડી જઈ કરગરતા કહ્યું : ''હું બહુ દૂરથી આવું છું. મારાં ઘરે એક ટંકનું અનાજ પણ નથી. હું મોડો પડ્યો છું. પરંતુ મારા પર દયા કરી અનાજ આપો.'' દયાળુ અધિકારીએ પોતે બંધ તાળા ખોલી પેલા વૃદ્ધને દશ કિલો અનાજ આપ્યું. પણ હવે નવી સમસ્યા થઈ. વૃદ્ધ વ્યક્તિએ કહ્યું : ''હું એટલો અશક્ત-દુર્બળ છું કે આ દશ કિલો અનાજ ઊંચકી મારા ગામ સુધી જઈ શકું તેમ નથી. મારી વૃદ્ધ પત્ની અનાજ વિના ઘરે મરણપથારીએ છે.'' ક્ષણભર વિચારીને પેલા અધિકારીએ પોતે જ અનાજની ગુણ ઊંચકી. એ વૃદ્ધની સાથે એના ગામ સુધી અનાજ આપવા

આવ્યો. ગદ્ગદ્ થઈ ગયેલ વૃદ્ધે આભાર માનતા પૂછ્યું : ''આપનું શુભ નામ?'' પેલી અધિકારી જેવી વ્યક્તિએ કહ્યું : ''રાજા રણજિતસિંહ.'' પેલી વૃદ્ધ વ્યક્તિ માની ન શકી કે સ્વયં રાજા આ હદે પ્રજાની સેવા કરી શકે. એનાં અંતરમાં રાજાનો પ્રભાવ કાયમી સ્તરે અમીટપણે અંકિત થઈ ગયો...

છેલ્લે એક સરસ વાતઃ **ઐશ્વર્યથી સર્જાતો મહિમા અસ્થાયી છે. ગુણવત્તાથી સર્જાતો મહિમા સ્થાયી છે.**

◆ ◆ ◆

૧૧

ચિરંજીવ યશ પ્રાપ્ત કરવાની ગુરુચાવી ત્રણ છેઃ પ્રેમ, પ્રશંસા અને પરોપકાર!

જીવને શિવ બનાવવાનું મંગલ માર્ગદર્શન આપતા પવિત્ર પર્વાધિરાજ પર્યુષણાનો આજે તૃતીય દિવસ છે. પર્યુષણાના મુખ્ય પ્રવચનગ્રન્થ 'કલ્પસૂત્ર' ના મૂળપાઠ સ્થિત **'समणे भयवं महावीर'** પંક્તિના **भयवं** શબ્દના ટીકાકાર ભગવંતે કરેલ વિવિધ અર્થઘટનો પૈકી આજે આપણે ત્રીજા અર્થ પર ચિંતનની ચાંદની રેલાવાની છે. ત્યાં-ટીકામાં 'ભગ' શબ્દનો એક અર્થ કર્યો છે યશ. એથી હવે અર્થ એ થશે કે ભગવાન એટલે યશવાન-યશસ્વી.

એક વાત ખબર છે? શબ્દના અર્થમાં ઊંડા ન ઊતરવાનાં કારણે આપણે ઘણી વાર કેટલા ય શબ્દોને સમાન સમજી જઈએ છીએ. જેમ કે યશ અને કીર્તિ. વસ્તુતઃ આ બન્નેના અર્થમાં થોડો તફાવત છે. સંસ્કૃત સાહિત્યકારો કહે છે કે **''एकदिग्गामिनी कीर्तिः सर्वदिग्गामुकं यशः''** મતલબ કે એક જ દિશામાં પ્રસરી હોય તેને કીર્તિ કહેવાય અને સર્વ દિશામાં પ્રસર્યો હોય તેને યશ કહેવાય. પ્રભુમહાવીરદેવની પ્રસિદ્ધિને પૂર્વોક્ત વ્યાખ્યામાં 'યશ' શબ્દથી પ્રસ્તુત કરાઈ છે. કારણ કે એમની પ્રસિદ્ધિ અત્ર-તત્ર-સર્વત્ર છવાઈ હતી.

માનવલોકની ક્યાં વાત? દેવલોકમાં ય પ્રભુનો યશ વિસ્તર્યો હતો અને એ પણ માત્ર આઠ વર્ષની વયે. એ બાળવયે પ્રભુના ધૈર્યની-બળની પ્રશંસા સ્વયં દેવરાજ ઇન્દ્રે સૌધર્મદેવલોકમાં કરી હતી. પ્રભુ મહાવીરદેવની યશસ્વી વાતો જૈન આગમગ્રન્થોમાં તો ગુંજે જ છે. ઉપરાંત એમના સમકાલીન બૌદ્ધ વગેરે મતોના ધર્મગ્રન્થોમાં ય મહાવીર પ્રભુના ઉત્કૃષ્ટ તપની-મહાન જ્ઞાનની વાતો મળે છે.

કમાલ ખરી એ છે કે પ્રભુનો યશ આટલો વ્યાપક હોવા છતાં પ્રભુ સ્વયં તો યશની અપેક્ષાથી સર્વથા મુક્ત હતા. એમને યશ-અપયશ બધું જ સમાન હતું. શાસ્ત્રની ભાષામાં કહીએ તો તેઓ 'निंदपसंसासु समो' હતા. સાધનાના અંતે તેઓ એવા ઉચ્ચતમ આત્મગુણના શિખર પર આરૂઢ હતા કે જ્યાં યશ-અપયશ એમને જરા ય સ્પર્શતા ન હતા.

એમની તુલનામાં આપણી અવસ્થા બહુ સામાન્ય છે. આપણે તો માત્ર ને માત્ર યશની જ લાલસા ધરાવીએ છીએ, અપયશ ભૂલમાં ય ન ભરખી જાય એની આપણે તકેદારી રાખીએ છીએ. એક માર્મિક વિધાન આ સંદર્ભમાં ટાંકીએ કે **''કામલાલસા કરતાં દામલાલસા અને દામલાલસા કરતા નામલાલસા વધુ ખતરનાક છે.''** વાત ચોક્કસ દૃષ્ટિબિંદુથી બિલકુલ વાસ્તવિક છે. કેમ કે કામલાલસા ચોક્કસ સમયપૂરતી હોય છે, જ્યારે દામલાલસા ચોવીશ કલાક આજીવન હોય છે. આ દામ છોડનાર દાતાઓ ય નામ જતું કરી શકતા નથી. માટે નામલાલસા-યશની અપેક્ષા સૌથી વધુ પ્રબળ છે,

વાસ્તવિકતા આ હોવાથી આપણે નામનાની-યશની લાલચ ભલે તુરત ત્યાગી ન શકીએ. પરંતુ એમાં એ તકેદારી ખાસ રખાવી જોઈએ કે 'કામ બીજાનું ને નામ પોતાનું... કામ થોડું અને નામ ઝાઝું...' આવી અપ્રમાણિક શૈલીથી યશ અંકે કરી લેવાની વૃત્તિ ન વિકસે. બલ્કે સાત્ત્વિક ઉપાયોથી યોગ્ય-પ્રામાણિકપણે યશ ઉપાર્જિત કરવાની વૃત્તિ વિકસે. અમને લાગે છે કે જીવનને યશસ્વી બનાવવા કાજે જૈન કર્મવિજ્ઞાનની દૃષ્ટિએ વિચારતાં યશનામકર્મ મજબૂત હોવું જોઈએ. આ ઉપરાંત 'પ્' અક્ષરથી શરૂ થતા ત્રણ વિશિષ્ટ ગુણો પણ જીવનમાં જોઈએ. તો વ્યક્તિનો યશ-પ્રસિદ્ધિ ચોતરફ પ્રસરતા વાર ન લાગે. એ ત્રણ ગુણો છે આઃ

(૧) પ્રેમઃ- વ્યક્તિની કાર્યશૈલી બે પ્રકારની હોઇ શકેઃ પ્રેમભરી અને સત્તાવાહી. ઘણી વાર આપણે ધાર્યું કરાવવા સત્તા-અધિકાર-શક્તિનો ઉપયોગ કરી તોછડાઈથી ધાર્યું કાર્ય કરાવી લેતા હોઇએ છીએ. પરંતુ એનું પરિણામ લાંબે ગાળે આપણને અપ્રિયતા બક્ષે. આપણા હાથ નીચેની વ્યક્તિ ય મનોમન આપણને ધિક્કારે. આનાથી વિપરીત પરિણામ બક્ષે પ્રેમભરી કાર્યશૈલી. એનાથી હાથ નીચેની વ્યક્તિને લાગણીનો અહેસાસ થયા કરે. એ આપણને ધિક્કારે નહિ, બલ્કે ચાહે-આપણી પ્રશંસા કરે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો આ મજાની કથાઃ

પિતા સાથે એમનો નાનકડો પુત્ર જમવા બેઠો હતો. સહજપણે પિતાની થાળીમાં આખો લાડુ અને પુત્રની થાળીમાં અર્ધો લાડુ પીરસાયો. પુત્ર ચિલ્લાઈ ઊઠ્યોઃ ''મને લાડુ અર્ધો કેમ? મારે આખો લાડુ જ જોઈએ.'' પિતાએ સત્તાવાહી સૂરે પુત્રને ધમકાવ્યોઃ ''ચૂપ, તું નાનો છે એથી તને અર્ધો જ લાડુ મળશે. ખાઈ લે, નહિ તો થપ્પડ મારીશ.'' પુત્ર જીદે ભરાઈને રડવા માંડ્યો. બન્નેની ઉગ્રતા જોઈ માતા રસોડામાંથી બહાર આવી. પુત્રની થાળીનો અર્ધ લાડુ તોડી એણે એમાંથી નાનો આખો લાડુ ક્ષણવારમાં બનાવી દીધો. પછી એણે પુત્રને પ્રેમથી કહ્યુંઃ ''જો બેટા, હવે તને ય આખો લાડુ મળ્યો છે. તું નાનો છે માટે તારો લાડુ નાનો અને પિતા મોટા છે માટે એમનો લાડુ મોટો.'' ખુશ થઇ ગયેલ દીકરો બોલી ઊઠ્યોઃ ''મમ્મી, તું બહુ સારી છે...'' પ્રેમાળ કાર્યશૈલી આવી પ્રશંસા-યશ અપાવે છે.

(૨) પ્રશંસા ઃ- યશ અંકે કરવો હોય તો અન્યોનાં સારાં કાર્યોની ખુલ્લાં દિલે પ્રશંસા કરો, સારી વ્યક્તિની અંતરથી અનુમોદના કરો. મહદંશે બને છે એવું કે આપણે અન્યોની પ્રશંસા કરવામાં કંજુસાઇ દાખવીએ છીએ અને અપેક્ષા રાખીએ છીએ પોતાની પ્રશંસા વિશેષ ને વિશેષ થાય એની. આ અશક્ય છે. સામાન્યપણે નીતિ આ રાખવી કે જ્યાં સારપ છે ત્યાં મુક્ત કંઠે પ્રશંસા અને જ્યાં બુરાઈ છે ત્યાં ઉપેક્ષા. ઈર્ષ્યાદિ કારણે કોઈ પણ સારી વ્યક્તિની નિંદા કરવાની ભૂલ કદી ન કરવી. 'પંચાશક' નામે જૈન ગ્રન્થ સરસ વાત લખે છે કેઃ- 'गुणवतां हि बहुलोक: पक्षपाती भवति, अतस्तन्निन्दा विशेषतो लोकविरुद्धम्.' ભાવાર્થ કે **''ગુણવાન વ્યક્તિ માટે મોટો વર્ગ આદર ધરાવતો હોય છે. માટે એમની નિંદા વિશેષપણે લોકવિરુદ્ધ કૃત્ય**

બની રહે છે.'' યાદ રહે કે કોયલની નિંદા કરનાર કાગડો પોતાનું સ્થાન વધુ ગુમાવે છે.

(૩) પરોપકાર :- આપોઆપ યશોપાર્જન કરાવે તેવું ત્રીજું મહાન પરિબળ છે પરોપકાર. વ્યક્તિ જ્યારે અન્યોના આંસુ લૂંછવા નિસ્વાર્થ પરોપકાર કરે ત્યારે એનું પરિણામ ચિરંજીવ યશમાં કેવું **'Transfer'** થાય એ જાણવું છે? તો વાંચો ગુર્જરરાષ્ટ્રની આ ઐતિહાસિક ઘટનાઃ

ચૌલુક્ય રાજવીઓના સમયમાં એક વાર એવો દુષ્કાળ પડ્યો કે ખેડૂતો માટે જીવવું કપરું બન્યું. નિષ્ઠુર રાજઅધિકારીઓ એ વર્ષે ય રાજકર વસૂલ કરવા બળજબરી કરતા હતા. દયાળુ યુવાન રાજકુમાર મૂલદેવને આ સમાચાર મળતાં એણે આ મામલે હસ્તક્ષેપ કરી પિતા રાજવી પાસે ખેડૂતોનો એ વર્ષનો કર માફ કરાવ્યો. ખેડૂતો ફિદા થઈ ગયા યુવાન રાજકુમાર પર. કમનસીબે એ ઘટનાના અલ્પ સમયમાં રાજકુમાર અચાનક મૃત્યુ પામ્યો.

બીજા વર્ષે ચોમાસું ખૂબ સરસ જતાં સાચદિલ ખેડૂતો બેગણો રાજકર આપવા આવ્યા. રાજવીએ વધારાનો કર લેવાનો ઈન્કાર કર્યો. આખરે ખેડૂતોએ એ રકમમાંથી રાજકુમાર મૂલદેવનું ભવ્ય સ્મારક બનાવી એને ચિરંજીવ યશ બક્ષ્યો...

છેલ્લે એક વાતઃ **કાવાદાવા-કપટથી યશ દૂર ભાગે છે.. નિસ્વાર્થ પરોપકારથી યશ સ્વયં આવી વરે છે.**

◆ ◆ ◆

૧૨

જો ત્યાગ વિનાના જીવનનું કોઇ મૂલ્ય નથી તો વૈરાગ્ય વિનાના ત્યાગનું ય કોઇ મૂલ્ય નથી

રંગ-રાગની દુનિયામાં મહાલતા માનવોને વિરાગના વિશ્વનો વિરલ પ્રવાસ કરાવતાં પાવન પર્વાધિરાજ પર્યુષણાનો આજે ચતુર્થ દિવસ છે. આજે આપણે પર્યુષણાના મુખ્ય પ્રવચનગ્રન્થ 'કલ્પસૂત્ર' આગમની 'समणे भयवं महावीरे' પંક્તિમાંના ભગવાન શબ્દના ચતુર્થ અર્થ પર વિચારવિહાર કરવાનો છે. 'કલ્પસૂત્ર'ની સુબોધિકાટીકામાં કરાયેલ 'ભગ' શબ્દનો એક અર્થ છે વૈરાગ્ય. આ અર્થ અનુસાર 'ભગવાન એટલે વૈરાગ્યવાન' એ વ્યાખ્યા થાય.

દૃષ્ટિપાત કરીશું પ્રભુમહાવીરદેવનાં જીવન ઉપર, તો ત્યાં વૈરાગ્યનાં ઝરણાં વહેતા હોય એમ નહિ લાગે. બલ્કે વૈરાગ્યનો મહાસાગર ઘૂઘવતો હોય એવી પ્રતીતિ થશે. યાદ આવે અહીં કલિકાલસર્વજ્ઞ શ્રીમાન હેમચન્દ્રાચાર્યે 'વીતરાગસ્તોત્ર' ગ્રન્થમાં કરેલ અદ્‌ભુત વિધાન. તેઓ ત્યાં લખે છે કેઃ-

''दु:खहेतुषु वैराग्यं, न तथा नाथ! निस्तुषम्।
मोक्षोपायप्रवीणस्य, यथा ते सुखहेतुषु।।''

ભાવાર્થ કે ''હે પ્રભુ! દુઃખનાં કારણો પર તારો વૈરાગ્ય અમને જેટલા આશ્ચર્યસ્તબ્ધ કરે છે એનાથી વધુ સુખનાં કારણો પરનો તારો વૈરાગ્ય અમને વિસ્મયચકિત કરે છે.'' સુખના કારણો એટલે? દુનિયા જેમાં સુખ નિહાળે છે તેવાં સાધનો. જેમ કે અનર્ગલ સમૃદ્ધિ-અમાપ સત્તા-અપ્સરા સમ સુંદરીઓનું સ્વામીત્વ વગેરે દુન્યવી દૃષ્ટિએ સુખનાં હેતુઓ છે. પ્રભુએ આ તમામ પર ઠસોઠસ વૈરાગ્ય દાખવીને ખરેખર કમાલ કરી છે.

જૈન દર્શન મુજબ પ્રભુ વિરાગી જ નહિ, એથી ય આગળ વીતરાગી છે. વિરાગની સાધનાના અંતે કાયમી સ્વરૂપે ઉપલબ્ધ થતી રાગરહિત સ્થિતિને કહેવાય છે. વીતરાગી અવસ્થા. પ્રભુ વીતરાગી હોવાનાં કારણે જ, એમનાં પુણ્યૈશ્વર્યનાં ફળરૂપે ઉપલબ્ધ આ સૃષ્ટિના સર્વોચ્ચ મૂલ્યવાન પદાર્થોની શી વ્યવસ્થા થાય છે એની દરકાર સુદ્ધા નથી કરતા. જે સમવસરણ પર વિરાજીને તેઓ ધર્મદેશના આપે તેનું મૂલ્ય અબજોમાં આંકી ન શકાય તેવું હોય છે. છતાં ધર્મદેશના બાદ પ્રભુ વિદાય થાય ત્યારે સમવસરણ સામે પાછું વાળીને એ દૃષ્ટિ ય ન કરે. આવી નિર્લેપ દશા હોય છે પરમાત્માની.

જરા સરખાવીએ આની સામે આપણી જાતને. ધારો કે આપણે કદાચ બાહ્ય સંસાર ત્યાગીને વિરાગી બન્યા હોઇએ તો ય આપણી આંતર સ્થિતિ કેવી? જે સાધનો ધર્મસામગ્રીરૂપે પણ રાખ્યાં હોય એના પ્રત્યે આસક્તિ-મૂર્છા ખરી કે નહિ? તટસ્થ જાતનિરીક્ષણ કરતાં આપણી સ્થિતિ પ્રાયઃ પેલી કથાના સંન્યાસી જેવી લાગશેઃ

મિથિલાનરેશ રાજા જનક એમના સમયમાં જનક 'વિદેહી' રૂપે પ્રસિદ્ધ હતા. મિથિલાથી થોડે દૂરના આશ્રમના એક યુવાન સંન્યાસીને એ સમજાતું ન હતું કે 'રાજપાટ માણતા જનક 'વિદેહી' કેમ કહેવાય છે? એનાં કરતાં તો અમે ત્યાગી હોવાથી એ પદને યોગ્ય છીએ.' એમણે પોતાના ગુરુ સમક્ષ આ પ્રશ્ન રજૂ કર્યો. ગુરુએ માર્મિક હસતા કહ્યુંઃ ''તું રાજા જનકને જ રૂબરૂ આ પ્રશ્ન પૂછી લે.'' સંન્યાસી એ માટે મિથિલામાં આવ્યા.

એ જયારે રાજા જનક સમીપે આવ્યા ત્યારે રાજા રાજસભામાં રાજકાર્ય કરતા હતા. એક આસન પર બેસેલ સંન્યાસીએ મનોમન નોંધ્યું કે બધી જ બાબતોમાં સંલગ્ન રાજામાં વિદેહીપણાની-વૈરાગ્યની એક છાંટ દેખાતી નથી.

એવામાં એકાએક રાજસભાના બહારના ભાગે આગ લાગ્યાની બૂમાબૂમ થતાં સંન્યાસી પણ લોકોની જેમ એ તરફ દોડ્યા. માત્ર રાજા પોતાનાં સિંહાસને યથાવત્ રહ્યા.

થોડા સમય બાદ બધું સુવ્યવસ્થિત થતાં સમય સાધીને સંન્યાસીએ રાજાને પ્રશ્ન કર્યોઃ ''રાજકાજમાં ગળાડૂબ છતાં તમે વિદેહી કેમ ગણાઓ છો?'' રાજાએ મીઠું હાસ્ય વેરતા કહ્યું : ''પહેલા એ કહો કે આગ લાગી ત્યારે તમે બહાર કેમ દોડ્યા હતા?'' સંન્યાસીએ ઉત્તર આપ્યોઃ ''ત્યાં મારી કાષ્ઠપાદુકા મૂકી હતી. એ બચાવવા હું ત્યાં ગયો હતો.'' રાજાએ સ્પષ્ટતા કરીઃ ''બસ , આ જ ફર્ક છે મારામાં ને તમારામાં. મારો તો પૂરો રાજમહેલ બળતો હતો. છતાં મને મમત્વ-મૂર્છા નથી. માટે હું ત્યાં ન દોડ્યો. જ્યારે તમને પાદુકાની મમતા છૂટી નથી. તેથી તમે એ બચાવવા દોડ્યા. વિદેહી કહેવાઉં છું એનું રહસ્ય આમાં છે.'' સંન્યાસીને હવે સમજાયું કે રાજાનો ભીતરી વૈરાગ્ય કેવો બેમિસાલ છે...

જો બાહ્ય ત્યાગ હજારમાંથી સો વ્યક્તિ કરી શકતી હોય તો ભીતરી ત્યાગ-સાચી વૈરાગ્યદશા એ સોમાંથી કદાચ એકાદ વ્યક્તિમાં જોવા મળી શકે, બધામાં નહિ. ભીતરી ત્યાગ અર્થાત્ સાચો વૈરાગ્ય આટલો દુર્લભ છે. આપણે બાહ્ય ત્યાગ કર્યો હોય યા ન કર્યો હોય, પરંતુ સાચા વૈરાગ્યની ભૂમિકા અનુભવવી હોય તો દરેક આકર્ષક વસ્તુ અને વ્યક્તિ માટે બે દષ્ટિબિંદુ વધુ ને વધુ આત્મસાત્ કરતાં જઈએ :

(૧) વ્યક્તિ યા વસ્તુની અંતિમ અવસ્થાનું ચિંતન :-

આજે જે **latest design**નો **Dress** આપણી આંખમાં-અંતરમાં જડાઇ ગયો છે એ જ **Dress** એક દિવસ જુદા જુદા ટુકડામાં વિભક્ત થઇ રસોડાનું મસોતું બની શકે છે, તો આજે **latest model**ની જે કાર આપણું મન મોહે છે એ જ કાર એક દિવસ અકસ્માત્માં સ્વયં કચ્ચરઘાણ થઈ આપણો ખુદનો કચ્ચરઘાણ કરી શકે છે; આજે જે યુવાન સ્ત્રીને પામ્યા વિના જન્મારો અધૂરો-નીરસ લાગે છે એ જ યુવતી એક દિવસ નજર કરવી ન ગમે એવી દુર્દશાગ્રસ્ત ડોશી બની શકે છે, તો આજે જે બંગલો વસાવીને આપણે ગર્વની-અહંકારની અનુભૂતિ કરીએ છીએ એ જ બંગલો એક દિવસ ખંડેરમાં પલટાઈ શકે છે.

ત્રણેક વર્ષ પૂર્વેની વાત કરીએ તો, એક પરિચિત ભાઇ એમનાં આંગણે અમને પગલાં માટે લઇ ગયા. બંગલાની એકેક ડીઝાઇન આંખો ચાર કરી દે તેવી હતી. ભાઇએ ગૌરવથી કહ્યું: ''સાત ક્રોડમાં મકાન લીધું અને ચૌદ ક્રોડ Interiorમાં ખર્ચ્યા!! જીવનમાં એક વાર જલસાથી બંગલો સજાવી દીધો.'' અમને ત્યાં યાદ આવ્યું 'દશવૈકાલિક' આગમવચન. એમાં અમારા માટે-શ્રમણો માટે લખાયું છે કે **'न य रूवेसु मणं करे.'** મતલબ કે ગૃહસ્થનાં આકર્ષક ઘર વગેરેથી પ્રભાવિત ન થવું. પરંતુ એની અંતિમ અવસ્થા ચિંતવીને વૈરાગ્યભાવિત બનવું...

(૨) વ્યક્તિ યા વસ્તુનાં આકર્ષણનાં અંતિમ અંજામનું ચિંતનઃ-

એક સચોટ સુવાક્ય યાદ રાખવા જેવું છે કે 'દરેક સાંસારિક આકર્ષણ વિકર્ષણનું કારણ છે' વિકર્ષણ એટલે અધઃપતન. ગલતનાં આકર્ષણનો અંતિમ અંજામ અધઃપતન જ છે આ વાત જો હૃદયસ્થ થઇ જાય તો આકર્ષણથી બચવાની આત્મજાગૃતિ કેવી જ્વલંત રહે એ જાણવું છે? તો વાંચો આ સત્ય ઘટના સંક્ષેપમાં : એક જૈન મુનિભગવંતને ગોચરીમાં આવેલ ક્રુટનો આહાર કરતાં એમાં સ્વાદનો આનંદ આવ્યો. જાગૃત મુનિએ વળતી જ ક્ષણે વિચાર્યું કે 'આજનો આનંદ કાલે આસક્તિમાં પરિણમશે તો મારી દુર્ગતિ થશે.' અને... એમણે ત્યાં જ આજીવન ક્રુટના ત્યાગની પ્રતિજ્ઞા કરી!! આકર્ષણનાં અંતિમ અંજામનું ચિંતન આ હદનો વૈરાગ્ય જમાવી શકે છે...

છેલ્લે એક વાતઃ **જો ત્યાગ વિનાનાં જીવનનું કોઇ મૂલ્ય નથી, તો વૈરાગ્ય વિનાના ત્યાગનું ય કોઇ મૂલ્ય નથી...**

◆ ◆ ◆

૧૩

કેન્સરની ગાંઠ એક જન્મ બરબાદ કરે. વૈરની ગાંઠ જન્મોજન્મ બરબાદ કરે...

ભવબંધન તોડીને ભવમુક્તિ તરફ લઈ જતાં પવિત્ર પર્વાધિરાજ પર્યુષણાનો આજે પાંચમો દિવસ છે. પર્યુષણાના મુખ્ય પ્રવચનગ્રન્થ 'કલ્પસૂત્ર'ની એક મૂલ પંક્તિ **'समणे भयवं महावीरे'**ના 'ભગવાન' શબ્દના પાંચમા અર્થ ઉપર આજે આપણે વિચારયાત્રા કરવાની છે. કલ્પસૂત્રની સુબોધિકાટીકામાં 'ભગ' શબ્દનો એક અર્થ કર્યો છે મુક્તિ. મતલબ કે ભગવાન એ છે કે જે મુક્તિથી યુક્ત છે.

જૈન દર્શન મુજબ મુક્તિનું અર્થાત્ મોક્ષનું એક ચોક્કસ સ્થાન છે જે 'સિદ્ધશિલા' રૂપે પ્રસિદ્ધ છે. આ સ્થાન ચૌદમા રાજલોકના ટોચ ભાગે હોય છે. પ્રભુ મહાવીરદેવ સહિતના તમામ ભગવાન આ સિદ્ધશિલાની ઉપર-મોક્ષમાં વિરાજમાન હોય છે. એ દૃષ્ટિએ 'ભગવાન એટલે મુક્તિવાન' આ અર્થઘટન સાર્થક છે. કિંતુ હજુ ઊંડા ઊતરીએ તો, ઉપરોક્ત મુક્તિની પ્રાપ્તિમાં કારણ છે રાગ-દ્વેષની પરિણતિથી મુક્તિ. જેના રાગ-દ્વેષ સંપૂર્ણ નષ્ટ થઇ ગયા હોય તેઓ જ સિદ્ધશિલારૂપ મુક્તિસ્થાન પ્રાપ્ત કરી શકે. આ દૃષ્ટિબિંદુથી કેટલાક

શાસ્ત્રકારો તો એવું ચિંતન પ્રસ્તુત કરે છે કે રાગ-દ્વેષથી મુક્તિ જ સાચી મુક્તિ છે.

આ માટેનું એમનું વચન આ છે કે ''कषायमुक्तिः किल मुक्तिरेव.'' જાણકારોને ખ્યાલ હોય છે કે કષાયના ચાર પ્રકારો છે : ક્રોધ-માન-માયા અને લોભ. આ પૈકીના ક્રોધ-માન દ્વેષનો જ વિસ્તાર છે, જ્યારે માયા-લોભ રાગનો વિસ્તાર છે. સાર એ થયો કે ''कषायमुक्तिः किल मुक्तिरेव.'' આ પંક્તિનો ભાવાર્થ રાગ-દ્વેષથી મુક્તિ જ વાસ્તવિક મુક્તિ હોવાનો છે. પ્રભુમહાવીરદેવે સાધનાના અંતે સર્વપ્રથમ આ કષાયમુક્તિનું અર્થાત્ રાગ-દ્વેષમુક્તિનું લક્ષ્ય સિદ્ધ કર્યું હતું અને તે પછી તેઓ સિદ્ધશિલાએ વિરાજ્યા હોવાથી ભગવાન=મુક્તિવાન આ વ્યાખ્યા તેમના માટે સંપૂર્ણ સાર્થક છે...

રાગ-દ્વેષથી મુક્તિ તો સાધનાનું ચરમ-પરમ લક્ષ્ય ગણાય છે. જે સાધકે આ લક્ષ્ય હાંસલ કરી દીધું હોય એને પછી કોઇ સાધના શેષ રહેતી નથી. સિદ્ધશિલારૂપ મોક્ષ પણ એમના માટે હાથવગો બની જતો હોય છે. એથી જ અવધૂત શ્રી ચિદાનંદજી મહારાજે એમના 'અધ્યાત્મપદ'માં સાધકને રાગ-દ્વેષમુક્તિનું લક્ષ્ય જ ઘુંટાવ્યું છે કેઃ-

વૈરી સાથે વૈર ન કીજે, રાગી શું નવિ રાગ;
સમભાવે સહુ જનને નીરખે, તો શિવસુખનો લાગ...

રાગ-દ્વેષથી સંપૂર્ણ મુક્તિ એવી ગહન-કઠિન સાધના છે કે જે આપણા જેવા માટે એકાદ જન્મમાં પરિપૂર્ણ ન થાય. પરંતુ એટલું ચોક્કસ કે સમજણભર્યા આ માનવજન્મમાં એ સાધના મજબૂત ભૂમિકાએ જરૂર માંડી શકાય. પછી એના સંસ્કારો આત્મામાં એવા અમીટ અંકાય કે ક્યાં ય વૈરના વાવેતર ન થાય અને ક્યાં ય આસક્તિનાં અફીણ ન ઘુંટાય. આ માટે આપણે બે સૂત્ર આત્મસાત્ કરીએઃ

(૧) વિરોધી પ્રત્યે પણ વૈર નહિ :-

એક વાત ખબર છે? શરીરમાં એકાદ પણ કેન્સરની ગાંઠ નીકળે તો વ્યક્તિ એને એકદમ 'Seriously' લેશે. એનું 'Operation' તો કરાવશે. ઉપરાંત 'Chemo' વગેરે દ્વારા એના અંશો ય બાળીને ખતમ કરાવશે. કેમ કે એને ખબર છે કે કેન્સરની ગાંઠ જીંદગી ખતમ કરી શકે છે.

પણ.... સબૂર.! એ કેન્સરની ગાંઠ કરતાં વૈરની ગાંઠ અનેકગણી ખતરનાક છે. કેમ કે કેન્સરની ગાંઠ એક જન્મ બરબાદ કરે, જ્યારે આ વૈરની ગાંઠ જન્મોજન્મ બરબાદ કરે. એટલે જૈન સાધનાસૂત્રની એક પંક્તિ સાધક વારંવાર ઘૂંટે છે કે 'वेरं मज्झ न केणइ' અર્થાત્ 'મારે કોઈ પણ જીવ સાથે વૈર ન હોઃ ભલે ને પછી એ જીવ મારો વિરોધી કેમ ન હોય.' આ જ સાધનાસૂત્રની ભૂમિકા પર અમે પ્રવચનોમાં ઘણી વાર કહીએ છીએ કે કોઈએ બદમાશી કરીને ઈજ્જત પર કીચડ ઉછાળ્યો હોય કે ક્રોડો રૂ.ની નુકસાન કરી હોય તો ય એની સાથે વૈરની ગાંઠ ન બાંધશો. કારણ કે વૈરની ગાંઠ બાંધીને દુર્ગતિમાં જવા કરતા ક્રોડો રૂ.ની યા ઈજ્જતની નુકસાની ઓછી હાનિકારક છે.

વસ્તુતઃ વિરોધી પ્રત્યેનો અભિગમ ક્ષમાનો યા સમજણનો રહેવો જોઈએ. જો એ માત્ર નુકસાન જ કરે તો વૈરની ગાંઠ બંધાઈ ન જાય એ માટે ક્ષમાનો અભિગમ રખાય. જો એની વાતમાં કાંઈ તથ્ય હોય તો સમજણનો અભિગમ રખાય. આવો અભિગમ ઘણી વાર વ્યક્તિને ખુદને કેવો લાભ કરાવી દે એ જાણવું છે? તો વાંચો આ સત્ય ઘટનાઃ

આલ્ફ્રેડ નોબલ નામે વૈજ્ઞાનિકે એક દિવસ અખબારમાં વિચિત્ર સમાચાર વાંચ્યા. એમાં લખ્યું હતું કે ''Dynamiteની શોધ કરનાર મોતનો સોદાગર વૈજ્ઞાનિક આલ્ફ્રેડ નોબલ મૃત્યુ પામ્યો છે.'' નોબલને ક્ષણમાં જ સમજાઈ ગયું કે આ પોતાના વિરોધીની કરામત છે. શરૂમાં તો એને તંત્રી પર બદનક્ષીનો કેસ કરવાનો-આ સમાચાર ફેલાવનાર વિરોધીને સજા કરાવવાના વિચારો આવ્યા. પરંતુ પછી મન થોડું શાંત થતાં એણે વિચાર્યું કે 'મેં જે Dynamite દારુગોળાની શોધ કરી છે એનાં કારણે ભાવિ પ્રજા મને મોતના સોદાગર રૂપે જ પિછાણશે. એના કરતાં એવું કોઈ સત્કાર્ય કરીને જાઉં કે ભાવિ પ્રજા મને શાંતિદૂત તરીકે પિછાણે.' ખૂબ વિચાર કરી એણે પોતાની તમામ સંપત્તિનું Trust બનાવ્યું. એમાંથી દર વર્ષે વૈશ્વિક શાંતિ માટે પ્રદાન કરનારને નોબલ પારિતોષિકની યોજના એણે શરૂ કરી. આજે એ નોબલ Prize. એટલું લોકપ્રિય બન્યું છે કે એના પ્રણેતા નોબલ શાંતિ-દૂતરૂપે પ્રખ્યાત છે. એણે ઘાતક શોધ કરી હતી એ વાત લગભગ વિસ્મૃત થઈ ગઈ છે...

(૨) આસક્તિનાં તીવ્ર બંધન નહિ :-

આ સૃષ્ટિમાં સંબંધ બે પ્રકારના હોય છે. એક, નદી અને નાવ જેવા. બે, નદી અને માછલી જેવા. નદી અને નાવનો સંબંધ કાર્યપૂરતો હોય છે. પ્રવાસીઓને સામે કિનારે લઈ જવાના હોય ત્યારે નાવ નદી સાથે સંલગ્ન હોય. પરંતુ કાર્ય પૂર્ણ થતાં જ નાવ કિનારે રહે-'તટસ્થ' રહે. જ્યારે નદી અને માછલીનો સંબંધ આથી વિપરીત હોય છે. કાર્ય ભલે કાંઈ ન હોય, તો ય માછલી ચોવીશે ય કલાક રાત-દિન નદી સાથે સંલગ્ન રહે. નદીથી અલગ થતાવેંત એના પ્રાણ ચાલ્યા જાય.

કર્તવ્યમૂલક અનાસક્ત સંબંધ નદી-નાવ જેવા હોય. જ્યારે તીવ્ર આસક્તિભર્યા સંબંધ નદી-માછલી જેવા હોય. એનો અંજામ પણ પ્રાણ ગુમાવતી માછલી જેવો જ હોય. મનપસંદ પાત્ર સાથે લગ્ન કરવા ન મળે ત્યારે આત્મહત્યા કરી લેતા યુવક કે યુવતીના કિસ્સા નજર સમક્ષ આવે ત્યારે યાદ આવે આ નદી-માછલીનો સંબંધ, તો ધંધાની ઊથલપાથલમાં શ્રીમંતાઈ-સુખસાહ્યબી બધું ચાલ્યું જાય ત્યારે **'suicide'** કરનાર વ્યાપારીની વાતો સાંભળીએ ત્યારે યાદ આવે આ નદી - માછલીનો સંબંધ. સાવધાન! આસક્તિ એવી તીવ્ર કદી ન જોઈએ કે જે દુર્ગતિમાં લઈ જાય...

છેલ્લે એક મસ્ત વાતઃ **જામ થઈ ગયેલ લોહી શરીર માટે જોખમી છે, તો જામ થઈ ગયેલ લાગણી આત્મા માટે જોખમી છે...**

◆ ◆ ◆

૧૪

આત્મકલ્યાણનાં ક્ષેત્રે પ્રગતિ માટેનું સૂત્રઃ દિશા સાચી રાખો અને ઝડપ વધુ દાખવો !

અર્થ અને કામપુરુષાર્થ પર પૂર્ણવિરામ મૂકી ધર્મપુરુષાર્થ વિકસ્વર કરવાની મંગલ પ્રેરણા આપતા પવિત્ર પર્વાધિરાજ પર્યુષણાનો આજે છટ્ઠો દિવસ છે. પર્યુષણાના મુખ્ય પ્રવચનગ્રન્થ 'કલ્પસૂત્ર'ની ''समणे भयवं महावीरे'' પંક્તિમાં નિર્દિષ્ટ 'ભગવાન' શબ્દના છટ્ઠા અર્થ પર આજે આપણે ચિંતન કરવાનું છે. 'કલ્પસૂત્ર' આગમની 'સુબોધિકાટીકા'માં 'ભગ' શબ્દનો એક અર્થ પ્રસ્તુત કરાયો છે પ્રયત્ન. ભાવાર્થ એ થયો કે ભગવાન તે છે જે સમ્યક્ પ્રયત્નવાન-પુરુષાર્થવાન છે.

આત્મકલ્યાણનાં ક્ષેત્રે પરમાત્મા મહાવીરદેવનો પુરુષાર્થ એવો અદ્ભુત - અપ્રતિમ - અકલ્પનીય હતો કે એની માત્ર ઝલકો પણ આપણું મસ્તક સહસા ઝુકાવી દે. આપણે એ પૈકી પ્રભુના પૂર્વજીવનની એક અને મહાવીરપ્રભુ તરીકેનાં જીવનની ત્રણ મળી કુલ ચાર ઘોર પુરુષાર્થઝલકો સંક્ષેપમાં નિહાળીએ :

(૧) નંદન મુનિવરના જન્મમાં વીરપ્રભુના આત્માએ સંયમજીવન દરમ્યાન માસક્ષમણ (સળંગ ત્રીશ ઉપવાસ)ના પારણે માસક્ષમણનો ક્રમ આજીવન

જાળવ્યો હતો. એમાં એમણે કુલ માસક્ષમણ કર્યા અગિયાર લાખ, એંશી હજાર, છસો પીસ્તાલીસ ! (૨) મહાવીરપ્રભુના જન્મમાં સંયમસ્વીકાર બાદ તેઓએ સાડા બાર વર્ષ અતિ ઘોર સાધના કરી. તે દરમ્યાન આરામ માટે દેહ લંબાવવાનું તો દૂર રહ્યું, એક વાર પલાંઠી વાળીને પણ તેઓ બેઠા નથી. (૩) આ સાડા બાર વર્ષના સમયખંડમાં ઊભા ઊભા ક્યારેક એક ક્ષણ, ક્યારેક બે ક્ષણ એમણે નિદ્રા લીધી. સાડા બાર વર્ષમાં આવો કુલ નિદ્રાસમય હતો બે ઘડીમાં ય એક સમય ઓછો. (૪) આ સાડા બાર વર્ષમાં એમણે અન્ન - જલ વિનાના કુલ ઉપવાસ કર્યા સાડા અગિયાર વર્ષથી અધિક અને પારણા કર્યા માત્ર ત્રણસો ઓગણપચાશ. આત્મકલ્યાણ માટેના પ્રભુ મહાવીરદેવના અત્યંત પરાક્રમી પુરુષાર્થની આ છે માત્ર ઝલકો.

'ભગવાન એટલે પ્રયત્નવાન' આ વ્યાખ્યાને સવાયી સાર્થક કરતા પ્રભુમહાવીરદેવ આપણને પુરુષાર્થની અનુપમ પ્રેરણા આપે છે. આવો, આપણે પુરુષાર્થ અંગે થોડું ચિંતન કરીએ :

પુરુષાર્થ માટેની સર્વપ્રથમ બાબત એ છે કે તે સાચી દિશાનો - સાચા માર્ગનો હોવો જોઈએ. એથી જ આપણે પ્રારંભે 'સમ્યક્ પુરુષાર્થ' શબ્દ પ્રયોગ કર્યો છે. દિશા જો ગલત હોય તો પુરુષાર્થ ચાહે તેવો **Powerful** હોય તો પણ એનાથી માત્ર નુકસાન જ થાય, લક્ષ્યસિદ્ધિ ન જ થાય. એક સરલ ઉદાહરણ જોઈએ. સુરતથી નીકળેલ એક **Car** ની **Speed** પ્રતિ કલાક વીશ **k.m.** છે અને બીજી **Car** ની **Speed** પ્રતિ કલાક સો **k.m.** ની છે. કઈ **Car** મુંબઈ ઝડપથી પહોંચે એમ પુછાય તો આપણે તુર્ત કહી દઈએ કે સો **k.m.**ની ઝડપ ધરાવતી **Car** જલદી મુંબઈ પહોંચે. પરંતુ ધારો કે ત્યારે સ્પષ્ટતા કરાય કે જે **Car** ની ઝડપ સો કિ.મી. છે એ અમદાવાદની દિશામાં દોડી રહી છે. તો ? તો એ **Car Speed** ધરાવવા છતાં મુંબઈ નહિ જ પહોંચે. કેમ કે એની દિશા ગલત છે. બસ, આત્મસાધનાનાં ક્ષેત્રે સૌથી અગત્યની વાત આ છે કે પુરુષાર્થની દિશા કદાપિ ગલત ન હોવી જોઈએ. 'સાચી દિશા અને શક્ય તેટલી ઝડપી ગતિ' આ છે આત્મકલ્યાણનાં ક્ષેત્રના પુરુષાર્થનું સંક્ષિપ્ત છતાં સચોટ સૂત્ર.

હવે આપણે વિચારીએ ઉપરોક્ત સૂત્રમાંની ગતિશીલતાના સંદર્ભની વાત. વિવિધ ક્ષેત્રોના **World Class** રમતવીરો માટે જેનું સ્થાન-માન પવિત્ર કુંભમેળાથી કમ નથી તે **Olympic**માં શ્રેષ્ઠ પ્રદર્શન માટે રમતવીરોને પ્રેરિત કરવા ઠેર - ઠેર ત્રણ સૂત્રો લખાયા હોય છે. રમતવીરને બહેતર સામર્થ્ય દર્શાવવાનું ઝનૂન પ્રગટાવતાં એ ત્રણ સૂત્રને જ આપણે સમ્યક્ પુરુષાર્થ માટે આધાર બનાવી દઈએ. એ ત્રણ સૂત્ર છે આઃ

(1) Still Higher :-

ભલે ને રમતવીર **'World Record'** બને તેવું સરસ **Performance** આપતો હોય તો ય આ **'Still Higher'** સૂત્ર એને પ્રેરણા આપે છે કે તું હજુ વધુ ઉચ્ચ સ્તરે તારું સામર્થ્ય વિકસાવ. **Olympic** માં એવું જોવા મળે છે કે ગત **Olympic** રમતોત્સવના પોતાના જ **World Record** ને એ જ રમતવીર તોડીને નવો કીર્તિમાન સ્થાપે. આ **Still Higher** ના અભિગમનું પરિણામ છે. આ જ **Approach** આત્મકલ્યાણનાં ક્ષેત્રે આવી જાય ત્યારે જે નમસ્કરણીય પરિણામ આવે એ કલ્પનાતીત પુરુષાર્થરૂપ હોય છે ઘણી વાર. કરવી છે આની પ્રતીતિ ? તો વાંચો ઈ.સ. ૨૦૧૮માં મુંબઈ-સાંતાક્રુઝ સંઘમાં અમારી નિશ્રામાં થયેલ સામૂહિક માસક્ષમણના એક તપસ્વીની આ પ્રબળ પુરુષાર્થકથા :

ચાલીશેક વર્ષના એ ભાઈ. સળંગ આઠ વર્ષથી સંવત્સરી મહાપર્વદિને પણ તેઓ માત્ર બિયાસણું જ કરે. ઉપવાસ તો નહિ, એકાસણું પણ તેઓ એ સર્વોચ્ચ દિને ન કરે. એવામાં સાંતાક્રુઝમાં અમારું ચાતુર્માસ ઘોષિત થયું. આ ભાઈને ઉમંગ જાગ્યો કે ‘આ ચાતુર્માસમાં સમૂહ માસક્ષમણ થશે. હું એમાં જોડાઈશ.’ પણ ચિંતા એમને એ હતી કે ‘એક ઉપવાસ પણ ન કરનાર હું સળંગ ત્રીશ ઉપવાસ શી રીતે કરી શકીશ ?’ એકેક ઉપવાસથી આગળ વધવાનો નિર્ણય કરી એમણે તપનો પાસ લીધો. કિંતુ પહેલા જ દિવસે જબ્બર માહોલ જોઈ અટ્ઠમ (ત્રણ ઉપવાસ) ના પચ્ચક્ખાણ લીધા. ત્રણ ઉપવાસ સરસ થતાં દેવ-ગુરુ પ્રત્યેની એમની શ્રદ્ધા એવી વિકસ્વર થઈ ગઈ કે પછીના તબક્કે એક સાથે સળંગ અગિયાર ઉપવાસ અને તે પછી સળંગ સોળ ઉપવાસના પચ્ચક્ખાણ કરી ત્રણ જ પચ્ચક્ખાણમાં એમણે માસક્ષમણ

જેવો અતિ કઠિન તપ પૂર્ણ કર્યો. એટલું જ નહિ, પારણાના પાંચ દિવસ બાદ પર્યુષણાના પર્વ સંદર્ભમાં તુર્ત ક્ષીરસમુદ્ર તપ કર્યો. નામ છે એમનું રાકેશભાઈ શાહ.

(2) Still Longer :-

Olympic રમતવીરોનો જુસ્સો વધારવા માટે બીજું સૂત્ર છે આ. એ કહે છે કે વધુ ને વધુ લાંબી છલાંગ લગાવો. જો **Event** જીતવી જ છે તો પહેલાંના **'Long Jump'** થી કામ નહિ થાય. નવા તરવરિયા સ્પર્ધકોને મહાત આપવા વધુ લાંબી છલાંગ જોઈશે જ. એ જ રીતે તગડી તાકાત ધરાવતી કર્મસત્તાને મહાત આપવા સાધનાનાં ક્ષેત્રે વધુ ને વધુ લાંબી છલાંગ લગાવવી જ જોઈશે. આપણે સંક્ષેપમાં યાદ કરીએ આ સંદર્ભમાં અમારા વિ.સં. ૨૦૭૫ના ચાતુર્માસસ્થાન મુંબઈ-પાર્લા (પૂર્વ) સંઘના બે તપસ્વીરત્નોને. એકનું નામ છે રતનબેન. એમણે સળંગ સત્તાવીશમા વર્ષીતપમાં આ ચાતુર્માસમાં બારમી વાર માસક્ષમણ કર્યું છે. બીજાનું નામ છે જ્યોતિબેન. અનેક તપશ્ચર્યાઓ કરનાર આ તપસ્વીએ આ ચાતુર્માસમાં મહાભદ્રતપ દરમ્યાન સળંગ અડતાલીશ ઉપવાસનું સત્ત્વ દાખવ્યું છે ! **Still Longer** નો મિજાજ આ છે...

(3) Still Faster :-

રમતવીરોને પાનો ચડાવતું ત્રીજું સૂત્ર આ છે. એ કહે છે કે તમારું કાર્ય વધુ ને વધુ તેજગતિએ કરો. સાધનાક્ષેત્રે આ સૂત્ર ચરિતાર્થ કરી બતાવ્યું હતું પ્રભુ મહાવીરદેવના શિષ્ય મેઘકુમાર મુનિવરે. સાધનામાં પુનઃ સ્થિર થયા બાદ એમણે આજીવન પ્રતિજ્ઞા કરી હતી કે 'જયણાનાં સાધનરૂપ આંખ સિવાયના એક પણ અંગની રોગ સમયે ચિકિત્સા ય નહિ કરાવું.' આ હદનો શરીર પ્રત્યેનો વૈરાગ્ય તેજ ગતિની આત્મસાધનાનો પરિચાયક છે.

છેલ્લે આત્મસાધનાના સંદર્ભમાં ગુરુદેવ પૂ.આ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ. નું એક માર્મિક વાક્યઃ **અવળી દિશામાં આપણી ગતિ Aeroplane જેવી છે ને સવળી દિશામાં આપણી ગતિ કીડી જેવી છે.**

◆ ◆ ◆

૧૫

માત્ર પ્રવૃત્તિનો ધર્મ સદ્‌ગતિ આપી શકે...
પરિણતિનો ધર્મ તો સિદ્ધિગતિ પણ આપી શકે...

વિનશ્વર લક્ષ્મીનાં આકર્ષણથી મુક્ત કરીને અવિનશ્વર લક્ષ્મીનું-મોક્ષલક્ષ્મીનું આકર્ષણ પ્રગટાવતાં પવિત્ર પર્વાધિરાજ પર્યુષણાનો આજે સાતમો દિવસ છે. પર્યુષણાના મુખ્ય પ્રવચનગ્રન્થ 'કલ્પસૂત્ર' આગમની **'समणे भयवं महावीरे'** પંક્તિમાંના 'ભગવાન' શબ્દના સાતમા અર્થ ઉપર આજે આપણે ચિંતનયાત્રા કરવાની છે. આ આગમગ્રન્થની 'સુબોધિકા' ટીકામાં પ્રસ્તુત થયેલ 'ભગ' શબ્દનો એક અર્થ છે શ્રી - લક્ષ્મી. તાત્પર્ય એ થયું કે ભગવાન એટલે લક્ષ્મીવાન.

જૈન દર્શનને સમજેલ જિજ્ઞાસુને આ અર્થઘટનમાં પ્રથમ દૃષ્ટિએ આશ્ચર્ય થાય કે 'તીર્થંકર ભગવાન લક્ષ્મીવાન હોય ખરા? એ તો રજત-સુવર્ણ-હીરા વગેરે તમામ લક્ષ્મી ત્યાગીને દ્રવ્ય-ભાવથી અપરિગ્રહી-અકિંચન બન્યા હોય છે. એ લક્ષ્મીવાન શી રીતે હોઈ શકે?' ઉત્તર આનો એ છે કે અહીં જે લક્ષ્મીનો નિર્દેશ છે એ રૂપિયાની કે સુવર્ણ-હીરાની સંપત્તિ નથી. અહીં આત્મિક લક્ષ્મી-ગુણાત્મક લક્ષ્મીનો નિર્દેશ છે. સ્વયં કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યે

પ્રભુમહાવીરદેવની પ્રસિદ્ધ સંસ્કૃત સ્તુતિમાં લક્ષ્મીનો ઉલ્લેખ કરતા આ પંક્તિ લખી છે કે :- ''श्रीमते वीरनाथाय, सनाथायाद्भुतश्रिया'' ભાવાર્થ કે અનેક અદ્ભુત લક્ષ્મીથી નાથ બનીને શોભતા શ્રીમાન લક્ષ્મીવાન મહાવીર પ્રભુને અમારા નમસ્કાર થાઓ.

શ્રી હેમચન્દ્રાચાર્યે કરેલ આ લક્ષ્મીના નિર્દેશને આપણે પ્રભુ મહાવીરદેવનાં જીવનમાં આ રીતે ઘટાવી શકીએ : (૧) એમની પાસે કેવલજ્ઞાનની લક્ષ્મી એવી દેદીપ્યમાન છે કે વિશ્વનો એક પણ ભાવ એમનાથી અજ્ઞાત ન હોય. પ્રથમ તબક્કે થોડા વિચલિત થયેલ મેઘકુમારમુનિ જ્યારે પ્રભુ પાસે સંયમત્યાગની અનુજ્ઞા માટે આવ્યા ત્યારે એ કહે તે પૂર્વે જ પ્રભુએ 'किमिदं चिन्तितं' કહીને સમગ્ર બીના સામેથી કહી સંભળાવી. આ હતો કૈવલ્યલક્ષ્મીનો ચમકાર. (૨) પ્રભુની દૃષ્ટિમાં કૃપાની - કરુણાની લક્ષ્મી એવી હતી કે એ ચંડકૌશિક જેવા કાતિલ દૃષ્ટિવિષસર્પ પર વરસી તો એનું પણ કલ્યાણ થઈ ગયું. આ હતો કૃપાલક્ષ્મીનો ચમકાર. (૩) પ્રભુનું આયુષ્ય ભલે માત્ર બહોંતેર વર્ષનું હતું. કિંતુ એમનું ધર્મશાસન એકવીશ હજાર વર્ષપર્યંત અખંડપણે જયવંતું રહેશે. કુલ બે હજાર ચાર યુગપ્રધાન સૂરિભગવંતો એ ધર્મશાસનની મશાલ સતત પ્રજવલિત રાખશે. આ છે એમની સૌભાગ્યલક્ષ્મીનો - પુણ્યલક્ષ્મીનો ચમકાર. આવી આવી તો અનેક લક્ષ્મી પ્રભુનાં જીવનમાં ઝળહળાયમાન છે. માટે શ્રી હેમચન્દ્રાચાર્યે 'श्रीमते वीरनाथाय, सनाथायाद्भुतश्रिया' પંક્તિ દ્વારા એ લક્ષ્મીની યથાર્થ અભિવ્યક્તિ કરી છે.

વિવિધ આત્મિક લક્ષ્મીઓનાં નિધાન પ્રભુ મહાવીરદેવ પાસે આપણે ભૌતિક લક્ષ્મીની યાચના કરવાની નથી, બલ્કે એવી શ્રીની - લક્ષ્મીની યાચના કરવાની છે જે આત્મિક ઉત્થાનમાં - આત્મકલ્યાણમાં નિશ્ચિતપણે સહાયક બને. આ સંદર્ભમાં અમને યાદ આવે છે અમારી સૂરિમન્ત્રતૃતીયપીઠ આરાધના. દરેક જૈનાચાર્યે આચાર્યપદારોહણ બાદ સૂરિમન્ત્રની પંચપીઠની તપ - જપસહિતની આરાધના કરવાની હોય છે. એમાંની તૃતીય પીઠના અધિષ્ઠાત્રી છે શ્રીદેવી - લક્ષ્મીદેવી. અમે જ્યારે એ તૃતીયપીઠની આરાધના કરી ત્યારે નિત્ય આરંભ અને અંતમાં પ્રભુ પાસે ચાર પ્રકારની શ્રીની - લક્ષ્મીની પ્રાપ્તિની પ્રાર્થના કરી હતી. એ ચારે ય લક્ષ્મી આત્મકલ્યાણ માટે અતિ ઉપયોગી હોવાથી અહીં એનો જ સંક્ષિપ્ત નિર્દેશ આપણે કરીશું.

(૧) વિનયશ્રી :-

આત્મકલ્યાણના અર્થી સાધકનાં જીવનમાં સૌથી પ્રથમ અને સૌથી અગત્યનો ગુણ જોઈએ વિનય. દેવ-ગુરુ પ્રત્યેની શ્રદ્ધામાંથી ભક્તિરૂપે - બહુમાનરૂપે આ વિનયગુણનો આવિષ્કાર થાય છે. એનો નજરે તરી આવે એવો સૌથી મોટો લાભ એ થાય કે જીવનમાં કદી અહંકાર ન જાગે. સફલતા લગભગ અવિરત મળ્યા કરે અને એનો તમામ યશ દેવ-ગુરુને જ આપવાની હાર્દિક વૃત્તિ વિકસ્યા કરે.

પ્રભુની અને ગુરુની પરમ કૃપાથી અમારા સમગ્ર મુનિવૃંદને આ વિનયશ્રીનો સ્પર્શ એવો મસ્ત મળ્યો છે કે જીવનની તમામ બાહ્ય-આંતર સફલતામાં કારણ માત્ર દેવ-ગુરુ જ અંતઃકરણપૂર્વક લાગે. હમણાં પાંચ વર્ષથી અમારા ચાતુર્માસોમાં સામૂહિક માસક્ષમણો વિપુલ થાય છે. પાંચ વર્ષમાં બારસો અઢાર માસક્ષમણ મહાતપ થયા. એથી ભદ્રક વર્ગ એમ કહે કે ''આપનું પુણ્ય માસક્ષમણ માટે જોરદાર છે.'' અમે ત્યારે અંતરનાં અતલ ઊંડાણથી એ જ માનીએ કે **'આ માત્ર ને માત્ર પ્રભુકૃપા - ગુરુકૃપા જ કરે છે. અમે તો નિમિત્તરૂપે પણ નથી. રામ એ રામ છે અને એમની પાદુકા એ પાદુકા છે. રામચન્દ્રજીના વનવાસ દરમ્યાન ભરત એ પાદુકાને સિંહાસન પર સ્થાપે એટલા માત્રથી પાદુકા રામ બની જતી નથી. એમ ભદ્રક વર્ગ ભક્તિથી - સરલતાથી કહે એટલામાત્રથી આપણી હેસિયત બદલાઈ જતી નથી. દેવ-ગુરુ જ રામનાં સ્થાને છે, આપણે માત્ર એમની પાદુકા છીએ. પાદુકાએ પોતાની મર્યાદા કદી ભૂલવી ન જોઈએ.'** એથી જ અમે પાર્લાની સમૂહમાસક્ષમણપત્રિકામાં બે **'slogan'** ખાસ લખાવ્યા હતા કે ''પ્રભુકૃપાની થઈ કમાલ, માસક્ષમણનો ઊડ્યો ગુલાલ... ગુરુકૃપાનો મહેંકે છે બાગ, એમાં ખીલ્યા છે માસક્ષમણ ગુલાબ...'' માત્ર માસક્ષમણનો જ શા માટે? જીવનની હરેક સફળતાનો મૂલાધાર દેવ-ગુરુકૃપા જ માની છે. આ છે વિનયશ્રીના સ્પર્શનું પરિણામ...

(૨) જ્ઞાનશ્રી :-

માત્ર પ્રવચન - લેખનાદિ માટે જ નહિ, આત્મિક વિકાસ માટે પણ જ્ઞાનની - સમ્યગ્ બોધની અતિ આવશ્યકતા છે. અમારા મુનિવૃંદમાં કાયમ નિત્ય જ્ઞાનનાં ખમાસમણ - કાઉસ્સગ્ગ અને પાંચમની આરાધના સૌને નિયત છે. બે - ત્રણ વાર અમને સાધ્વીભગવંતોએ સરલતાથી પૂછ્યું હતું કે ''આપને જ્ઞાનની વીશ

માળા વગેરે ગણવાની જરૂર છે? આપની પાસે તો જ્ઞાનસમૃદ્ધિ છે જ.'' અમે હસતાં હસતાં ઉત્તર આપેલ કે ''જેમને વધુ લેખન - પ્રવચન હોય એમને જ્ઞાનની આવશ્યકતા અન્યોથી વિશેષ હોય. એથી એમણે જ્ઞાનની આરાધના વિશેષ કરવાની.'' પછી ગંભીરતાથી મનોમન 'પ્રશમરતિ' ગ્રન્થનો પદાર્થ યાદ કર્યો કે 'પૂર્વકાલીન શ્રુતકેવલી આદિ ભગવંતોનું સાગર સમું અગાધ જ્ઞાન ક્યાં અને બિંદુથી ય અલ્પ આપણું મર્યાદિત જ્ઞાન કયાં?'

(૩) ચારિત્રશ્રી :-

જ્ઞાન ચાહે તેવું અગાધ હોય, પરંતુ એ જ્યાં સુધી આચરણમાં - ચારિત્રમાં ન અવતરે ત્યાં સુધી શ્રેયસાધક ન બને. જો સ્વ અને પરનું કલ્યાણ કરવું હોય તો દેશ - કાળસાપેક્ષ યથાશક્ય ઉત્તમ ચારિત્રશ્રી જીવનમાં જોઈએ જ.

(૪) પરિણતિશ્રી :-

જીવદયાનું ઉત્તમ પાલન જો પ્રવૃત્તિનો ધર્મ છે, તો એક પણ જીવની હિંસા ન થાઓ આવી ઉત્કટ ભાવના પરિણતિનો ધર્મ છે. દરેક આરાધનાયોગોમાં આવું આવું વિભિન્ન અર્થઘટન કરી શકાય. જે ઉત્તમ કક્ષાના સાધકો છે એમનું લક્ષ્ય હંમેશા પરિણતિકેન્દ્રિત હોય. માટે આપણે પણ જીવનમાં પરિણતિના વિકાસનું - વિશુદ્ધિનું લક્ષ્ય કેળવવું.

છેલ્લે એક મહત્ત્વની વાતઃ **માત્ર પ્રવૃત્તિનો ધર્મ સદ્‌ગતિ આપી શકે, પરિણતિનો ધર્મ તો સિદ્ધિગતિ પણ આપી શકે...**

◆ ◆ ◆

૧૬

સજા શત્રુનાં શરીર પર અસર કરે...
ક્ષમા શત્રુનાં હૃદય પર અસર કરે...

દ્વેષના દાવાનલને ઉપશાંત કરી ક્ષમાના સાગરમાં નિમગ્ન બનવાની પાવન પ્રેરણા આપતા પર્યુષણાપર્વનો આજે શ્રેષ્ઠ સંવત્સરીમહાપર્વનો દિન છે. પર્યુષણાના મુખ્ય પ્રવચનગ્રન્થ 'કલ્પસૂત્ર' આગમની **'समणे भयवं महावीरे'** પંક્તિગત 'ભગવાન' શબ્દના આઠમા અને અંતિમ અર્થ પર આજે આપણે વિચારયાત્રા કરીશું. 'કલ્પસૂત્ર'ની સુબોધિકાટીકામાં 'ભગ' શબ્દનો એક અર્થ કર્યો છે ધર્મ. હવે અર્થ એ થશે કે ભગવાન એટલે ધર્મવાન.

'ધર્મ' શબ્દના ઘણા અર્થો છે અને એ તમામ અર્થો ભગવાન મહાવીરદેવનાં જીવનમાં ઘટાવી શકાય છે. જેમ કે 'ધર્મ' શબ્દનો પરંપરાગત - પ્રચલિત અર્થ છે આત્મસાધના - આરાધના. પ્રભુમહાવીરદેવમાં આ અર્થમાં ધર્મ કેવો ઝળહળતો હતો તે એમની સાડા બાર વર્ષની અતિ ઘોર - ઉગ્ર સાધનામાં નિહાળાય છે. અરે! ત્યારે ધ્યાનાવસ્થામાં તેઓ **'स्वदेहेपि गतस्पृहः'** આ પંક્તિ સાર્થક કરી દેહની દરકાર સુદ્ધા રાખતા ન હતા... 'ધર્મ' શબ્દનો બીજો અર્થ છે ફરજ - કર્તવ્ય. તીર્થંકર બન્યા પછી પ્રભુ મહાવીરદેવનું કર્તવ્ય હતું નિત્ય

સવાર - સાંજ ત્રણ ત્રણ કલાકની ધર્મદેશનાનું. આ ધર્મ - આ કર્તવ્ય એમણે શેષ ત્રીશ વર્ષના જીવનમાં અખંડ અદા કર્યું. 'अगिलाणयाए धम्मदेसणयाए' આ શાસ્ત્રવચન એમનાં જીવનમાં યથાર્થ પ્રતિબિંબિત થતું હતું. અરે! આયુષ્ય થોડું અલ્પ જણાયું તો પ્રભુએ અંતિમ દિવસોમાં સળંગ અડતાલીશ કલાક ધર્મદેશના આપીને પોતાનું કર્તવ્ય અદા કર્યું... 'ધર્મ' શબ્દનો ત્રીજો અર્થ છે વસ્તુસ્વભાવ. પ્રભુના આત્માનો સ્વભાવ છે શુદ્ધ જ્ઞાન - શુદ્ધ ચારિત્ર - શુદ્ધ ક્ષમા વગેરે. પ્રભુમાં આ તમામ બાબતો એવી પરાકાષ્ઠાએ હતી કે 'वत्थुसहावो धम्मो' આ વ્યાખ્યાનુસાર આત્માનો મૂલભૂત સ્વભાવ એમનામાં મૂર્તિમંત ભાસે.

પ્રભુમહાવીરદેવની આ વિશેષતાઓ આપણને પણ ત્રણે ય સંદર્ભમાં 'ધર્મ' શબ્દ ચરિતાર્થ કરવાનો આદર્શ આપે છે. આત્મકલ્યાણની આરાધનાના સંદર્ભનો ધર્મ જો આપણે જીવનમાં આત્મસાત્ કરીએ તો આપણું જીવન દાન-શીલ-તપ-ભક્તિ વગેરેથી અલંકૃત બની જાય... કર્તવ્ય - ફરજના સંદર્ભનો ધર્મ જો આપણે આત્મસાત્ કરીએ તો એક પણ શુભ જવાબદારીમાં - કર્તવ્યમાં આપણે બેદરકાર ન રહીએ... વસ્તુસ્વભાવ અર્થાત્ આત્મસ્વભાવના સંદર્ભનો ધર્મ આત્મસાત્ કરીએ તો આપણે ક્ષમાદિ શુભ ભાવોથી વંચિત ન રહીએ. આજે ક્ષમાપનાપર્વરૂપ સંવત્સરીમહાપર્વનો પવિત્ર દિન છે. એથી આપણે અહીં વસ્તુસ્વભાવરૂપ અર્થાત્ આત્મસ્વભાવરૂપ ધર્મનો સંદર્ભ લઈ આત્મસ્વભાવના એક અંશરૂપ ક્ષમાધર્મ અંગે વિચારણા કરીશું.

સર્વપ્રથમ આપણે એ સમજીએ કે વસ્તુસ્વભાવ એટલે શું? વસ્તુનો અર્થ છે પદાર્થ અને સ્વભાવનો અર્થ છે એનો મૂલભૂત ગુણધર્મ. જેમ કે જલ અને ચંદનનો સ્વભાવ શીતલતાનો છે, તો અગ્નિનો સ્વભાવ દાહકતાનો છે. હવે ધારો કે અગ્નિના સંયોગનાં કારણે ચંદન અને જલ પણ દાહક - ગરમ બની જાય તો એ તેવા પ્રકારના સંયોગવશ એનામાં સર્જાયેલ વિભાવ છે. બાકી મૂલભૂત રીતે તો એનો સ્વભાવ શીતલતાનો જ છે. એથી જ અગ્નિનો સંયોગ હટી જતા ચંદન અને જલ પુનઃ શીતલ બની જતા હોય છે. બસ, આ જ રીતે આત્માનો મૂલભૂત સ્વભાવ - મૌલિક ગુણધર્મ છે ક્ષમાનો. ક્રોધ વગેરે તો એનામાં સર્જાતા વિભાવો છે. જ્યારે તેવાં કોઈ આવેશનિમિત્તો મળે ત્યારે એ આત્મા ક્રોધકષાયના વિભાવમાં તણાઈ જાય છે. એવાં નિમિત્ત દૂર થતાં

તે પુનઃ શાંત થાય છે. ભગવાન મહાવીરદેવનાં જીવનમાં ઝળહળતો ક્ષમાધર્મ અને આજનું મહાન સંવત્સરીપર્વ આપણને એ સાધનાનો સંદેશ આપે છે કે ચાહે તેવાં આવેશનિમિત્તો આવે તો ય આપણે ક્રોધરૂપ વિભાવના શિકાર ન બનવું, બલ્કે ક્ષમારૂપ સ્વભાવમાં સ્થિર રહેવું. આ માટે આપણે વિચાર કરીશું ત્રણ અનુપ્રાસસભર જીવનશૈલી અંગે :

(૧) પ્રહારશૈલી :-

શારીરિક કે આર્થિક, સામાજિક કે પારિવારિક : નાનું - મોટું કોઈ પણ નુકસાન સામી વ્યક્તિ કરે એટલે તુર્ત એના પર સવાયો જડબાતોડ પ્રહાર કરવો, આ છે પ્રહારશૈલી. આવી શૈલી હોય છે સાપનાં જીવનમાં. સાપને છંછેડો નહિ ત્યાં સુધી તો એ ય શાંત - ચૂપ બેસી રહે. જે ક્ષણે અજાણતાં ય એની પૂંછડી પર આપણો પગ આવે એ જ ક્ષણે તે હુમલો કર્યા વિના - વળતો પ્રહાર કર્યા વિના ન રહે. દુન્યવી દૃષ્ટિએ ભલે આ નીતિ યોગ્ય ગણાય, કિંતુ ધર્મદૃષ્ટિએ આ નીતિ યોગ્ય નથી. જો આમ કરવું યોગ્ય જ ગણાતું હોય તો પછી અણસમજુ સાપ અને સમજદાર આપણી વચ્ચે ફર્ક શો રહે? ધર્મ કહે છે કે પ્રહારનીતિથી શત્રુતાનો નાશ નહિ થાય, બલ્કે વૃદ્ધિ થશે. માટે એનાથી દૂર રહેવું. તો જ ક્ષમાસ્વરૂપ સ્વભાવમાં સ્થિરતા થશે.

(૨) સ્વીકારશૈલી :-

આવેશનાં - ક્રોધનાં નિમિત્તો વચ્ચે પણ જો ક્ષમાના સ્વભાવમાં ટકી રહેવું હોય તો સ્વીકારશૈલી આત્મસાત્ કરવી રહે. આત્મકલ્યાણની સાધનાનું એક સોપાન છે સર્વસ્વીકારભાવ. જે પણ પ્રતિકૂળ - ધારણા વિપરીત બાબતો બને તેનો પ્રતીકાર નહિ, માત્ર સમતાથી સ્વીકાર કરવો. ગજસુકુમાલમહામુનિ - મેતાર્યમુનિવર આદિ અગણિત સાધક મહાત્માઓ આ શૈલીથી મોક્ષપદ પ્રાપ્ત કરી શક્યા છે. વિપરીત સંયોગોમાં આ શૈલી કેવી સ્વસ્થતા - સમતા જારી રખાવે એ જાણવું છે? તો વાંચો લોકમાન્ય ટિળકનો આ પ્રસંગ :

ટિળકના વિરોધી અખબારોએ એક વાર એમની નિંદા - ટીકાનો સિલસિલો શરૂ કર્યો. રોજ રોજ અણછાજતી ભાષામાં ટિળક વિશેનાં નિંદાત્મક લખાણો એ પ્રગટ કરે. ટિળકના શુભેચ્છક મિત્રોએ અકળાઈને ટિળકને આનો જોરદાર પ્રતીકાર કરવા કહ્યું. ટિળકે હસતાં હસતાં ઈન્કાર કર્યો કે "હું પણ રોજ એ લખાણો વાંચું છું. એમાં કોઈ સાચી વાત હોય તો મારામાં એટલો સુધારો કરી

બાકીની બધી વાતોની ઉપેક્ષા કરું છું. આની સામે જો ઝઘડવા જઈશ તો મારી શાંતિ - મસ્તી ખતમ થઈ જશે. એટલે એને **'Let go'** કરું છું.'' આ છે સ્વીકારશૈલી.

(૩) ઉપહારશૈલી :-

ઉપહારનો અર્થ છે ભેટ - ઈનામ. સામી વ્યક્તિ ભલે ને કાતિલ નુકસાન કરે, તો ય એને માત્ર ને માત્ર પ્રેમની - કરુણાની ભેટ આપવી એ છે ઉપહારશૈલી. ઉચ્ચતમ આત્મભૂમિકાએ રહેલ વિભૂતિઓ જ આ કરી શકે. ચંડકૌશિકસર્પ હો કે શૂલપાણિ યક્ષ હો : એ સહુએ પ્રભુમહાવીદેવને ખતમ કરવા પ્રાણાંત પીડાઓ આપી. સામે પ્રેમાવતાર પ્રભુએ તે તમામને કરુણાનો - પ્રેમનો શ્રેષ્ઠ ઉપહાર આપી એમને આત્મકલ્યાણના પંથે પ્રગતિ કરાવી. પ્રભુએ આ ઉપહારશૈલી દ્વારા સમગ્ર સૃષ્ટિને એ પાવન સંદેશ આપ્યો કે **''વેરથી વેર શમે નહિ જગમાં, પ્રેમથી પ્રેમ વધે જીવનમાં...''**

આપણે પ્રભુના આ સંદેશને અનુરૂપ મજાના સુવાક્ય દ્વારા આ લેખમાળાનું સમાપન કરીએ અને આજની સંવત્સરી મહાપર્વારાધનાને સફળ બનાવીએ કે **''સજા સામી વ્યક્તિનાં શરીર પર અસર કરે છે, જ્યારે ક્ષમા સામી વ્યક્તિનાં હૃદય પર અસર કરે છે...''**

◆ ◆ ◆

૧૭

સંક્લેશગ્રસ્ત મન પીડાનું કારણ બને... સમાધિમસ્ત મન પ્રસન્નતાનું કારણ બને...

આત્મિક આનંદથી ભીતરને છલોછલ કરવાની ક્ષમતા ધરાવતા પવિત્ર પર્વાધિરાજ પર્યુષણાની આજે પાવન પધરામણી થઇ રહી છે ત્યારે એની ચિંતનયાત્રામાં આપણે એક માર્મિક દ્દષ્ટાંત દ્વારા પ્રવેશ કરીએ :

ચિક્કાર સામાન ભરેલ ખંડમાં બાળકની ઘડિયાળ ખોવાઇ ગઇ હતી અને એ એના પિતા તેમજ બાળમિત્રો સાથે ઘડિયાળ શોધી રહ્યો હતો. ઘણી મહેનત પછી ય ઘડિયાળનો પત્તો ન લાગ્યો ત્યારે એક બાળમિત્રે આશ્ચર્યજનક વાત કરી કે ‘‘થોડી વાર માટે તમે બધા ખંડમાંથી બહાર જતા રહો. ખંડ બંધ કરી હું એકલો જ ઘડિયાળ શોધી આપીશ.’’ સૌને નવાઇ તો લાગી. છતાં એક તક આપવા સહુ બહાર જતા રહ્યા. અને... આશ્ચર્ય! થોડી જ ક્ષણોમાં એ બાળમિત્ર ઘડિયાળ શોધીને બહાર આવ્યો.

જેની ઘડિયાળ ખોવાઇ હતી તે બાળક-એના પિતા વગેરે વિસ્મિત થઇ ગયા. કેટલાકને તો શંકા ય ગઇ કે કદાચ એણે જ ઘડિયાળ સંતાડી દઇ

હવે શોધી આપી હશે. પિતાએ પેલા બાળમિત્રને પૂછ્યું તો એણે પોતાનું અફલાતૂન ગણિત દર્શાવ્યું કે ''જુઓ, નાનકડા ખંડમાં આપણે બધા એક સાથે ઘડિયાળ શોધવાની ધાંધલ કરતા હતા. એમાં કોલાહલ ખૂબ થતો હતો. આથી મેં તમને સહુને બહાર મોકલ્યા. ખંડ બંધ કર્યા પછી નીરવ શાંતિમાં મેં એકાગ્ર ચિત્તે ઘડિયાળનો 'ટક ટક' અવાજ સાંભળવાની કોશિશ કરી તો મને તુર્ત અવાજ સંભળાઈ ગયો. મેં ત્યાં પ્રયત્ન કર્યો અને ઘડિયાળ તુર્ત મળી ગઈ!'' સહુ તાજુબ થઈ ગયા બાળમિત્રના આ અફલાતૂન ઉપાય પર...

માર્મિક આ દૃષ્ટાંત એ બોધ આપે છે કે બહારનો કોલાહલ શાંત થતાં ખંડની અંદરની ઘડિયાળનો અવાજ કર્ણગોચર થયો. તેમ વિષયો-કષાયો-દુર્વૃત્તિઓનો બાહરી કોલાહલ શાંત થાય તો જ ભીતરનું મધુર આધ્યાત્મિક સંગીત શ્રવણગોચર થાય. પર્યુષણામહાપર્વ એ કોલાહલ શાંત કરવા અનેક અદ્ભુત આલંબનો આપે છે. એ પૈકીનાં આઠ આલંબનો આ અષ્ટદિવસીય ચિંતનયાત્રામાં આપણે એવા વિચારીશું કે જે 'પ' અક્ષરથી શરૂ થતી આઠ વિશેષતાઓની પ્રાપ્તિ કરાવે. આવો, આપણે આજે અહીં પ્રથમ આલંબનની અને એના દ્વારા પ્રાપ્ત થઈ શકતી પ્રથમ વિશેષતાનો વિચાર કરીએ :

આ પર્વાધિરાજનું પ્રથમ આલંબન છે **'પર્યુષણા'** શબ્દ પોતે જ. પરિ+ઉષણા શબ્દનાં સંયોજનથી બનેલ 'પર્યુષણા'નો અર્થ એ છે કે પૈસો-પરિવાર-પ્રતિષ્ઠા વગેરે બાહ્ય બાબતોમાં ફેલાયેલી આપણી ચેતનાને-ચિત્તવૃત્તિને ત્યાંથી સંકેલી લઈ આત્મામાં સ્થિર કરવી. સરલ શબ્દોમાં કહીએ તો બહિર્મુખતા છોડીને અંતર્મુખ વૃત્તિ કેળવવી એ 'પર્યુષણા' શબ્દનો ખરો અર્થ છે. પર્યુષણાના પવિત્ર દિવસોમાં થતી પ્રતિક્રમણ-પૌષધ-સામાયિકાદિ તમામ ધર્મક્રિયાઓનું હાર્દ આ છે કે આ દ્વારા બહિર્મુખતા તૂટતી જાય અને અંતર્મુખતા વધતી જાય. આ અંતર્મુખતા વ્યક્તિને સમત્વ, રાગ-દ્વેષની પરિણતિની મંદતા, ચિત્તની સ્વસ્થતા તરફ લઈ જાય છે. એનાં કારણે 'પ' અક્ષરથી શરૂ થતી જે સર્વપ્રથમ ઉપલબ્ધિ થાય તેનું નામ છે **પ્રસન્નતા.**

આ સૃષ્ટિમાં પ્રસન્નતા કોને નથી જોઈતી, ભલા? સત્તાધીશ હોય કે સામાન્ય વ્યક્તિ, અમીર હોય કે ગરીબ, સુજ્ઞ હોય કે અજ્ઞઃ દરેક વ્યક્તિને પ્રસન્નતા ખૂબ પસંદ છે અને છતાં કટુ વાસ્તવિકતા એ છે કે પ્રસન્નતા એનાથી

જોજનો દૂર છે. આજના યુગના માનવી પાસે છે માનસિક Stress, અનેકાનેક બાબતોનું Tension અને સતત અસુરક્ષિતતાની ભયગ્રન્થિ. આનું પરિણામ એ આવ્યું છે કે જીવનમાંથી પ્રસન્નતા જાણે કે સમૂળગી ગાયબ થઇ ગઇ છે.

આ પરિસ્થિતિનાં મૂળ સુધી ઊંડા ઊતરી કારણ તપાસીએ તો ચોક્કસ સમજાશે કે Stress-Tension - અસુરક્ષિતા સર્જાય છે વધુ પડતી બહિર્મુખતાથી. બહિર્મુખતાનાં કારણે આપણે વ્યવસાય વગેરે ક્ષેત્રે બીજા કરતાં ખૂબ આગળ નીકળી જવાના - 'Top' પર પહોંચી જવાના મનસૂબા સેવીએ, ગજા બહારના સાહસો કરીએ, એ ક્ષેત્રના હરિફોને પછાડવાના કાવાદાવા કરીએ અને સરવાળે આ બધાનાં ફળરૂપે Stress-Tension-અસુરક્ષિતતા અનુભવી પ્રસન્નતાથી વંચિત રહી જઇએ. પછી નકલી-Artificial પ્રસન્નતા મેળવવા જાતજાતનાં મનોરંજનો પાછળ ચક્કર લગાવ્યા કરીએ અને તો ય પ્રસન્નતાનો સ્થાયી અહેસાસ ન થાય.

આની સરખામણીએ અંતર્મુખ વ્યક્તિત્વ કેળવનારની વાત ન્યારી છે. એ એવી સહજ પ્રસન્નતા આત્મસાત્ કરી જાણે છે કે એને પ્રસન્નતા માટે મનોરંજનની ટેકણ લાકડીની આવશ્યકતા ન રહે. આનો નિર્દેશ પેલી શાયરીમાં ખૂબ સરસ રીતે કરાયો છે કેઃ-

सूर्यमुखी दिनमें खीलता है रातमें नहि,
चन्द्रमुखी रातमें खीलता है दिनमें नहि।
मगर अन्तर्मुखी हर क्षण खीलता है,
क्यों कि इनकी खिलावट कीसी के हाथोमें नहि।।

સ્વયંભૂ અંતર્મુખતાની માલિક વ્યક્તિનો અભિગમ મનોરંજનની ટેકણ લાકડી પ્રત્યે કેવો હોય એ જાણવું છે? તો વાંચો આ નાનકડો માર્મિક સંવાદ :

પરિચિત સંતને પોતાના આલીશાન બંગલે પગલા કરાવતા એક શ્રીમંતે બંગલાની બધી અદ્યતન સુવિધાઓ બતાવી અંતે ઊમેર્યું : “મારે ત્યાં મનોરંજનનાં છેલ્લામાં છેલ્લા સાધનો ઉપલબ્ધ છે. Jokes ની કેસેટોથી લઇને મનગમતા Picture-Laughing class અને મનપસંદ રમતો પણ અહીં છે.” તટસ્થભાવે બધું સાંભળી લઇ બહાર ગયા બાદ એ અંતર્મુખી સંતે

શિષ્યને કહ્યું : ''મને આ શ્રીમંતની દયા આવે છે. બિચારો ભીતરથી કેવો દુઃખી હશે કે એને ખુશી મેળવવા આટઆટલાં સાધનો વસાવવા પડ્યા છે.''

અંતર્મુખી વ્યક્તિ મનોરંજનની ટેકણલાકડી વિના સહજ પ્રસન્ન રહે એનાં ત્રણ કારણો છે : એ સંક્લેશ દૂર કરતો જાય છે, સ્પૃહા દૂર કરતો જાય છે ને સ્પર્ધા દૂર કરતો જાય છે. જ્યાં અન્યોને પછાડવાના આટાપાટારૂપ સંક્લેશ છે ત્યા અસુરક્ષિતતા છે, જ્યાં બેફામ ઝંખના-ઈચ્છાઓ છે ત્યાં જાતજાતનાં **tension** છે અને જ્યાં સ્પર્ધા-હરિફાઈ છે ત્યાં માનસિક **Stress** છે.

આપણે શક્ય એટલા વધુ અંતર્મુખી બની સહજ પ્રસન્નતા પ્રાપ્ત કરીએ એવો નિર્દેશ 'પર્યુષણા' શબ્દની વ્યુત્પત્તિ કરે છે. આપણે એ માટે યાદ રાખીએ આ મજાનું સૂત્ર કેઃ **સંક્લેશગ્રસ્ત મન પીડાનું કારણ બને... સમાધિમસ્ત મન પ્રસન્નતાનું કારણ બને.'**

◆ ◆ ◆

૧૮

છીપમાં ભળતું વર્ષાબિંદુ મોતી બને...
પ્રભુમાં ભળતો આત્મા પરમાત્મા બને...

પાપાત્માઓને પણ પુણ્યાત્મા અને પરમાત્મા બનાવવા તરફ અગ્રેસર કરતાં પવિત્ર પર્વાધિરાજ પર્યુષણાનો આજે દ્વિતીય દિવસ છે. આ પર્યુષણા દ્વારા ઉપલબ્ધ આઠ અદ્‌ભુત આલંબનો પરની ચિંતનયાત્રામાં આજે આપણે વિચારીશું બીજું આલંબન અને એના દ્વારા પ્રાપ્ત થતી વિશિષ્ટતા. એ બીજું આલંબન છે **ચૈત્યપરિપાટી.**

જૈન શાસ્ત્રકારોએ પર્યુષણામહાપર્વની આરાધના સંગીન બનાવવા જે પાંચ કર્તવ્યો દર્શાવ્યા છે એમાંનું એક કર્તવ્ય છે આ ચૈત્યપરિપાટી. ચૈત્યનો અર્થ છે જિનેશ્વર ભગવંતોની પ્રતિમા અથવા જિનમંદિર, અને પરિપાટીનો અર્થ છે યાત્રા. પ્રભુ તીર્થંકરદેવોની પ્રતિમા તો ચેતનાને અધ્યાત્મમુખી બનાવનાર ઉત્તમ પરિબળ છે, ભલા. એની યાત્રા જેટલી વધુ વાર થાય, એટલું આત્મકલ્યાણ શીઘ્ર થવાની સંભાવના રહે. આથી જ શત્રુંજય જેવા મહાન તીર્થની યાત્રા અચ્છા અચ્છા શ્રીમંતો પણ પગપાળા ઘણી બધી વાર કરતા

હોય છે. એની એક વારની યાત્રામાં સાડા ત્રણ હજાર પગથિયાં ચડવાના અને ઉતરવાના હોય. આવી યાત્રા પગપાળા છપ્પન સો વાર કરનારનાં ઉદાહરણો પણ નોંધાયેલ છે. આ છે યાત્રાનો મહિમા! આ યાત્રા - ચૈત્યપરિપાટી દ્વારા ‘પ’ અક્ષરથી આરંભાતી જે વિશેષતા પ્રાપ્ત થાય તેનું નામ છે **પ્રભુભક્તિ.**

એક વાત ખબર છે? આકાશમાંથી વરસતું વર્ષાજલ જલતત્ત્વની દ્રષ્ટિએ એકસમાન હોય છે. આમ છતાં એ વર્ષાબિંદુને કોનો સંપર્ક મળે છે એના આધાર પર એનાં ત્રણ પરિણમન થાય છે : અધમ-મધ્યમ અને ઉત્તમ. વરસતા એ વર્ષાબિંદુને જો ગટરનો સંપર્ક મળે તો એ ગટરજલ બની જઇ અધમ સ્થાન પામે. એને જો ગંગાનદીનો પ્રવાહ મળે તો એ ગંગાજલ બની જઈ અનેક શ્રદ્ધાળુઓ માટે આદરણીય બની જાય અને એ જ વર્ષાબિંદુને સ્વાતિનક્ષત્રના યોગમાં જો છીપનો સંપર્ક મળી જાય તો એ લાખો રૂપિયાનું મૂલ્ય ધરાવતું મોતી બની જાય. વર્ષાબિંદુ એક સરખું જ. છતાં સંપર્કના કારણે એની ગુણવત્તામાં આસમાન-જમીનનો તફાવત.

બસ, આ જ વાત માનવીને પણ લાગુ પડે છે કે ત્રણ પ્રકારના સંપર્કનાં કારણે એની કક્ષા પણ ત્રણ પ્રકારની સર્જાય છે : અધમ-મધ્યમ અને ઉત્તમ. જો વ્યક્તિ વ્યભિચારી-ખૂની-વ્યસની-દુર્જનો સાથે ઘનિષ્ઠ સંપર્ક રાખે તો એ પણ દુર્જન-અસામાજિક તત્ત્વ બની જઇ અધમ સ્થાન પામે. એ જો સજ્જન-વિવેકી-ગુણવાન ધર્મીજનો સાથે સંપર્ક રાખે તો સંસર્ગના પ્રભાવે એનું જીવન પણ આદરણીય-માનનીય બની જાય. પરંતુ એથી ય વિશેષ જો એનો સંપર્ક પૂજા-ઉપાસના-ધ્યાન વગેરે ભક્તિનાં માધ્યમે પ્રભુ સાથે થાય તો એનું જીવન ઉત્તમ બની જાય. જીવનમાં સતત ઘુંટાતી ભક્તિ-ઉપાસનાનાં કારણે જીવન એ હદે પણ ઉત્તમ બની શકે કે ભક્ત-ઉપાસક આત્મા સ્વયં ઉપાસ્ય અર્થાત્ ભગવાન બની શકે. એથી જ એક પ્રસિદ્ધ ગીતપંક્તિમાં જણાવાયું છે કે :-

અરિહંતનાં ધ્યાને, અરિહંત બની જશો;
જિનની ભકિત કરતાં કરતાં, જિન બની જશો...

જેમનો સંપર્ક આવી અદ્‌ભુત ઉત્તમતા બક્ષે છે એ પ્રભુની-પરમાત્માની વિશેષતા તો અગણિત છે. છતાં આપણા જીવન-ઉદ્ધારના સંદર્ભમાં એમની ત્રણ વિશેષતાઓ અહીં પ્રસ્તુત કરવી છે. પહેલી વિશેષતા એ કે તેઓ **કારક**

અર્થાત્ કરાવનાર છે. કૃતજ્ઞભાવથી છલકાતા જૈન શાસ્ત્રકારો એમ સ્પષ્ટ માને કે 'આપણાં અંતરમાં શુભ કાર્ય કરવાનો વિચાર માત્ર પ્રગટે, તો એ પરમાત્માની અદશ્ય વરસતી કૃપાનું પરિણામ જ સમજવું.' આવો નિર્દેશ કરતી 'ઉપમિતિભવપ્રપંચા' શાસ્ત્રની પંક્તિ આ છે કે ''एकोऽपि शुभो भावो भगवत्प्रसादलभ्यवात्''. હૃદયને અહંકારથી મુક્ત રાખતી આ વિચારધારા એ સમજાવે છે કે જો શુભ કાર્યનો વિચાર પણ પ્રભુકૃપાનું પરિણામ હોય તો શુભ કાર્ય અવશ્ય પ્રભુકૃપાનું પરિણામ મનાય જ. આ દષ્ટિબિંદુથી પ્રભુની પહેલી વિશેષતા છે કારક અર્થાત્ શુભ કાર્ય કરાવનાર.

પ્રભુની બીજી વિશેષતા છે **વારક.** પ્રભુનો સાચો ભક્ત ભક્તિ કરવાની સાથોસાથ પ્રભુની ગુણમય અવસ્થા સાથે પોતાની દોષમય અવસ્થાની સરખામણી કરતો રહી જીવનમાં જામી ગયેલ ક્રોધ-કામ-લોભ-ઈર્ષ્યાદિ દોષોથી મુક્ત થવા પ્રયત્નો કરે. આ પ્રયત્નો અલ્પાધિક અંશે સફળ થાય ત્યારે એનું પરિણામ એ આવે ભક્તાત્માના દોષોનું અને દુર્ગતિનું નિવારણ થાય. આ દષ્ટિબિંદુથી પ્રભુની બીજી વિશેષતા છે વારક.

પ્રભુની ત્રીજી અને સૌથી વધુ પ્રસિદ્ધ વિશેષતા છે **તારક.** 'શક્રસ્તવ-નમોત્થુણં' સ્તોત્રમાં પ્રભુ માટે લખાયેલ 'तिन्नाणं तारयाणं' શબ્દો જ આ વિશેષણની શાસ્ત્રીયતા પર મહોર લગાવે છે. પ્રભુ સ્વયં તો ધર્મદેશના દ્વારા હજારો-લાખો જીવોના તારક હતા જ. ઉપરાંત આજે ઠેર ઠેર જિનમંદિરોમાં રહેલ એમની પ્રતિમાઓ પણ દર્શન-વંદન-ભક્તિ-ઉપાસનાનાં માધ્યમે લાખો લોકોને સંસારથી તારવાનું કાર્ય કરી રહી છે. અરે! માત્ર તારવાનું જ નહિ, બલ્કે એથી ય આગળ એ આત્માને પરમાત્મા-તીર્થંકરદેવ બનાવવા સુધીનું ય કાર્ય કરે છે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો લંકાધીશ રાજા રાવણનો આ મસ્ત પ્રસંગ :

સીતાજીનાં અપહરણનાં દુષ્કૃત્યનાં કારણે લોકમાનસમાં દુરાચારી તરીકે પંકાઇ ગયેલ રાજા રાવણનાં કેટલાક જીવનપાસાં એવાં અદ્‌ભુત પણ હતાં કે જે પ્રેરણાસ્પદ બની રહે. જૈન રામાયણ કહે છે કે રાજા રાવણ પટરાણી મંદોદરી સાથે અષ્ટાપદમહાતીર્થની યાત્રાએ ગયો હતો. ત્યાંના અલૌકિક એકાંત વાતાવરણમાં મંદોદરીએ નૃત્ય દ્વારા અને રાવણે વીણાવાદન દ્વારા પ્રભુભક્તિ

આરંભી. સ્થળ-કાળ ભૂલી બન્ને પ્રભુભક્તિમાં તન્મય-તલ્લીન બની ગયા હતા. ત્યાં જ વીણાનો તાર તૂટ્યો. ભક્તિમાં કોઈ વિક્ષેપ ન આવે તે માટે રાવણે લઘુલાઘવી કળાનાં બળે પોતાની જંઘાની નસ ખેંચી કાઢી પલકમાત્રમાં તાર સાથે જોડી દીધી. નૃત્ય અને વીણાવાદન, બન્ને અખંડ જારી રહ્યા. જૈન શાસ્ત્રો કહે છે કે તે સમયની રાવણની પ્રબળ ચડિયાતી ભાવધારાના પ્રતાપે એણે તીર્થંકર ભગવાન બનવાનું પુણ્ય ઉપાર્જિત કર્યું અને એ પણ પ્રતિમારૂપ પ્રભુનાં આલંબને!

આપણે આ તારક પ્રભુભક્તિના સંદર્ભમાં યાદ રાખીએ આ સૂત્ર કે **''વાસનામય પ્રેમ સંસારમાં રખડાવે... ઉપાસનામય પ્રેમ મોક્ષપદ પ્રાપ્ત કરાવે.''**

◆ ◆ ◆

૧૯

વાસનાનાં વિષ સાધનાને ખતમ કરે...
ઉપાસનાનાં અમૃત સાધનાને જવલંત કરે...

પવિત્રતાના પરિમલથી જીવનને મહેંકાવતા પર્વાધિરાજ પર્યુષણાનો આજે તૃતીય દિવસ છે. પર્યુષણાનાં માધ્યમે પ્રાપ્ત થતાં આઠ ઉચ્ચ આલંબનોની આપણી ચિંતનયાત્રામાં આજે આપણે વિચારીશું ત્રીજું આલંબન અને એના દ્વારા પ્રાપ્ત થતી વિશેષતા. એ ત્રીજું આલંબન છે **બ્રહ્મચર્ય.**

પર્યુષણાપર્વ દ્વારા મળતો બ્રહ્મચર્યપાલનનો નિર્દેશ આપણે બે આધારે નિહાળીએ : એક, પર્યુષણામાં ગૃહસ્થવર્ગ દ્વારા પૌષધવ્રતની આરાધના વિશેષરૂપે થાય છે. એમ જરૂર કહી શકાય કે પૂરા વર્ષમાં સૌથી વધુ પૌષધ પર્યુષણામાં થતા હશે. એ પૌષધવ્રતનાં પ્રતિજ્ઞાસૂત્રમાં ચાર પ્રકારના પૌષધ દર્શાવાયા છે અને એમાંનો એક પ્રકાર છે બ્રહ્મચર્યપૌષધ. એટલે કે પૌષધ વ્રત કરનાર પ્રત્યેક સંસારી વ્યક્તિએ એ વ્રત દરમ્યાન બ્રહ્મચર્ય પાલન અણિશુદ્ધ કરવાનું હોય છે. એ હદે કે તેઓ સંસારત્યાગી શ્રમણની જેમ જ વ્રત દરમ્યાન વિજાતીય વ્યક્તિને ભૂલમાં ય ન સ્પર્શે : ભલે પછી એ વિજાતીય વ્યક્તિ પતિ કે પત્ની હોય!

બીજો આધાર છે પર્યુષણાષ્ટાહ્નિકાગ્રન્થનો એક ગાથાર્ધ. એમાં જણાવાયું છે કે **''पव्वेसु पोसहाइ, बंभ–अणारंभ–तवविसेसाई.''** ભાવાર્થ કે પર્વદિવસોમાં પૌષધ, બ્રહ્મચર્યપાલન, આરંભ, સમારંભત્યાગ અને વિશેષ તપ વગેરે કરવા જોઈએ. આ રીતે જો અન્યાન્ય પર્વમાં ય બ્રહ્મચર્યપાલન કરવાનું હોય તો સર્વપર્વશિરોમણિ પર્યુષણામહાપર્વમાં તો બ્રહ્મચર્યપાલન અવશ્ય હોય જ. આવા આવા આધારો દ્વારા નિશ્ચિત થાય છે કે પર્યુષણા આપણને બ્રહ્મચર્યપાલનનું મજબૂત આલંબન આપે છે એના દ્વારા 'પ' અક્ષરથી શરૂ થતી જે વિશેષતા ઉપલબ્ધ થાય છે તેનું નામ છે **પવિત્રતા.**

લગભગ દરેક ભારતીય ધર્મપરંપરાઓમાં એક યા બીજા સ્વરૂપે બ્રહ્મચર્યનો મહિમા મંડિત છે. પરંતુ જૈન પરંપરામાં એનો મહિમા જબરજસ્ત ઊંચાઇ પર પ્રતિષ્ઠિત છે. બ્રહ્મચર્યના સંદર્ભમાં સંસારત્યાગી શ્રમણવર્ગની વાત પછી કરીએ તો, જેઓ સંસારમાં રહી ગૃહસ્થજીવન જીવે છે એ વર્ગમાં ય આનો મહિમા મંડિત છે. બે-ત્રણ બાબતો ગૃહસ્થવર્ગના સંદર્ભમાં જોઈએ : એક એ કે એ સંસારીવર્ગ જયારે શ્રાવકના બાર વ્રતો સ્વીકારે છે ત્યારે એમાં ચોથા વ્રતરૂપે આંશિક બ્રહ્મચર્યવ્રત અપનાવે છે. ત્યાં એમની પ્રતિજ્ઞા એ હોય છે કે પોતે જેની સાથે લગ્ન કર્યા છે તે સિવાયની તમામ વ્યક્તિઓ સાથે અબ્રહ્મનો-શરીરસંબંધનો ત્યાગ કરવો. એમાં પણ પ્રતિમાસની પાંચ પર્વતિથિ વગેરેમાં ઘણા પુણ્યાત્માઓ સ્વપત્ની-સ્વપતિ સાથેના ય એ સંબંધનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરે.. કેટલાક વળી એવા ભાવનાશીલ હોય છે કે જેઓ પ્રતિવર્ષ ચાતુર્માસના ચાર મહિના સંપૂર્ણ બ્રહ્મચર્યવ્રત સ્વીકારે.. તો ત્રીજી બાબત એ કે કેટલાક સંસારી મહાનુભાવો સારાં નિમિત્ત પામીને સંસારમાં ય આજીવન સંપૂર્ણ બ્રહ્મચર્યવ્રત સ્વીકારે. ખબર છે મન્ત્રીશ્વર પેથડશાહની પેલી રોમાંચક ઘટના?

જીવનમાં અઢળક સુકૃતો કરીને 'સુકૃતસાગર' તરીકેની ખ્યાતિ વરેલા આ ઈતિહાસપ્રસિદ્ધ મન્ત્રીશ્વર પેથડશાહનાં આંગણે એક વાર મૂલ્યવાન પહેરામણી ભેટરૂપે આવી. વિગત જાણતાં ખબર પડી કે ખંભાતના ભીમશ્રેષ્ઠીએ ભારતભરના આજીવન બ્રહ્મચર્યવ્રતધારી દંપતીઓને આ ભેટ પાઠવી છે. પેથડશાહ ક્ષણભર મૂંઝવણ અનુભવી રહ્યા. કેમ કે એમણે આજીવન

બ્રહ્મચર્યવ્રત હજુ સ્વીકાર્યું ન હતું. એ વિના ભેટ સ્વીકારવી યોગ્ય ન ગણાય. ત્યાં જ એમના ધર્મપત્ની પ્રથમિણીદેવીએ મીઠું હસતા કહ્યુંઃ ''આપણે આજથી આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકારી લઈએ તો આપણું કલ્યાણ પણ થશે અને આ મૂંઝવણ પણ દૂર થઈ જશે.'' પેથડશાહે એ પ્રેરણા ઝીલી તત્ક્ષણ આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકારી લીધું. ત્યારે એમની વય હતી માત્ર બત્રીશ વર્ષની અને પ્રથમિણીદેવીની વય હતી ફક્ત અટ્ઠાવીશ વર્ષની! સંસ્કૃત ચરિત્રકારોએ નોંધ કરી છે કે એમનું વસ્ત્ર જે ઓઢે એનો તાવ ગાયબ થઈ જાય એટલું નૈષ્ઠિક બ્રહ્મચર્યપાલન પેથડશાહનું હતું...

હવે વિચારીએ જૈન પરંપરામાં સંસારત્યાગી શ્રમણો માટે પ્રસ્તુત બ્રહ્મચર્યની વાત. દરેક જૈન શ્રમણ-શ્રમણી સંયમ સ્વીકાર્યા બાદ વડીદીક્ષાસમયે પાંચ મહાવ્રતોનો સ્વીકાર કરે છે. એમાંનુ ચોથું મહાવ્રત આ બ્રહ્મચર્યસંબંધી છે. સંસારી જૈન વ્યક્તિના અણુવ્રત કરતાં આ મહાવ્રતનો સૌથી મોટો ફર્ક એ છે કે આ વ્રતમાં કોઈ પણ છૂટ વિના સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન મન-વચન-કાયાથી કરણ-કરાવણ-અનુમોદનનાં સ્તરે થતું હોય છે. સંક્ષેપમાં કહીએ તો એમાં ખૂબ જ ઉચ્ચ સ્તરની સર્વાંગસંપૂર્ણ બ્રહ્મચર્યસાધના છે. આપણે એ સાધનાની ત્રણ વિશેષતાઓને અહીં ઉજાગર કરીએ :

(૧) મનસંયમ :-

તનનો સંયમ દાખવી બ્રહ્મચર્યનું પાલન કરનાર સાધકો હજુ આ સૃષ્ટિમાં હજારો મળે. પરંતુ તનની સાથોસાથ ચુસ્ત મનસંયમ રાખીને મનમાં કોઈ વિકારનો પ્રવેશ ન થવા દે એવી બ્રહ્મચર્યસાધના કરનાર વિરલા જોવા મળે. જૈન શ્રમણ-શ્રમણીને આ આદર્શ આપીને પ્રેરણા કરાય છે કે ''मन:संयमतो धेहि, धीर! चेत्तद्धितार्थ्यसि.'' મતલબ કે ''હે શ્રમણ ! જો તું આત્મહિતનો અભિલાષી છે તો બ્રહ્મચર્યનું પાલન તનની જેમ મનના ય ઉત્તમ સંયમપૂર્વક કર.'' યાદ આવે અહીં મહામુનિવર સ્થૂલભદ્રજી કે જેમણે પોતાની સંસારી અવસ્થાની પ્રેયસી કોશાનાં ભવનમાં ચાતુર્માસ રહી તમામ અનુકૂળ રાગોત્તેજક ઉપસર્ગો વચ્ચે ય તન-મનથી અણિશુદ્ધ બ્રહ્મચર્યપાલન કર્યું હતું. આજના જૈન શ્રમણ-શ્રમણીભગવંતો તનસંયમ સાથે મનસંયમનું પણ પાલન કરે છે

અને માનસિક સ્તરે એમાં ક્વચિત ક્ષતિ આવી જાય તો પ્રાયશ્ચિત્ત દ્વારા એની વિશુદ્ધિ કરી મનસંયમ બરકરાર રાખે છે.

(૨) પંચેન્દ્રિયસંયમ :-

બ્રહ્મચર્ય એટલે માત્ર વિજાતીય સ્પર્શનો જ ત્યાગ, એટલો સંકુચિત અર્થ જૈન શ્રમણ-શ્રમણીના બ્રહ્મચર્ય માટે અભિપ્રેત નથી. જૈન શાસ્ત્રો કહે છે કે વિકાર ઉત્તેજિત કરે તેવા અનુકૂળ શબ્દ-રૂપ-રસ-ગંધ અને સ્પર્શનો ત્યાગ કરી તેઓ પંચેન્દ્રિયસંયમનું પાલન કરે. સંયમીઓના બ્રહ્મચર્યની આ અદ્ભુત વિશિષ્ટતા છે.

(૩) નિરપવાદસંયમ :-

દરેક મહાવ્રતમાં ઉત્સર્ગની જેમ અપવાદ હોય છે. જેમ કે અહિંસામહાવ્રતની મર્યાદામાં, સંયમીઓ વાહનનો ઉપયોગ ન કરે એ ઉત્સર્ગ છે અને જીવલેણ રોગસમયે ગુર્વાજ્ઞાથી વાહનનો ઉપયોગ કરે એ અપવાદ છે. પરંતુ બ્રહ્મચર્યમહાવ્રતમાં કોઇ પણ સંયોગમાં અપવાદને સ્થાન અપાયું નથી. મતલબ કે પ્રાણાંત કષ્ટ આવે તો ય બ્રહ્મચર્યપાલન ફરજિયાત જ છે. એમાં કોઇ વિકલ્પ નથી.. કેવી અદ્ભુત છે જૈન શ્રમણોનાં બ્રહ્મચર્યની આ ત્રણ વિશેષતા!

છેલ્લે એક મજાનું સૂત્રઃ **વાસનાનાં વિષ સાધનાને ખતમ કરે.. ઉપાસનાનાં અમૃત સાધનાને જ્વલંત કરે..**

◆◆◆

૨૦

શમભાવમાં સ્થિર રાખતું મજાનું સૂત્ર : સ્વમાં વસ... પરથી ખસ... આટલું બસ ...

આવેશનાં નિમિત્તો વચ્ચે ય શમભાવમાં સ્થિર રહેવાની પ્રબળ પ્રેરણા આપતાં પવિત્ર પર્વાધિરાજ પર્યુષણાનો આજે ચતુર્થ દિવસ છે. પર્યુષણા દ્વારા ઉપલબ્ધ થતાં આઠ ઉચ્ચ આલંબનો પરની આપણી ચિંતનયાત્રામાં આજે આપણે વિચારીશું ચોથું આલંબન અને એના દ્વારા પ્રાપ્ત થતી વિશેષતા. એ ચતુર્થ આલંબન છે **શમભાવ.**

પર્યુષણા મહાપર્વના મુખ્ય પ્રવચનગ્રન્થ 'કલ્પસૂત્ર'માં પરમાત્મા મહાવીરદેવનું વિસ્તૃત જીવનચરિત્ર છ પ્રવચનો સુધી ફેલાયેલું મળે છે. એમાં નિહાળાતા પ્રભુના સાધનાકાળમાં અઢળક પ્રસંગો એવા મળે છે કે જેમાંથી શમભાવની પ્રેરણા પ્રાપ્ત થાય. ઝેરીલા ડંખ દેનાર ચંડકૌશિક સર્પ હો કે સમગ્ર નગરને પરેશાન કરનાર શૂલપાણિ યક્ષ હો, ઉપસર્ગોની ઝડી વરસાવનાર સંગમદેવ હો કે કાનમાં ખીલા ઠોકનાર ગોવાળ હો : આવેશનાં આ બધાં નિમિત્તો સામે શમભાવનું સામ્રાજ્ય અખંડ રાખનાર પ્રભુ મહાવીરદેવના એ

જીવનપ્રસંગો આપણને શમભાવનું અદ્‌ભુત આલંબન આપે છે. આ આલંબન દ્વારા, 'પ' અક્ષરથી શરૂ થતી જે વિશેષતા ઉપલબ્ધ થાય તેનું નામ છે **પ્રશાંત અવસ્થા.**

એક બાબત તો આપણા સહુના અનુભવમાં સુપેરે છે કે પાણીનો મૂલભૂત સ્વભાવ શીતલ છે. પાણી સરોવરનું હો, નદીનું હો, સાગરનું હો યા ટાંકીનું: એ ઠંડું જ હોય. હવે આ જ પાણીને તપેલી વગેરે સાધનમાં લઈ ગૅસ-ચૂલા પર મૂકવામાં આવે તો? તો એ જ પાણી એ હદે ગરમ થઈ જાય કે એનાં છાંટા પડે તો ય વ્યક્તિના દેહ પર ફોલ્લા થઈ જાય. પાણી ચામડી બાળી દે એ હદે ગરમ થયું તેનું કારણ એને મળેલ આગનું નિમિત્ત છે. સારાંશ આનો એ થયો કે શીતલતા પાણીનો મૌલિક સ્વભાવ છે અને નિમિત્તે મળતાં એનામાં પ્રગટતી ગરમી પાણીનો વિભાવ છે.

બસ, આ જ વાત દરેક આત્માની છે. આત્માનો મૂલભૂત સ્વભાવ સમતા છે એમ શાસ્ત્રો કહે છે. હવે જ્યારે એ આત્માને (દેહધારી વ્યક્તિને) સામી વ્યક્તિ દ્વારા આવેશનાં - ક્રોધનાં નિમિત્તો મળે ત્યારે તે પોતાનો મૂલભૂત શમભાવ-સમતા ત્યજી દઈને ક્રોધગ્રસ્ત - આવેશગ્રસ્ત બની જાય છે. સ્વભાવના બદલે વિભાવમાં જતો રહે છે. આનાથી તે વ્યક્તિને આધ્યાત્મિક સ્તરે તો ક્લિષ્ટ કર્મબંધ- દુર્ગતિ જેવાં નુકસાનો થાય જ છે, ઉપરાંત ઘણી વાર સામાજિક-પારિવારિક સ્તરે પણ પારાવાર નુકસાનો થાય છે.

પણ...હા, પાણી અને વ્યક્તિમાં ઉપરોક્ત સામ્ય હોવા છતાં એક બહુ મોટો ફર્ક પણ છે જે આપણા માટે આશાસ્પદ છે. પાણીને આગનું નિમિત્ત મળે ત્યારે એ ગરમ થાય જ. એમાં કોઈ વિકલ્પ નથી. જ્યારે વ્યક્તિને આવેશનાં નિમિત્તો મળે ત્યારે તે ગરમ થાય જ એવો નિયમ નથી. જો એ વ્યક્તિ સમજદાર હોય, ગુસ્સાના આત્મિક-સામાજિક-પારિવારિક નુકસાનો બરાબર સમજીને સ્વસ્થ-શાંત રહેવાનું સામર્થ્ય કેળવી શકી હોય, તો એ નિમિત્તો વચ્ચે ય આવેશગ્રસ્ત ન થાય. પ્રભુ મહાવીરદેવનાં જીવનચરિત્રનાં માધ્યમે પર્યુષણા આપણને આ બહુ જબરજસ્ત અને અતિ ઉપકારક પ્રેરણા આપે છે. આપણે એ પ્રેરણા ઝીલીને વધુ નહિ, તો અહીં દર્શાવેલ સાત સ્થાનો પર ક્રોધ-ગુસ્સો ન જ કરીએ.

(૧) ઘરેથી બહાર નીકળતાં ગુસ્સો ન કરવો :-

ધારો કે વ્યક્તિ સવારે દુકાને કે **Service** સ્થળે જવા નીકળે તે પૂર્વે ઘરમાં મોટો ઝઘડો એણે કર્યો. આનું દુષ્પરિણામ એ પણ આવી શકે કે ઘરે રહેલ વ્યક્તિ આવેશના અતિરેકમાં વધુ પડતી કલ્પનાઓ કરી ગલત કદમ ભરે. થોડાં વર્ષ પૂર્વે દીલ્હીમાં આવી ઘટના બની હતી કે જેમાં ઉગ્ર ઝઘડો કરી પતિ **Office** તરફ નીકળી ગયા બાદ એકલી પડેલ પત્નીએ આવેશમાં આત્મહત્યા કરી લીધી. આવાં કોઈ નુકસાનો ઉપરાંત અન્ય નુકસાનો એ ય સર્જાઈ શકે કે દિમાગમાં એ ઝઘડાના વિચારો છવાયા હોવાથી **Upset** વ્યક્તિ, **Office** તરફ જવા **Drive** કરતાં ય ક્યાંક અકસ્માત્ કરી બેસે કે **Office**નાં કાર્યમાં પણ **Disturb** રહે.

(૨) ઘરમાં પ્રવેશતાવેંત ગુસ્સો ન કરવો :-

Officework વગેરેથી દિવસભરનો થાક લઈ વ્યક્તિ ઘરમાં પ્રવેશે ત્યારે બની શકે કે લગભગ એ ત્રસ્ત હોય-શ્રાંત હોય. ઘરમાં પ્રવેશતાં જ કોઈ નાની-મોટી અપ્રિય ઘટના બને ત્યારે એ ત્રાસ-થાક-કંટાળો એવા ગુસ્સામાં પરિણમે કે જેમાંથી મોટો ભડકો-મોટો ઝઘડો સર્જાઈ જાય. એમાં પેલો દિવસભરનો ત્રાસ-થાક દ્વિગુણ થઈ જાય અને સરવાળે શાંતિ છિન્ન-ભિન્ન થઈ જાય. માટે આ સમયે પ્રયત્નપૂર્વક ગુસ્સાથી દૂર રહેવું.

(૩) ભોજન સમયે ગુસ્સો ન કરવો :-

ભોજન પ્રસન્ન ચિત્તે-હળવાશભર્યા વાતાવરણમાં થાય તો એ વધુ ગુણકારી બને. એથી વિરુદ્ધ ભોજનસમયે કલેશ-કંકાસ અને જોરદાર ઝઘડો થયો હોય તો એ ભોજન નુકસાનકારી બને. એક સંશોધન એમ કહે છે કે ભયંકર ગુસ્સાની અવસ્થામાં માતા જો સંતાનને સ્તનપાન કરાવે તો એ દૂધ સંતાનને ઝેરરૂપે પણ પરિણમી શકે.

(૪) સૂવાના સમયે ગુસ્સો ન કરવો :-

સૂવાના સમયે ગુસ્સો કરવાથી કલાકો સુધી નિદ્રા વેરણ બની જાય અને આરામ ન મળે. **Blood Pressure** વધી જાય. ક્વચિત્ નિદ્રામાં જ **Attack**

આવી જાય. ઝઘડાનાં કારણે આંખ મિંચાતા સુધી આર્તધ્યાન રહે અને જો કદાચ નિદ્રામાં મૃત્યુ આવે તો એ મોત દુર્ધ્યાનમય બને જે દુર્ગતિમાં લઈ જઈ શકે છે.

(૫) નાની નાની બાબતે ગુસ્સો ન કરવો :-

જીવન છે તો એમાં નાની નાની અણગમતી બાબતો બન્યા જ કરવાની. દરેક નાની બાબતે આપણી પ્રતિક્રિયા જો ગુસ્સાભરી રહે તો ધીમે ધીમે આપણો સ્વભાવ ચીડિયો બની જાય. જીવનને પ્રગતિશીલ બનાવવું હોય તો આ સ્વભાવ સુધારવો જોઈએ. યાદ રહે કે **Fast Train** ક્યારે ય નાનાં નાનાં સ્ટેશન ઊભી રહેતી નથી.

(૬) ઉપકારી વ્યક્તિઓ પર ગુસ્સો ન કરવો :-

માતા-પિતા, અધ્યાપક, વ્યવસાયમાં આંગળી પકડી આગળ વધારનાર વ્યક્તિ, સંસ્કરણ કરનાર ગુરુભગવંત, કલ્યાણમિત્રો વગેરે ઉપકારી ગણાય. એમના આશીર્વાદ લેવાના હોય, હાય નહિ. જ્યારે આપણે એ ઉપકારી જનો પર ગુસ્સો કરી બેસીએ છીએ ત્યારે આશીર્વાદ તો નથી મળતા, બલ્કે ક્યારેક મૂંગી હાય મળે. જે બહુ નુકસાનકારી છે.

(૭) ધર્મસ્થાનોમાં ગુસ્સો ન કરવો :-

જિનાલય - ઉપાશ્રય વગેરે ધર્મસ્થાનો તો જીવનના દોષો દૂર કરવા માટેની **Refinery** છે. ત્યાં જઈને ય જો ગુસ્સો - કષાયો કરીએ તો દોષોથી છૂટકારો અશક્ય જેવો બની જાય. શાસ્ત્રો પણ કહે છે કે અન્ય સ્થાનોમાં સેવેલ દોષો ધર્મસ્થાનોમાં નષ્ટ થાય. પણ ધર્મસ્થાનમાં સેવેલ દોષ તો વજ્રલેપ જેવા બની જાય.

આવો, આપણે આ સાત સ્થાનોમાં ગુસ્સાથી મુક્ત રહેવાય એટલો સ્વભાવ તો જરૂર સુધારીએ અને એ માટે યાદ રાખીએ આ સૂત્ર કે **“સ્વમાં વસ... પરથી ખસ... આટલું બસ.”**

◆ ◆ ◆

૨૧

ક્રોડો રૂપિયાનું દાન કરનાર પણ પાંચ રૂપિયાનું દાન કરનારની પ્રશંસા કરે તે છે સાચો પ્રમોદભાવ ...

ઈર્ષ્યા - અદેખાઈ જેવાં કૈંક માનસિક પ્રદૂષણોને મિટાવતા પવિત્ર પર્વાધિરાજ પર્યુષણાનો આજે પાંચમો દિવસ છે. પર્યુષણા દ્વારા પ્રાપ્ત થતાં આઠ વિશિષ્ટ આલંબનોની ચિંતનયાત્રામાં આજે આપણે વિચારીશું પાંચમું આલંબન અને એના દ્વારા થતી વિશિષ્ટ ગુણપ્રાપ્તિ. એ આલંબન એટલે **સ્થવિરાવલિવાચના.**

પર્યુષણાપર્વના મુખ્ય પ્રવચનગ્રન્થ 'કલ્પસૂત્ર' ના આઠમા પ્રવચનરૂપે છે આ સ્થવિરાવલિની વાચના. એમાં પ્રભુ મહાવીરદેવનાં શાસનમાં થયેલ અનેક મહાન પ્રભાવક સાધુપુરુષોનાં જીવનચરિત્રનાં માધ્યમે તેમના અદ્ભુત ગુણવૈભવને ઉજાગર કરાયો છે. જંબૂસ્વામીનો વિરલ વૈરાગ્ય, સ્થૂલિભદ્રમહામુનિનો અકલ્પ્ય કામવિજય, વજ્રસ્વામીનો અત્યંત તીવ્ર સંયમમનોરથ, સમ્રાટ સંપ્રતિની અનુપમ શાસનભક્તિ વગેરે ગુણોની પ્રસ્તુતિ આ સ્થવિરાવલિમાં થાય છે. આ સ્થવિરાવલિનાં આલંબને '**પ**' અક્ષરથી આરંભાતી જે વિશેષતા ઉપલબ્ધ થાય તેનું નામ છે **પ્રમોદભાવ** અર્થાત્

ગુણાનુરાગ. આ પ્રમોદભાવનો મહિમા જૈન શાસ્ત્રોમાં અનેક રીતે વર્ણવાયો છે. આપણે એમાંથી બે પ્રકાર નિહાળીએ :

જૈન પરંપરામાં મૈત્રી વગેરે ચાર ભાવનાઓને ખૂબ મહત્ત્વપૂર્ણ સ્થાન અપાયું છે. ધર્મબિંદુ નામે ગ્રન્થમાં ત્યાં સુધી લખાયું છે કે ''मैत्र्यादिभावसंयुक्तं, तद्धर्म इति कीर्त्यते.'' ભાવાર્થ કે ધર્મનાં અનુષ્ઠાનો પણ ખરા અર્થમાં 'ધર્મ' ત્યારે બને કે જ્યારે એ અનુષ્ઠાનકર્તા પુણ્યાત્માનું ચિત્ત આ મૈત્રી આદિ ચાર ભાવનાઓથી ભાવિત બને. જેનું ચિત્ત મૈત્રી વગેરે ભાવનાથી સુવાસિત નથી એ વ્યક્તિ ગમે તેટલી ધર્મક્રિયાઓ કરે તો પણ એ ક્રિયા વાસ્તવિક 'ધર્મ' ન બની શકે. મૈત્રી વગેરે એ ચાર ભાવનામાં બીજા ક્રમનું સ્થાન છે પૂર્વોક્ત પ્રમોદભાવનાનું - ગુણાનુરાગનું.

હવે વિચારીએ બીજી વાત. સરલતા-નિર્લોભતા-ક્ષમા વગેરે અનેક ગુણો એવા છે કે જે સ્પૃહણીય હોય. પરંતુ બે ગુણ એવા ઉચ્ચતમ-શ્રેષ્ઠ છે કે એમાંનો કોઈ પણ એક ગુણ જીવનમાં આવી જાય તો પછી બાકીના સર્વ ગુણો જીવનમાં ક્રમે ક્રમે આપોઆપ વિકસ્વર થતાં જાય. સમજો કે એ ગુણ સર્વ ગુણોની જન્મદાત્રી માતા છે. એ બે પૈકીનો એક ગુણ એટલે પ્રમોદભાવ - ગુણાનુરાગ. ગણિત બહુ સરલ છે કે ગુણાનુરાગ દરેક ગુણ પ્રત્યે આદર પ્રગટાવે અને એ આદર તે તે ગુણની પ્રાપ્તિનું કારણ બની જાય. એથી જ અન્યત્ર એમ લખાયું છે કે ''इग सिक्ख गुणानुराओ'' ભાવાર્થ કે માત્ર ગુણાનુરાગનો - પ્રમોદભાવનો ગુણ આત્મસાત્ કરી લો. બાકીના તમામ ગુણો આપોઆપ મળવા માંડશે.

આ બન્ને નિર્દેશોથી એ પ્રતીતિ થાય છે કે પ્રમોદભાવનો મહિમા જૈન પરંપરામાં કેવો અદ્ભુત છે. આ પ્રમોદભાવથી જીવનમાં સર્જાતા ત્રણ પ્રત્યક્ષ લાભો પર હવે દૃષ્ટિપાત કરીએ :

(૧) તમામ ગુણવાન વ્યક્તિઓ પર આદર કરાવે :-

પ્રમોદભાવને વ્યાખ્યાયિત કરતી એક પ્રસિદ્ધ ગુજરાતી ગીતની આ પંક્તિ ખૂબ યથાર્થ છે કે :-

ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે ;
એ સંતોના ચરણકમલમાં, મુજ જીવનનું અર્ઘ્ય રહે...

ભલે ને એ ગુણીજન સ્વપક્ષના હોય કે પરપક્ષના, નાના હોય યા મોટા, પ્રસિદ્ધ હોય કે અપ્રસિદ્ધ, પોતાના ધર્મના હોય કે અન્યના ધર્મના : ગુણાનુરાગીની દૃષ્ટિ આ બધી બાબતો પર ઠરતી નથી. એની નજર ઠરે માત્ર સામી વ્યક્તિના ગુણ પર અને પછી તે એની સાચાં હૃદયથી અનુમોદના કરે. અરે ! કોઈ ભરમાવી દે તેવી વાત કરે તો ય શુદ્ધ ગુણાનુરાગી વ્યક્તિની દૃષ્ટિ ગુણવાન વ્યક્તિના ગુણ પર જ સ્થિર રહે. કરવી છે આની પ્રતીતિ ? તો વાંચો જૈન ઈતિહાસની આ સત્ય ઘટના :

લગભગ સવા ત્રણસોથી વધુ વર્ષો પૂર્વે થયેલ મહાન જૈન શાસ્ત્રકાર મહોપાધ્યાય યશોવિજયજી ગણિવર. એ યુગના તેઓ સર્વોચ્ચ - સર્વશ્રેષ્ઠ વિદ્વાન ગણાતા હતા. બન્યું એવું કે એક વાર તેઓ જે નગરમાં વિરાજ્યા હતા એ જ નગરમાં એમનાથી થોડે દૂરના અન્ય એક ઉપાશ્રયમાં મહોપાધ્યાય માનવિજયજી ગણિવર નામે સાધુપુરુષ વિરાજ્યા હતા. તેઓ લોકપ્રિય પ્રવચનકાર હોવાથી એમની પ્રવચનસભામાં હકડેઠઠ મેદની ઊમટતી હતી, જ્યારે યશોવિજયજીની પ્રવચનસભામાં બહુ થોડા શ્રોતાઓ ઉપસ્થિત થતા.

એ દિવસોમાં કોઈ પંચાતરસિક વ્યક્તિએ માનવિજયજીને કહ્યું :''પેલા યશોવિજયજી મ. શ્રેષ્ઠ જ્ઞાની કહેવાય છે. પરંતુ મને તો એમના કરતાં તમે વધુ જ્ઞાની લાગો છો. જુઓ ને, તમારી સભામાં સેંકડો શ્રોતાઓ આવે છે ને એમની સભામાં તો સાવ થોડા.'' માનવિજયજી ગુણાનુરાગી અને યશોવિજયજી મ. ના શ્રેષ્ઠ જ્ઞાનથી અહોભાવિત હતા. એમણે પંચાતરસિકને એનું સ્થાન બતાવી દેતો મસ્ત ઉત્તર આપ્યો : ''જો, હું વ્યાખ્યાન આપું છું એ તારા જેવા માટે છે અને એ વ્યાખ્યાન આપે છે એ મારા જેવા માટે છે!'' પેલા બિરાદર સ્તબ્ધ થઈ ગયા.

(૨) વિના મૂડીરોકાણે તોતિંગ નફો કરાવે :-

દુનિયામાં કોઈ ધંધો પ્રાયઃ એવો નથી કે જેમાં મૂડીરોકાણ એક પૈસાનું ન હોય અને નફો જબરજસ્ત હોય. કિંતુ પ્રમોદભાવ એક એવો ધંધો છે કે જે વિના મૂડીરોકાણે તોતિંગ નફો કરાવે. જરા સમજીએ આ વાત. ધારો કે એક વ્યક્તિ તપનાં ક્ષેત્રે બિયાસણું પણ કરી શકતી નથી. એ એની આસપાસના સળંગ ૩૦-૪૫-૬૮ ઉપવાસ કરનાર તપસ્વીઓને નિહાળી તેઓની ખરાં હૃદયથી

અનુમોદના કરે અને પોતાનાથી તપસ્યા નથી થતી એનો રંજ રાખે તો એ કોઈ તપ કર્યા વિના ય ઘણું બધું તપફળ-નિર્જરા પામે. અરે ! ક્યારેક તો તપ કરનાર જેટલું જ ફળ એ તપ અનુમોદના કરનાર પામે. એથી જ પૂજાપંક્તિમાં લખાયું છે કે **"કરણ-કરાવણ ને અનુમોદન, સરીખા ફળ નિપજાયો."** આમાં સ્પષ્ટ સમજાશે કે તપ કરવારૂપ મૂડીરોકાણ એ વ્યક્તિનું જરા ય નથી અને છતાં તપનાં ફળરૂપ નફો એ તોતિંગ પ્રાપ્ત કરે છે!

(૩) પ્રસન્નતાથી ભર્યા ભર્યા બનાવે :-

દુન્યવી ક્ષેત્રે એમ જોવા મળે છે કે પોતાની સાથેની વ્યક્તિને ક્રોડાધિપતિ બની ગયેલ નિહાળી સામાન્ય નોકરિયાત વ્યક્તિ મનોમન દુઃખી દુઃખી થઈ જાય. કેમ કે ત્યાં ઈર્ષ્યા નામનું તત્ત્વ કાર્યરત છે. જ્યારે પ્રમોદભાવનાં ક્ષેત્રે એમ જોવા મળે છે કે સામાન્ય જ્ઞાની-તપસ્વી આદિ પોતાનાથી અતિ ઉત્કૃષ્ટ જ્ઞાની-તપસ્વી આદિને જોઈ આનંદ આનંદ અનુભવે છે. કેમકે ત્યાં ગુણાનુરાગ નામનું તત્ત્વ કાર્યરત છે. અરે ! પોતાનાથી અલ્પ ગુણવાનને જોઈને ય પ્રમોદભાવ સંપન્ન વ્યક્તિ આનંદ જ અનુભવે, તિરસ્કાર કે ઉપેક્ષા નહિ.

આ છેલ્લા વિધાનનાં અનુસંધાનમાં યાદ રાખીએ આ મજાની વાત કેઃ **"ક્રોડો રૂપિયાનું દાન કરનાર પણ પાંચ રૂપિયાનું દાન કરનારની પ્રશંસા કરે તે છે સાચો પ્રમોદભાવ."**

◆ ◆ ◆

૨૨

અગ્નિમાં તપવાથી સુવર્ણ મલમુક્ત બને છે...
તપમાં તપવાથી આત્મા કર્મમુક્ત બને છે...

કર્મોથી કચડાયેલ આત્માને સર્વથા કર્મમુક્ત બનવાનું દિશાદર્શન કરાવતા પર્વાધિરાજ પર્યુષણાપર્વનો આજે છટ્ઠો દિવસ છે. પર્યુષણાસંબંધી આઠ અદ્‌ભુત આલંબનોની આપણી ચિંતનયાત્રામાં આજે આપણે વિચારીશું છટ્ઠું આલંબન અને એના દ્વારા પ્રાપ્ત થતી વિશેષતા. એ છટ્ઠું આલંબન એટલે **તપ.**

આમ જુઓ તો, તપ પર્યુષણા સાથે એકદમ સંલગ્ન થઈ ગયેલ બાબત છે. અ-જૈનવર્ગમાં પર્યુષણાનું જે મહત્ત્વ જણાય છે એ તપનાં કારણે જ મુખ્યત્વે છે. અરે! જૈનોમાં પણ પર્યુષણાની સફલતાનો એક મુખ્ય માપદંડ તપ જ ગણાય છે. એથી જ જૈન સંઘોમાં પર્યુષણા ઉજવણીસંબંધી પારસ્પરિક પૃચ્છા થાય ત્યારે સર્વપ્રથમ પ્રશ્ન પ્રાયઃ એ પુછાય છે કે તપશ્ચર્યા કેટલી થઈ? અન્ય એક વાત વિચારીએ તો, પર્યુષણાના મુખ્ય સંવત્સરીમહાપર્વના ૪૫-૩૦-૧૫ દિવસ અગાઉથી શક્તિસંપન્ન ભાવિકો સળંગ ૪૫ ઉપવાસ - ૩૦ ઉપવાસ - ૧૫ ઉપવાસ વગેરે તપ કરતા હોય છે અને એના માટે ‘ધર’ શબ્દથી

સંબોધાતા નિશ્ચિત દિવસો ઘોષિત કરાતા હોય છે. આ પણ દર્શાવે છે કે તપ પર્યુષણા સાથે કેટલી સરસ હદે સંલગ્ન બાબત છે. આ તપ દ્વારા પ્રાપ્ત થતી ‘પ’ અક્ષરથી આરંભાતી વિશિષ્ટતા છે **પ્રકૃષ્ટ નિર્જરા.** નિર્જરા જૈન દર્શનનો પારિભાષિક શબ્દ છે. એનો અર્થ છે કર્મનો ક્ષય - નાશ.

આ વિશ્વનું કોઈ **'Supreme power'** જેવું પરિબળ હોય તો તે છે કર્મ. ધર્મને બાદ કરતાં આ જગતની કોઇ વ્યક્તિ - શક્તિ એની સામે બાથ ભીડી ન શકે. કર્મ આજના પૂરી દુનિયા ધ્રુજાવતા સત્તાધીશને આવતી કાલે જીવ બચાવવા લપાતા - છુપાતા ભાગવું પડે એ સ્થિતિમાં લાવી દે, તો આજના **'heavy weight champion'** કુસ્તીબાજને કાલે હાથ પરની માખી ય ન ઉડાડી શકે એવો મજબૂર **'peralieses'**ગ્રસ્ત બનાવી દે; કર્મસત્તા આજે ક્રોડોની સંપત્તિમાં મહાલનારને કાલે પેટ ભરવાના ય ફાંફા રહે એવો કંગાલ બનાવી દે, તો આજે રૂપરૂપના અંબાર સમી ભાસતી યુવતીના ચહેરાને આગની એક ઝાળ દ્વારા એવો કરી દે કે કાલે એના કદરૂપ ચહેરા સામે કોઈ નજર માંડવા ય તૈયાર ન હોય. આ કર્મસત્તા એવી **'Supreme power'** હોય છે કે એ તીર્થંકર ભગવંતો જેવી મહાન વિશ્વશ્રેષ્ઠ વિભૂતિઓને પણ કનડી શકે છે. અલબત્ત, તીર્થંકરદેવો એ કનડગતને ઉચ્ચતમ સાધનામાં પરિણમાવી કર્મમુક્તિ તરફ આગળ વધે એ અલગ વાત છે. પરંતુ કર્મ એમને પણ નડે ખરા. આની પ્રતીતિ કરાવતો એક પ્રસંગ પર્યુષણાના મુખ્ય પ્રવચનગ્રન્થ ‘કલ્પસૂત્ર’ની સંસ્કૃતટીકામાં ય નિહાળવા મળે છે :

શત્રુંજય મહાતીર્થે જેમની ભક્તિ - ઉપાસના કરવા લાખો લોકો જાય છે તે ભગવાન આદિનાથ. કલ્પસૂત્રટીકા કહે છે કે આ પ્રભુએ જ્યારે દીક્ષા સ્વીકારી ત્યારે તે સમયની પ્રજાને જૈન શ્રમણના આચારોનો કોઈ પરિચય ન હોવાથી નિર્દોષ ભિક્ષા મળતી ન હતી. લોકો સુવર્ણ - રજતના ઢગલા ને અન્યાન્ય અનેક ચીજો પ્રભુ સામે ધરે, પરંતુ નિર્દોષ ભિક્ષા ન ધરે. સામે પક્ષે પ્રભુ સર્વથા મૌનવ્રતી હોવાથી ઈશારા દ્વારા ય ‘પોતાને શું ખપે?’ એ જણાવતા ન હતા. એથી અન્ન - જલ વિના ચોવિહાર ઉપવાસ પર ઉપવાસ થવા માંડ્યા. પાંચ દિવસ... પંદર દિવસ... એક માસ... બે માસ... છ માસ... નવ માસ... બાર

માસ અને સળંગ તેર માસના નિર્જલ ઉપવાસ પ્રભુએ કર્યા. એ પછી એમને નિર્દોષ ભિક્ષા મળી.

આ સળંગ તેર માસ ભિક્ષા ન મળવાનું ઉપાદાન કારણ પ્રભુના આત્માએ પૂર્વે બાંધેલ અંતરાયકર્મ હતું. પૂર્વના ભવમાં પ્રભુ જ્યારે રાજા હતા ત્યારની એક ઘટના. માર્ગ પરથી રસાલા સાથે પસાર થતાં એ રાજાએ એક દૃશ્ય એવું જોયું કે અનાજના ડુંડા આરોગવા ધસી જતાં બળદ પર ગુસ્સે થયેલ ખેડૂત અણીદાર પરાઈથી એને સખત મારી રહ્યો હતો. કરુણાર્દ્ર રાજાએ ખેડૂતને એમ કરતા અટકાવીને કહ્યું : ‘‘બળદ પણ જીવ છે. એને આટલો મારવાના બદલે એનું મોઢું વસ્ત્રથી બાંધી દે. તારું અનાજ પણ નહિ બગડે અને એને માર પણ ન ખાવો પડે.’’ રાજાએ ખેડૂતને બળદનું મોઢું બાંધતા શીખવ્યું. ખેડૂતે એ ઉપાયનો અમલ કર્યો.

પાછા વળતાં એ જ માર્ગે રાજા નગર તરફ જતા હતા ત્યારે પેલા ખેડૂતનું ખેતર આવ્યું. દયાર્દ્ર રાજાએ જોયું કે ખેડૂત એનાં કાર્યમાં મગ્ન હતો અને બળદનું મોઢું બંધાયેલ હતું. એમણે ખેડૂતને પૂછ્યું : ‘‘તેં આ બળદને અત્યાર સુધીમાં ચારો - પાણી નીર્યા કે નહિ ?’’ ખેડૂતે ના કહી. રાજાએ એને મીઠો ઠપકો આપી સમજાવ્યું કે ‘‘એ જીવને પણ ભૂખ - તરસની વેદના હોય. સમય થાય એટલે ચારો - પાણી ધરવાના.’’ ખેડૂતે એ સ્વીકાર્યું. પરંતુ મોઢું બંધાયું અને આ સમજાવટ મળી એ બે વચ્ચે તેર ઘડી જેટલો સમય એ બળદ ભૂખ્યો - તરસ્યો રહ્યો. રાજા એનાં ભોજનના અંતરાયમાં નિમિત્ત બન્યા હતા. માટે એમને એવું અંતરાયકર્મ બંધાયું કે આદીશ્વરભગવાનના ભવમાં એમને સળંગ તેર માસ એ કર્મવશ ભોજનનો અંતરાય સર્જાયો!

કર્મ તીર્થંકરભગવંતો જેવી મહાન વિભૂતિઓને પણ કેવા કનડી શકે તે આ ઘટનામાં બહુ અસરકારક રીતે પ્રતિબિંબિત થાય છે.

કર્મતત્ત્વની રજૂઆત માત્ર જૈન દર્શનમાં જ છે એવું નથી. લગભગ દરેક આસ્તિક ભારતીય પરંપરાઓમાં કર્મસિદ્ધાંતનો સ્વીકાર છે. પરંતુ એ એક વાસ્તવિક સત્ય છે કે જૈન દર્શનમાં કર્મસિદ્ધાંતની જે સૂક્ષ્માતિસૂક્ષ્મ અને તર્કબદ્ધ રજૂઆત છે એ અન્યત્ર ક્યાં ય જોવા મળતી નથી. તટસ્થ અભ્યાસી વિદ્વાનો પણ આ વાસ્તવિકતાનો સ્વીકાર કરે છે. સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત કાર્મણવર્ગણા, બંધહેતુઓ દ્વારા જીવ જ્યારે એને આત્મા સાથે સંબદ્ધ કરે

ત્યારે થતું એનું 'કર્મ' તરીકે અભિધાન, કર્મની જ્ઞાનાવરણીય આદિ આઠ મુખ્ય પ્રકૃતિઓ, મતિજ્ઞાનાવરણીય - શ્રુતજ્ઞાનાવરણીય આદિ એકસો અટ્ઠાવન ઉત્તર પ્રકૃતિઓ, કર્મના બંધ - સત્તા - ઉદયકાળ, કર્મના ઉદીરણા - સંક્રમણાદિ કરણો, કર્મના બદ્ધ - સ્પૃષ્ટ - નિધત્ત - નિકાચનાદિ બંધભેદો વગેરે અઢળક બાબતોનું સચોટ નિરૂપણ જૈન દર્શનમાં અદ્ભુત નિહાળવા છે. અરે! માત્ર કર્મતત્ત્વને જ સમજાવતાં કર્મગ્રન્થો - કર્મપ્રકૃતિ વગેરે સંખ્યાબંધ સ્વતંત્ર શાસ્ત્રો જૈન દર્શનમાં આજે ય ઉપલબ્ધ છે.

આ કર્મસત્તા પર હાવી થઈ એને હરાવી - મીટાવી શકે એવી એકમાત્ર તાકાત ધર્મસત્તા છે. એ ધર્મસત્તાના એક પ્રકારરૂપ તપમાં એવી પ્રચંડ ક્ષમતા છે કે એ નિકાચિતમાં નિકાચિત ખતરનાક કર્મોનો પણ વિનાશ કરી શકે છે. એથી જ નવતત્ત્વમાં નિર્જરાતત્ત્વનિરૂપણ સમયે કારણમાં કાર્યોપચાર કરી તપના બાર ભેદોને જ નિર્જરાના બાર ભેદ ગણાયા છે. આ બાબતને લક્ષ્યમાં રાખીને જ અમે અહીં, તપ દ્વારા પ્રાપ્ત થતી વિશેષતારૂપે 'પ્રકૃષ્ટ નિર્જરા'નો નિર્દેશ કર્યો છે.

છેલ્લે એક મસ્ત વાતઃ **અગ્નિમાં તપવાથી સુવર્ણ મલમુક્ત બને છે... તપમાં તપવાથી આત્મા કર્મમુક્ત બને છે...**

◆ ◆ ◆

૨૩

જગતમાં આક્રમણની બોલબાલા છે...
જૈન શાસનમાં પ્રતિક્રમણની બોલબાલા છે...

પાપોનું શોષણ અને પુણ્યનું પોષણ કરવાની પ્રબળ પ્રેરણા આપતા પર્વાધિરાજ પર્યુષણાનો આજે સાતમો દિવસ છે. પર્યુષણા દ્વારા ઉપલબ્ધ થતાં આઠ અદ્ભુત આલંબનોની ચિંતનયાત્રામાં આજે આપણે વિચારીશું સાતમું આલંબન અને એના દ્વારા પ્રાપ્ત થતી વિશેષતા. એ સાતમું આલંબન છે **પ્રતિક્રમણ.**

પ્રતિક્રમણ તો પર્યુષણાની આરાધનાનું એક મહત્ત્વનું અંગ છે. જે જૈન વ્યક્તિ બાર માસમાં એકે ય પ્રતિક્રમણ ન કરતી હોય એ પણ સંવત્સરીનું પ્રતિક્રમણ તો અવશ્ય કરે જ. ભાવનાશીલ પુણ્યાત્માઓ એથી આગળ વધી પર્યુષણાસંબંધી સત્તર વારના પ્રતિક્રમણો કરે અને તેમાં પાંચ પૈકીના ચાર પ્રકારના પ્રતિક્રમણોની આરાધના એમને થઈ જાય. સંવત્સરી મહાપર્વનાં પ્રતિક્રમણનો નજારો નિહાળીએ તો ખ્યાલ આવે કે ત્યારે ઉપાશ્રયોમાં એક ઈંચ જગ્યા ખાલી ન બચે એ હદે આરાધકોની ભરચક ભીડ હોય. શું ભાઈઓનો ઉપાશ્રય કે શું બહેનોનો ઉપાશ્રય : સર્વત્ર આ સ્થિતિ પ્રાયઃ હોય. કારણ એમાં

છે પ્રતિક્રમણ પ્રત્યેની આસ્થા. આ પ્રતિક્રમણ દ્વારા ‘પ’ અક્ષરથી આરંભાતી જે વિશેષતા પ્રાપ્ત થાય તે છે **પાપનાશ.**

જગત ‘આક્રમણ’ શબ્દથી પરિચિત છે. પણ ‘પ્રતિક્રમણ’ શબ્દથી પરિચિત નથી. કેમ કે ‘પ્રતિક્રમણ’ માત્ર જૈન શાસનમાં જ પ્રયોજાતો પારિભાષિક શબ્દ છે. ‘શું છે આ પ્રતિક્રમણ?’ એમ જો કોઈ સામાન્ય સમજ ધરાવનાર જૈનને પૂછવામાં આવે તો એ એમ કહેશે કે ‘‘પ્રતિક્રમણ એક ચોક્કસ પ્રકારની વિશિષ્ટ ધર્મક્રિયા છે જે સાધુ - સાધ્વીભગવંતો અવશ્યમેવ નિત્ય બે વાર કરે અને ગૃહસ્થવર્ગ નિત્ય બે વાર અથવા અનુકૂળતાનુસાર કરે.’’ પરંતુ જૈન શાસ્ત્રો એના શબ્દાર્થ અને રહસ્યાર્થને એક જ શ્લોક દ્વારા બહુ સરસ પ્રસ્ફુટ આ રીતે કરે છે કે :-

स्वस्थानाद् यत् परस्थानं, प्रमादस्य वशाद् गतम्।
तत्रैव क्रमणं भूयात्, प्रतिक्रमणमुच्यते ।।

ભાવાર્થ કે આત્મા પ્રમાદનાં કારણે સ્વસ્થાનમાંથી પરસ્થાનમાં જતો રહ્યો હોય અને તે પછી એ પુનઃ સ્વસ્થાનમાં આવે તેને કહેવાય પ્રતિક્રમણ. જરા વિસ્તારથી સમજીએ આ વિધાન. પ્રતિક્રમણ શબ્દનો અર્થ છે પાછા વળવું. આત્મા પ્રમાદ - અનુપયોગ - રાગ - દ્વેષ વગેરેવશ પરસ્થાનમાં અર્થાત્ હિંસાદિ પાપસ્થાનોમાં પહોંચી ગયો હોય ત્યારે ત્યાંથી પુનઃ સ્વભાવમાં અર્થાત્ ક્ષમાદિ આત્મભાવો તરફ પાછો વળે તેને કહેવાય પ્રતિક્રમણ. શ્રાદ્ધપ્રતિક્રમણ વંદિત્તુ સૂત્રની ‘पडिसिद्धाणं करणे’ ગાથામાં પ્રતિક્રમણના જે ચાર હેતુઓ દર્શાવ્યા છે તેમાં પ્રથમ અને મુખ્ય હેતુ જ આ દર્શાવ્યો છે કે નિષિદ્ધ પાપચરણો આત્માએ કર્યાં હોય એના નાશ માટે પ્રતિક્રમણ છે. આ હેતુ સરસ રીતે સિદ્ધ થાય તો પ્રતિક્રમણ ખરા અર્થમાં ભાવપ્રતિક્રમણ બની આત્માને ચાર પ્રકારના જીવો પૈકી ક્રમશઃ ત્રીજા - બીજા અને આખર પ્રથમ સ્થાને પ્રતિષ્ઠિત કરે. આપણે નિહાળીએ એ ચાર પ્રકારના જીવો :

(૧) પાપશુદ્ધ :-

ચાર પ્રકારના જીવોમાં આ કક્ષાના પુણ્યાત્માઓ સૌથી શ્રેષ્ઠ છે. એમનાં જીવનમાં શુદ્ધિનું સ્તર એટલું ઉચ્ચ છે કે એમને હવે પ્રતિક્રમણક્રિયાની પણ આવશ્યકતા નથી. જૈન પરિભાષા મુજબ, સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકથી

લઈ ઉપર ઉપરના ગુણસ્થાનકોમાં વર્તતા મહાન આત્માઓ આ ભૂમિકા હાંસલ કરે છે. ‘ગુણસ્થાનક્રમારોહ’ નામે વિખ્યાત જૈનગ્રન્થમાં આ સાતમા ગુણસ્થાનવર્તી મહાત્માઓના સંદર્ભમાં સ્પષ્ટ લખાયું છે કે :-

इत्येतस्मिन् गुणस्थाने, नो सन्त्यावश्यकानि षट्।

सततं ध्यानसद्योगाच् – छुद्धिः स्वाभाविकी यतः।।

ભાવાર્થ કે સાતમા ગુણસ્થાનવર્તી મહાત્માઓને પ્રતિક્રમણની આવશ્યકતા એટલા માટે નથી કે સતત ધ્યાનયોગનાં કારણે એમનામાં શુદ્ધિ સ્વાભાવિક હોય છે. અલબત્ત, એક સ્પષ્ટતા કે આપણા જેવા માટે તો પ્રતિક્રમણ અવશ્ય જરૂરી જ છે.

(૨) પુરુષાર્થશુદ્ધ :-

આ પ્રકારના જીવોમાં પ્રમાદ હોવાથી એ પાપ કરી બેસે. પરંતુ પછી પ્રતિક્રમણનાં માધ્યમે એવો પુરુષાર્થ કરે કે એ શુદ્ધિ વરે. અરે! કેટલાક મહાન આત્માઓ એવા ય હોય છે કે જે પ્રતિક્રમણનાં માધ્યમે ઠેઠ તેરમું ગુણસ્થાન સર કરવા સુધીની છલાંગ લગાવી શાશ્વતી શુદ્ધિ વરે. આની પ્રતીતિ કરાવે છે બાલમુનિ અઈમુત્તામહર્ષિની ઘટના :

પ્રભુ મહાવીરદેવના સમયમાં થયેલ બાલદિક્ષિત આ અઈમુત્તા મુનિવરે એક વાર વર્ષાઋતુમાં, પાણીમાં કાગળની હોડી તરાવતા બાળકોને જોઈ બાલસુલભ રમતવૃત્તિથી એ પાણીમાં પોતાની પાત્રી તરવા મૂકી. શ્રમણને તો સચિત્ત જલના સ્પર્શનો પણ નિષેધ હોય. એથી વડીલમુનિવરની ટકોર થતાં બાલમુનિને જીવહિંસાનું પાપ થયાનો ખ્યાલ આવ્યો. સ્થાન પર આવી ‘ઈરિયાવહી’ નામે લઘુપ્રતિક્રમણ કરતાં કરતાં બાલમુનિવરનાં અંતરમાં એવો પરાકાષ્ઠાનો પશ્ચાત્તાપ પ્રગટ્યો કે તેઓ ત્યાં જ તેરમા ગુણસ્થાનકે પહોંચી કેવલજ્ઞાન વર્યા. એટલે કે શાશ્વતકાલીન શુદ્ધિ વર્યા. પ્રભુમહાવીરદેવનાં શાસનમાં સૌથી નાની વયે કેવલજ્ઞાની બનવાનું બહુમાન આ બાલમુનિ વર્યા અને એમાં માધ્યમ બની પ્રતિક્રમણની ધર્મક્રિયા.

(૩) પાપભીરુ :-

આ પ્રકારના જીવો કોઈ તેવા સંયોગોનાં કારણે યા સત્ત્વની શિથિલતાનાં કારણે પાપ કરે ખરા. પરંતુ એ અંગે એનું અંતઃકરણ રડતું હોય. એ પાપસેવનસમયે ય એમ જ વિચારે કે 'આ હું ગલત કરી રહ્યો છું. મારાથી આ દોષ ન જ સેવાય.' ઉદાહરણરૂપે, જૈન શાસનમાં રાત્રિભોજનને પાપ ગણવામાં આવ્યું છે. હવે ધારો કે એક જૈન વ્યક્તિ સંયોગવશ કે સત્ત્વની શિથિલતાવશ રાત્રિભોજન કરે છે. જો એ પાપભીરુ હશે તો રાત્રિભોજનસમયે પણ એના ભાવો એ રહેશે કે 'મારાથી રાત્રિભોજન ન જ કરાય. હું રાત્રિભોજન કરું છું એ અયોગ્ય છે.' અંતઃકરણપૂર્વકની આ પાપભીરુતાનું પરિણામ જે આવે છે એનો નિર્દેશ વંદિત્તુસૂત્રની પાંત્રીશમાં ગાથામાં પૂર્વાચાર્યોએ આ રીતે કર્યો છે કેઃ-

सम्मद्दिट्ठी जीवो, जइ वि हु पावं समायरे किंचि।
अप्पोसि होइ बंधो, जेण न निद्धंधसं कुणइ।।

ભાવાર્થ કે સમ્યગ્દૃષ્ટિ આત્મા જે કાંઈ પાપ કરે એનાથી એને પ્રમાણમાં અલ્પ કર્મબંધ થાય. કેમ કે એની પરિણતિ નિષ્ઠુર - ઘાતકી નથી હોતી, બલ્કે કોમળ હોય છે.

(૪) પાપનિષ્ઠુર :-

પાપના સંદર્ભમાં જીવોનો આ સૌથી કનિષ્ઠ પ્રકાર છે. આ પ્રકારના જીવો પાપો અત્યંત રસપૂર્વક કરે. પોતે ગલત કરે છે આવું કોઈ feeling એમને ન હોય અને એથી જ પાપ કર્યા બાદ એ લાજવાના બદલે ગાજે. આવી નિષ્ઠુર પરિણતિનાં કારણે એ જીવો પાપકરણી દ્વારા બહુ જાલિમ નિકાચિત કર્મબંધ કરે.

ભાવપૂર્વક થતું પ્રતિક્રમણ જીવને ચોથા પ્રકારમાં ન જવા દઈ ક્રમશઃ ત્રીજા - બીજા - પ્રથમ પ્રકારે પ્રતિષ્ઠિત કરે છે. માટે એનો અદ્ભુત મહિમા છે. આ સંદર્ભમાં અમે કહીશું કે **'જગતમાં આક્રમણની બોલબાલા છે... જૈન શાસનમાં પ્રતિક્રમણની બોલબાલા છે...'**

◆ ◆ ◆

૨૪

ક્ષમાપના છે સંવત્સરીનો સાર..
ક્ષમાપના છે જીવનનો શણગાર...

અંતરઆકાશે ક્ષમાપનાનો સૂર્યોદય કરવાની મજાની પ્રેરણા આપતા પર્યુષણામહાપર્વનો આજે સૌથી શ્રેષ્ઠ સંવત્સરી મહાપર્વનો દિન છે. પર્યુષણા દ્વારા પ્રાપ્ત થતા આલંબનોની આપણી અષ્ટદિવસીય ચિંતનયાત્રામાં આજે વિચારીએ અંતિમ આલંબન અને એના દ્વારા પ્રાપ્ત થતી વિશેષતા. એ આલંબન એટલે **ક્ષમાપના.**

સંવત્સરી મહાપર્વના આજના દિને સૌથી મહાન ધર્મકર્તવ્ય જો કોઈ અદા થતું હોય તો તે છે ક્ષમાપના. 'મિચ્છા મિ દુક્કડં'ના મશહૂર અને મન્ત્ર સમા શબ્દો દ્વારા આજે પ્રત્યેક જૈન વ્યક્તિ પરસ્પરના વિરોધ - મનદુઃખ વીસરી જઈ ક્ષમાપના કરશે. આત્માર્થી આરાધકો તો, વર્ષભરમાં જેની જેની સાથે અંતર સર્જાયું હોય એમને યાદ કરી કરીને એમની પાસે સામે પગલે જઈ ક્ષમાપના કરશે. અરે! આજે જે બારસો શ્લોકપ્રમાણ 'બારસાસૂત્ર' ગ્રન્થ વંચાશે એના અંતિમ સૂત્રોમાં ય 'ક્ષમાપના' પર વિશેષ ભાર અપાશે કેઃ- ''जो उवसमइ तस्स अत्थि आराहणा, जो न उवसमइ तस्स नत्थि आराहणा.''

મતલબ કે જે આરાધક ક્ષમાપના દ્વારા ઉપશાંત થાય છે એને જ આરાધનાનો વાસ્તવિક લાભ થાય છે. જે ઉપશાંત થતો નથી એ તપશ્ચર્યાદિ કરે તો પણ એને આરાધનાનો વાસ્તવિક લાભ ન થાય. આ ધર્મપ્રેરણા ઝીલીને જે આરાધક આત્મા ક્ષમાપના કરે છે એને 'પ' અક્ષરથી શરૂ થતી વિશેષતા પ્રાપ્ત થાય છે **પ્રેમ.**

આપણા સહુના અનુભવની એ બાબત છે કે જ્યાં સુધી હાર્દિક ક્ષમાપનાનો ભાવ વિકસ્વર નથી થતો ત્યાં સુધી આપણું અહિત કરનાર અપરાધી - દોષી વ્યક્તિ પર આપણાં ચિત્તમાં દ્વેષભાવ જ ઘુંટાતો રહે. 'એણે મને પરેશાન કર્યો માટે હું પણ એને પરેશાન કરું' આવી પ્રતિશોધની વૃત્તિજન્ય દ્વેષભાવ તે તે અપરાધી - દોષી વ્યક્તિ પર રહે. પરંતુ જ્યાં હાર્દિક ક્ષમાપનાનો ભાવ વિકસ્વર થાય ત્યાં વિચારશૈલી ધરમૂળથી બદલાઈ જાય. ક્ષમાશીલ બનેલ એ વ્યક્તિ વિચારશે કે 'મારું અહિત થવામાં મુખ્ય જવાબદાર એ અપરાધી જણાતી વ્યક્તિ નથી. એ તો માત્ર નિમિત્ત છે. મુખ્ય જવાબદાર તો મારાં પોતાનાં જ અશુભ કર્મો છે. એ કર્મોનાં કારણે જ મારું અહિત થયું છે. માટે ફક્ત નિમિત્તરૂપ સામી વ્યક્તિ માટે મારે ચિત્તમાં દ્વેષ - ધિક્કાર ઘૂંટવો નથી.' ક્ષમાશીલ વ્યક્તિની આ વિચારણાને બહુ હૃદયંગમ રીતે વિખ્યાત ગીતકાર સ્વ. પ્રવીણભાઈ દેસાઈએ એક ગીતપંક્તિમાં આ રીતે પ્રસ્તુત કરી છે કે :-

કરે નુકસાન જેઓ મને, તે તો કેવલ નિમિત્તો બધા;
ભાગ ભજવે છે મારાં કરમ, સાચું સમજાયું મારાં હૃદયમાં...

ક્ષણભર એમ થાય કે આપણને બહુ મોટું નુકસાન કોઈ દ્વારા થઈ રહ્યું હોય ત્યારે આવા ઉન્નત વિચારો ટકી શકે ખરા? અમે કહીએ છીએ હા. જો આપણી સમજદારી - ક્ષમાશીલતા ઉચ્ચ હદે વિકસી હોય તો આજે ય આ શક્ય છે. આની પ્રતીતિ કરવી હોય તો વાંચો આ સત્ય ઘટના :

અમારા ધર્મપરિચયમાં એક એવો પરિવાર છે કે જે આર્થિક ઉન્નતિની બહુ ઊંચી ટોચ પર છે. આ અવસ્થામાં ય એમના સંસ્કાર - ધર્મભાવના અને સેવાવૃત્તિ એવી જ્વલંત છે કે માનવસેવા - સાધર્મિકસેવાથી લઈ વિવિધ મહાન ધર્મકાર્યોમાં એમની દાનગંગા વહેતી જ રહે છે. એમાંનાં કેટલાય શુભ કાર્યો

નિયમિતપણે ગુપ્ત દાનથી ય થાય છે. આવા ભાવનાશીલ પરિવારના મોભીને પરેશાન કરવા એક રાજકારણી એવો હાથ ધોઈને લાગી ગયો કે સળંગ આઠ-દશ માસ મોટી હેરાનગતિ ચાલી. પરંતુ પુણ્યયોગે અને સચ્ચાઈનાં કારણે એ હેમખેમ પાર ઊતરી ગયા.

ઘટનાના થોડાં વર્ષ બાદ વાતવાતમાં એમના ધર્મપ્રાણ શ્રાવિકા અમને કહે : ''એ દશેક માસ દરમ્યાન હું નિત્ય પ્રભુને પ્રાર્થના કરતી હતી કે જે વ્યક્તિ તરફથી અમને તકલીફ આવી છે એ વ્યક્તિનું પણ કલ્યાણ થાઓ. અમારાં મનમાં એ વ્યક્તિ પર જરા ય દ્વેષની વૃત્તિ ન જાગે એવું પ્રભુ ! તમે સત્ત્વ આપજો.'' આ બિલકુલ સત્ય ઘટના જાણતાં એમ ચોક્કસ પ્રતીતિ થાય કે ક્ષમાશીલતા વિકસ્વર બને ત્યારે વિચારવાની પદ્ધતિ જ ધરમૂળથી બદલાઈ જાય અને અપરાધી વ્યક્તિ પર પણ દ્વેષભાવ જાગવાના બદલે પ્રેમભાવ - મૈત્રીભાવ જાગે.

એક મસ્ત વાક્ય વાંચ્યું હતું ક્યાંક કે **''હૈયું વિશ્વ જેવું વિશાલ બન્યું હોય. પરંતુ એમાં અપરાધી પ્રત્યે ય દ્વેષભાવ રાખવાની જરા પણ જગ્યા ન બચતી હોય તો સાચો પ્રેમભાવ પ્રગટ્યો છે એમ સમજજો.''** પ્રેમભાવ = મૈત્રીભાવનું ખરું લક્ષણ જ એ છે કે એમાં કોઈ જીવ પરાયા ન લાગે, અપરાધી જીવ પણ નહિ. આજના યુગમાં 'પ્રેમ' શબ્દના નામે ઘણી વિકૃતિ ફેલાઈ ગઈ છે. ક્યાંક વાસનાને પ્રેમનું **'Label'** અપાય છે, તો ક્યાંક ગરજ અને દંભના અંચળા નીચે થતાં મીઠા - ચાપલૂસ વ્યવહારને પ્રેમમાં ખતવી દેવાય છે. આપણે સંક્ષેપમાં પ્રેમના અધમ - મધ્યમ અને ઉત્તમ પ્રકાર વિચારીએ :

* અધમ પ્રકારનો પ્રેમ છે માત્ર જાત પ્રત્યેનો. આ પ્રેમ માત્ર જાતનો જ લાભ જુએ. આમાં વ્યક્તિની દરેક વૃત્તિ - પ્રવૃત્તિનું કેન્દ્રબિંદુ એ જ હોય કે મને શું મળે - મને શું લાભ થાય. આ વૃત્તિ - પ્રવૃત્તિ વ્યક્તિને એ હદે સ્વાર્થી બનાવી દે કે એ પોતાના લાભ ખાતર અન્યોનો ભોગ પણ લઈ લે. એથી આ **સ્વાર્થમય પ્રેમ** અધમ પ્રકારનો છે.

* મધ્યમ પ્રકારનો પ્રેમ છે પરિચિતો પ્રત્યેનો. આ પ્રેમ પરિચયમાં આવનાર સૌનો લાભ ઝંખે. કરુણાની - પરોપકારની ભાવના અહીં એટલે સુધી વિકસી

હોય છે કે માત્ર હું જ નહિ, મારા પરિચયમાં આવનાર પણ સુખી થાય. આ **પરાર્થમય પ્રેમ** મધ્યમ પ્રકારનો છે. કેમ કે એમાં પરિચયમાં ન હોય એવા સર્વ જીવો સુખી થાય તેવી કે પોતાને નુકસાન કરનાર જીવો સુખી થાય તેવી ભાવના હજુ પાંગરી નથી.

* ઉત્તમ પ્રકારનો પ્રેમ છે જીવમાત્ર પ્રત્યેનો. જીવ પરિચિત છે કે અપરિચિત, અપરાધી છે કે નિરપરાધી, દૃશ્ય છે કે અદૃશ્યઃ આવા કોઈ જ વિભાગ વિના જગતના જીવમાત્રનાં પારમાર્થિક હિતની ચાહના અહીં હોય છે. આ છે **પરમાર્થમય પ્રેમ.** આ પ્રેમની તાકાત એવી છે કે એ આત્માને પરમાત્મા બનાવી દે. આ સંદર્ભની એક મજેદાર કાવ્યપંક્તિ ખાસ ટાંકવા જેવી છે કે ''प्रेम जब अनंत हो गया...रोम रोम भगवंत हो गया...''

આજના સાંવત્સરિક પ્રતિક્રમણમાં સાચી ક્ષમાપના માટે આ સૂત્રપંક્તિ બોલાય છે કે ''मित्ती मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ.'' ભાવાર્થ કે મારે જગતના તમામ જીવો સાથે મૈત્રીભાવ છે, એક પણ જીવ સાથે વૈરભાવ નથી. આવી ક્ષમાપના આપણને આખરે ત્રીજા પ્રકારના ઉત્તમ પ્રેમમાં પ્રતિષ્ઠિત કરે. આવો, આપણે એ સ્તરે જવા સંકલ્પબદ્ધ બની કહીએ જાતને કેઃ ''**ક્ષમાપના છે સંવત્સરીનો સાર... ક્ષમાપના છે જીવનશણગાર...**''

◆ ◆ ◆

વહે ગંગા જ્ઞાનની : ધર્મકૃપા ટ્રસ્ટ

પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. દ્વારા અનુવાદિત-સંપાદિત સાહિત્ય

(૧) ભગવતીસૂત્રનાં પ્રવચનો
(૨) પંચમ શતક કર્મગ્રન્થ
(૩) શ્રી લઘુક્ષેત્રસમાસ
(૪) શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણવંદિત્તુ સૂત્ર
(૫) પ્રશ્નોત્તર મોહનમાળા
(૬) શ્રમણ ભગવાન મહાવીર
(૭) સમ્યગ્દર્શન
(૮) ષટ્ત્રિંશિકા ચતુષ્કપ્રકરણ
(૯) ધર્મજ્યોત
(૧૦) ધર્મસૌરભ
(૧૧) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧
(૧૨) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૨
(૧૩) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૩
(૧૪) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૪
(૧૫) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૫
(૧૬) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૬
(૧૭) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૭
(૧૮) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૮
(૧૯) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૯
(૨૦) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧૦
(૨૧) નવતત્ત્વસુમંગલાટીકાનો ગુર્જર ભાવાનુવાદ (૧૦ હજાર શ્લોકપ્રમાણ)

પૂ.આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ. દ્વારા લિખિત સાહિત્ય

(૨૨) ધર્મવાણી
(૨૩) ભક્તામર સ્તોત્ર અને રત્નાકર પચ્ચીશી
(૨૪) શ્રદ્ધાનું સંગીત
(૨૫) પર્યુષણાની પાવન પ્રેરણા
(૨૬) જીવનનું ઝવેરાત
(૨૭) પજુસણ આવ્યાં રે..
(૨૮) પગલું પડે તો પંથ ખૂલે
(૨૯) વન્દના...પાપનિકન્દના
(૩૦) રેતીમાં મોતી
(૩૧) રણ બને ઝરણ
(૩૨) મેઘધનુષ
(૩૩) દિવ્યધામ દર્ભાવતી
(૩૪) માયાનાં મૃગજળ
(૩૫) નમામિ વીરમ્
(૩૬) શ્રુતસૌરભ
(૩૭) શૂલ વચ્ચે ફૂલ
(૩૮) જીવન બને ઉપવન
(૩૯) આંખ ફરે અંતર ઠરે
(૪૦) પાઠશાળા પ્રવેશિકા
(૪૧) સૂર્યોદયનાં તેજ નિરાળાં
(૪૨) ચાલો પ્રતિક્રમણ કરીએ
(૪૩) कथा-कल्पवल्लि: (संस्कृत)
(૪૪) અન્તર્યામી સાથે અન્તર્યાત્રા
(૪૫) દર્ઈનં મોક્ષસાધનમ્
(૪૬) તું મેરા મનમેં તું મેરા દિલમેં
(૪૭) સ્વાતિનાં મોતી
(૪૮) પ્રેરણાનાં પુષ્પો
(૪૯) આવો આરાધના કરીએ
(૫૦) તમે મન મૂકીને વરસ્યા
(૫૧) सुगंध (हिन्दी)
(૫૨) નવપદ ધરજો ધ્યાન
(૫૩) દીવડો ધરો ...તિમિર હરો
(૫૪) સૌરભ
(૫૫) હૈયાના હસ્તાક્ષર
(૫૬) અંતરજ્યોત
(૫૭) મયૂરપંખ
(૫૮) વંદન હોજો વાર હજાર
(૫૯) પ્રેરણાદીપ
(૬૦) આદર્શોનું અમૃત
(૬૧) પાનું ફરે ...સોનું ઝરે ...
(૬૨) ધર્મધારા
(૬૩) ધર્મસિન્ધુ
(૬૪) યુગદિવાકર મહાગ્રન્થ
(૬૫) વિમલાચલ-વન્દના
(૬૬) ધર્મસેતુ

... દ્વારા પ્રકાશિત સાહિત્યની સૂચિ

(૬૭) હૈયે કરજો વાસ
(૬૮) મોતીની ખેતી
(૬૯) અમૃતનો આસ્વાદ
(૭૦) લોઢણપાર્શ્વ વસો મેરે દિલમેં
(૭૧) ખૂશ્બુનો ખજાનો
(૭૨) એક મૂઠી મોતી
(૭૩) પ્યારા ગુરુવર... ધર્મસૂરીશ્વર
(૭૪) ભીતર દીવા હજાર
(૭૫) વન થી વૃંદાવન
(૭૬) કલ્પસૂત્ર કુસુમાંજલિ
(૭૭) હયાતિના હસ્તાક્ષર
(૭૮) હસતા અક્ષર
(૭૯) માનસરોવરનાં મોતી
(૮૦) અજવાળાના અવતરણ
(૮૧) દરવાજે દસ્તક
(૮૨) સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ
(૮૩) અમૃતનું આચમન
(૮૪) વ્રત ધરીએ...ભવ તરીએ
(૮૫) મહામાનવ મોતીશાહ
(૮૬) પ્રેરણાનો પયગામ
(૮૭) પ્રેરણાના પારિજાત
(૮૮) પ્રેરણાનો પરાગ
(૮૯) પ્રેરણાનું પરબ
(૯૦) પ્રેરણાનું પંચામૃત
(૯૧) શ્રદ્ધાનું સરનામું : ચેમ્બુરતીર્થ
(૯૨) ચાલો શિખરજી જઈએ
(૯૩) ઝાકળભીનો ઉજાસ
(૯૪) હૃદયદીપ
(૯૫) સુખનું સરનામું
(૯૬) સુખના સૂરજમુખી
(૯૭) અમૃતની અંજલિ
(૯૮) નંદનવનનાં પુષ્પો
(૯૯) તિમિરથી તેજ
(૧૦૦) પરમને પ્રાર્થના
(૧૦૧) ઝાકળભીનાં પુષ્પો
(૧૦૨) તમે સૂરજ થઈને ચમક્યાં–મહાગ્રન્થ
(૧૦૩) મહેંક માર્ગાનુસારિતાની ...
(૧૦૪) વિચારસેતુ
(૧૦૫) આનંદનું એવરેસ્ટ
(૧૦૬) વાસંતી વાયરા
(૧૦૭) ભવ આલોચના
(૧૦૮) જ્ઞાનસારનાં જ્ઞાનતેજ
(૧૦૯) સૂર્યોદયસૂરિરાયા...પ્રેમે પ્રણમું પાયા
(૧૧૦) 'દિવ્ય' જીવનની જ્યોતિર્મય ઝલક
(૧૧૧) જ્યોત
(૧૧૨) વૈભવ
(૧૧૩) સુગંધનું સરનામું
(૧૧૪) 'અધ્યાત્મકલ્પદ્રુમ'નાં અજવાળાં
(૧૧૫) અક્ષરના દીવા
(૧૧૬) ઉદ્યોત
(૧૧૭) સાહિબ! તમે મારા છો
(૧૧૮) રત્નકિરણ

પૂ.આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.ના શિષ્ય-પ્રશિષ્ય દ્વારા લિખિત સાહિત્ય

(૧૧૯) नमामि नित्यं गुरुधर्मसूरिम् (संस्कृत)
(૧૨૦) મારા ગુરુવર ...ધર્મસૂરીશ્વર
(૧૨૧) प्रसंगपुष्पाञ्जलि: (संस्कृत)
(૧૨૨) ચિંતનની ચાંદની
(૧૨૩) મનનનાં મોતી
(૧૨૪) Treasure of Qualities
(૧૨૫) સૂર્યોદયનું સૌંદર્ય
(૧૨૬) सूर्योदयं सूरिवरं प्रणौमि
(૧૨૭) Entity of Supremacy
(૧૨૮) Bharat Chakravarti
(૧૨૯) Karma

૧૩૦ થી ૧૯૦

પૂ.આ.શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ. ની પ્રેરણાથી પ્રકાશિત ઈંગ્લીશ પુસ્તકો

શબ્દજ્યોતિનો ઝળહળાટ

"આસન્નોપકારી ચરમતીર્થપતિ પરમાત્મા શ્રી મહાવીરદેવની સ્તુતિ કરતાં, શ્રીસુયગડાંગ આગમસૂત્રટીકામાં એક સ્થળે ત્રણ મજાના શબ્દો પ્રસ્તુત કરાયા છેઃ **દેહજ્યોતિ, જ્ઞાનજ્યોતિ** અને **શબ્દજ્યોતિ.** પ્રભુનો નિર્વિકાર અને ઉપશમભાવમંડિત દેહ જ્યોતિરૂપ બને, ત્રણ લોકના સર્વ ભાવોને પ્રકાશિત કરતું પ્રભુનું કેવળજ્ઞાન પણ જ્યોતિરૂપ બને; પરંતુ પ્રભુનાં મુખેથી વહેતા શબ્દો ય જ્યોતિરૂપ બને એ જાણીએ ત્યારે અંતર એ શબ્દો પર અહોભાવથી ઓળઘોળ થઈ જાય. સામર્થ્ય છે એ પાવન શબ્દોનું કે જે જ્યોતિ બનીને અનેક આરાધકોનાં જીવનને અજવાળેઃ જાણે કે એ હોય છે **'અક્ષરના દીવા.'**

જેમ એ બોલાતા ઉપદેશવચનો જ્યોતિરૂપ છે, તેમ આગમોમાં– ઉત્તરવર્તી ગ્રંથોમા લખાયેલા ઉપદેશવચનો ય જ્યોતિરૂપ છે અને એથી એક ડગલું આગળ આગમોમાં–ગ્રંથોમાં પ્રભુમહાવીરદેવનાં પવિત્ર–પ્રેરક જીવનને આલેખતા શબ્દો પણ જ્યોતિરૂપ છે. કેમ કે એ બન્ને જ્યોતિ બનીને અગણિત આરાધકોનાં જીવનને અજવાળે છે. શ્રી ભગવતીસૂત્ર વગેરે આગમોમાં પ્રભુનાં ઉપદેશવચનોરૂપ જ્યોતિ ઝળહળે છે, તો 'કલ્પસૂત્ર' જેવા આગમોમાં પ્રભુનો જીવનાલેખ કરતાં વચનોરૂપ જ્યોતિ ઝળહળે છે. પ્રસ્તુત પુસ્તકમાં છે 'કલ્પસૂત્ર'ની શબ્દજ્યોતિનો ઝળહળાટ"...

- વિજયરાજરત્નસૂરિ
(આ પુસ્તકનાં 'લેખકીય નિવેદન'માંથી)

Designed & Printed by : JAYANT PRINTERY LLP Mumbai-2. Tel.: 4366 7171